ISSN-0971-8397

# યોજના

ઑક્ટોબર-૨૦૧૫ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૦

વિશેષાંક

## કૌશલ્ય વિકાસ : નવી ક્ષિતિજો સર કરવી

ભારતમાં કૌશલ્ય વિકાસનાં માળખાની પુનર્રચના

વંચિત સમુદાયનો વિકાસ અને રોજગારી

કૌશલ્ય વિકાસ : ભારતના વિકાસની ચાવી

વિશેષ લેખ :

હાથસાળનું સંરક્ષણ અને પ્રોત્સાહન

ફોકસ લેખ

નોખી માટીના નોખા માનવી :
ગાંધીજી અને સરદાર




## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**

Publications Division, Ministry of Information & Broadcasting,
Room No. 48-53, Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

| | |
|---|---|
| આગામી આકર્ષણ<br>નવેમ્બર ૨૦૧૫ | **વાહનવ્યવહાર ક્ષેત્ર (વિશેષાંક)**<br>**Transport Sector (Special Issue)** |

આયોજન અને વિકાસને સમર્પિત

ઑક્ટોબર-૨૦૧૫

વર્ષ : ૪૩ અંક : ૭ સળંગ અંક : ૭૭૮

# યોજના

મુખ્યતંત્રી : દીપિકા કચ્છલ
નાયબ નિયામક : અમિતા મારુ
તંત્રી : અજય ઈન્દ્રેકર

યોજના કાર્યાલય
લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

ભારતમાં કૌશલ્ય વિકાસના માળખાની પુનઃરચના
દિલીપ ચિનોય ........ ૫

વંચિત સમુદાયની રોજગારની ક્ષમતા વધારવા કુશળતાનો વિકાસ
સુનિતા સાંધી ........ ૮

હાથસાળનું સંરક્ષણ અને પ્રોત્સાહન
મોનિકા એસ. ગર્ગ ........ ૨૦

કૌશલ્ય વિકાસ : ભારતના વિકાસની ચાવી
ડૉ. સ્વાતિ મઝુમદાર ........ ૨૭

ભારતની વૃદ્ધિ માટે કુશળતાઓના વિકાસની આવશ્યકતા
એસ. એસ. મંથા ........ ૨૯

ભારત : ભાવિ વિશ્વનું કૌશલ્ય કેન્દ્ર
હસ્તીમલ જી. સાગરા ........ ૩૪

કૌશલ્યસભર ભારત – સમૃદ્ધ ભારત
ડૉ. એચ. સી. સરદાર ........ ૩૮

મહિલાઓ માટે કુશળતા વિકસાવવા આવશ્યક પરિબળો
દેવ નાથન ........ ૪૭

ભારતમાં કૌશલ્ય વિકાસમાં પહેલ કરતું ગુજરાત
સપના રાવલ ........ ૫૦

ઉચ્ચશિક્ષણમાં કૌશલ્ય નિર્માણનું એકીકરણ
કાંતિ મુંજપરા ........ ૫૪

ઔદ્યોગિક સુધારણા - ભારતને કૌશલ્યસભર બનાવવા તરફની મહત્ત્વની પહેલ
ઉમેશ ડી. કાસુન્દ્રા ........ ૫૬

ગાંધીજી એટલે ગાંધીજી - સરદાર એટલે સરદાર નોખી માટીના નોખા માનવી
પ્રભાકર ખમાર ........ ૬૦

ગ્રામીણ ભારતમાં હસ્તકલા ક્ષેત્રે કૌશલ્ય વિકાસ - એક આશા
અમીષા શાહ ........ ૬૩

### ટાઈટલ


| | | | | |
|---|---|---|---|---|
| • | આવરણ ડિઝાઈન | : | – | ૧ |
| • | યોજના જાહેરાત | : | આગામી આકર્ષણ | ૨ |
| • | કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી હવે ઈ-વર્ઝનમાં ઉપલબ્ધ | : | – | ૩ |
| • | પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો | : | – | ૪ |


**છૂટક નકલ : રૂ. ૨૦-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦, બે વર્ષ : રૂ. ૧૮૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૨૫૦-૦૦**
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજના

# તંત્રીલેખ

## કુશળ ભારત, સફળ ભારત




જાદુની છડી ફેરવીને સફળતા મળતી નથી. કોઈ ચમત્કાર મારફતે સફળતા મળતી નથી. સફળતા જ મેળવવા આવશ્યક કુશળતાઓ કેળવવી પડે છે. જે વ્યક્તિને સફળતા મેળવવી હોય તેણે જ કુશળતા કેળવવી પડે, અથાક પરિશ્રમ કરવો પડે, સંઘર્ષ કરવો પડે. અને આ સત્ય તમામ પેઢીને લાગુ પડે છે, ખાસ કરીને યુવા પેઢીને. કોઈ પણ દેશના સામાજિક અને આર્થિક વિકાસ માટે યુવા ઊર્જા પ્રેરક બળ છે. પણ આ માટે યુવા પેઢીને યોગ્ય દિશા મળવી જોઈએ અને તેમની ઊર્જાને સાચી દિશામાં વહેતી કરવી પડે. યુવા પેઢીને ગતિશીલ કરવા માટે કુશળતાનો વિકાસ અને રોજગારી શ્રેષ્ઠ માધ્યમો છે.

ભારત દુનિયામાં સૌથી વધુ યુવા વસતિ ધરાવે છે તેમ છતાં ભારતીય કંપનીઓ અને રોજગારદાતાઓ કુશળ લોકોની તીવ્ર ખેંચનો સામનો કરી રહ્યા છે. તેનું કારણ છે : ચોક્કસ કામગીરીઓ માટે જરૂરી કુશળતાઓનો અભાવ. વર્ષ ૨૦૧૪ના શ્રમ બ્યૂરોના અહેવાલ મુજબ ભારતમાં જે તે ક્ષેત્રમાં કામ કરવા માટે આવશ્યક કુશળતાઓ ધરાવતા લોકોનું પ્રમાણ ફક્ત બે ટકા છે. આ ઉપરાંત પરંપરાગત રીતે શિક્ષિત યુવા પેઢીમાંથી મોટાભાગના લોકોને રોજગારી માટે સક્ષમ બનાવવાનો પડકાર પણ છે. ભારતીય શિક્ષણ વ્યવસ્થા કુશળ અને ઉત્કૃષ્ટ યુવાનો ભેટ ધરવાની ક્ષમતા ધરાવે છે, પણ ચોક્કસ કામગીરી માટે જરૂરી કુશળતાઓનો અભાવ છે. કોલેજ અને યુનિવર્સિટીઓમાંથી બહાર નીકળતા યુવાનોની ક્ષમતાઓ અને રોજગારી મેળવવા જરૂરી કુશળતાઓ વચ્ચે મોટો ફરક છે. અંગ્રેજી બોલતી યુવા પેઢીમાં રાષ્ટ્ર અને સંપૂર્ણ વિશ્વની કૌશલ્યની જરૂરિયાતો પૂર્ણ કરવાની ક્ષમતા છે. પણ જરૂર છે યોગ્ય અને પૂરતા કૌશલ્ય સંવર્ધનની અને તાલીમની, જે યુવા પેઢીને ટેકનિકલ રીતે કુશળ અને સજ્જ માનવ સંસાધનના સૌથી મોટા સ્રોતમાં ફેરવી શકે.

સરકારે તાજેતરમાં સ્કિલ ઇન્ડિયા મિશન શરૂ કર્યું છે. તેનો આશય યુવા પેઢીને રોજગારી મેળવવા સજ્જ કરીને આ સમસ્યાનું સમાધાન કરવાનો છે તેમજ તેમને રોજગારી મેળવવા જરૂરી કુશળતાઓ સાથે સજ્જ કરવાનો છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૦ સુધીમાં ૪૦ કરોડથી વધારે લોકોને વિવિધ ક્ષેત્રોમાં તેમની પસંદગીની કુશળતાઓની તાલીમ આપીને તેમને રોજગારી મેળવવા માટે સક્ષમ બનાવશે. સર્વસમાવેશક અને સંતુલિત વિકાસ માટે તમામ સ્તરે કુશળ માનવ સંસાધનની જરૂર છે. બીજું, કુશળતાનો વિકાસ એ એકાંગી પ્રક્રિયા નથી. તે સંકલિત પ્રક્રિયા છે, જેમાં શિક્ષણનો રોજગારી સાથે સમન્વય કરીને કુશળતાની તાલીમ પ્રદાન કરવામાં આવે છે. સરકારી સંસ્થાઓ અને વ્યવસ્થા એકલા હાથે આ કામ કરી ન શકે. આ પ્રક્રિયામાં ખાનગી ક્ષેત્ર, બિનસરકારી સંસ્થાઓ, કુશળતાની તાલીમમાં અનુભવ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓને સહભાગી બનાવવી પડે છે. તમામ વિભાગ, બધા પાસાંને એકસરખું મહત્ત્વ આપવાની જરૂર છે.

યુવાનોને કૌશલ્ય પ્રદાન કરવા માટે શિક્ષણનું વ્યાવસાયિકરણ અતિ મહત્ત્વપૂર્ણ છે. સાથે સાથે મહિલાઓ, વંચિતો, આદિવાસીઓ વગેરે સમાજના અન્ય વર્ગોને તેમની વિવિધતા અને ચોક્કસ જરૂરિયાતોને અનુરૂપ તાલીમ આપવાની જરૂર છે. જ્યારે સૌથી વંચિત વર્ગોને તાલીમ પ્રદાન કરવામાં નિરક્ષરતા અવરોધરૂપ બની શકે છે, ત્યારે મહિલાઓને કુશળતાને તાલીમ પ્રદાન કરવામાં કુટુંબની સમસ્યાઓ અને સામાજિક મર્યાદાઓ પણ સમસ્યારૂપ બની શકે છે. કોઈ પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ પરિબળો પણ ધ્યાનમાં લેવા જરૂરી છે.

ભારત ઊંચી આર્થિક વૃદ્ધિના માર્ગે અગ્રેસર છે. તેને વિકાસના આગામી તબક્કામાં આગળ ધપાવવા આપણે કુશળતાને સંવર્ધિત કરવા ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે, જે વૈશ્વિક આર્થિક વાતાવરણ સાથે સાતત્યપૂર્ણ હોય. તેમાં પડકાર કુશળતાની તાલીમ માટે સુવિધાઓના વિસ્તરણમાં જ રહેલો નથી, પણ આંતરરાષ્ટ્રીય મંચ પર સક્ષમ બનવા કુશળતાની ગુણવત્તા સુધારવા અને વધારવાનો પડકાર પણ છે. કુશળતાના વિકાસ અને ઉદ્યોગસાહસિકતા માટે રાષ્ટ્રીય નીતિ ૨૦૧૫ - ઝડપ, ધારાધોરણ અને ટકાઉપણા સાથે કુશળતા વધારવાના પડકારને સફળતાપૂર્વક પાર પાડવાનું વિઝન રજૂ કરે છે. તેનો ઉદ્દેશ દેશની અંદર હાથ ધરવામાં આવતી કુશળતાની તમામ તાલીમ પ્રવૃત્તિઓ હાથ ધરવા એક માળખું પ્રદાન કરવાનો છે. તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બંને સ્તરે માંગ કેન્દ્રો સાથે કુશળતાની પ્રક્રિયાને જોડીને તેને પ્રમાણભૂત બનાવવા ઇચ્છે છે. પ્રયાસ અને કુશળતાનો સુભગ સમન્વય જ સફળતાને જન્માવે છે. સરકારે તાજેતરમાં કરેલી પહેલ સાથે કુશળતા વિકાસ કાર્યક્રમે 'આંદોલન'નું સ્વરૂપ લીધું છે. સરકારના આ પ્રયાસોના ફળ મળતાં થોડો સમય લાગી શકે છે, પણ લાંબાગાળે કુશળ ભારતીયો દેશને સુખી, સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્ર એટલે કે કુશળ ભારત તરફ દોરી જશે તેમાં શંકાને સ્થાન નથી. તો આવો ''કુશળ ભારત, સમૃદ્ધ ભારત''નું નિર્માણ કરીએ...

# ભારતમાં કૌશલ્ય વિકાસના માળખાની પુનઃરચના

દિલીપ ચિનોય



*સ્કિલ ઈન્ડિયા મિશન અને સ્કિલ પોલિસી ૨૦૧૫નો ઉદ્દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશમાં ૪૦ કરોડ યુવાનોને કૌશલ્ય પ્રદાન કરવાનો છે. આ પોલિસીનું હેતુ અર્થતંત્રને સક્ષમ બનાવવા ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે, જે ઉદ્યોગના ધારાધોરણો પર આધારિત ઝડપ અને ગુણવત્તા સાથે મોટા પાયે કુશળતા દ્વારા રોજગારી મેળવવા સજ્જ કર્મચારીઓ પ્રદાન કરે અને નવીનતા આધારિત ઉદ્યોગસાહસિકતાની શૈલી વિકસાવે, જે સંપત્તિ અને રોજગારીનું સર્જન કરી શકે, જેથી દેશમાં તમામ નાગરિકો માટે ટકાઉ આજીવિકા સુનિશ્ચિત કરી શકાશે.*

તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ વર્ષ ૨૦૧૪-૧૫ માટે જાહેર કરેલા વાર્ષિક અહેવાલમાં ઉલ્લેખ કર્યો છે કે ભારતની વૃદ્ધિની સંભવિતતા ક્રમશઃ વધી રહી છે અને વાસ્તવિક પ્રવૃત્તિના સંકેતો કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં ૭.૬ ટકાની વૃદ્ધિની શક્યતાને સમર્થન આપી રહ્યાં છે. આ અહેવાલ વધુમાં જણાવે છે કે બિઝનેસ કોન્ફિડેન્સ (વ્યવસાય કરવાનો વિશ્વાસ) મજબૂત જળવાઈ રહ્યો છે અને કેન્દ્રીય બજેટમાં માળખાગત ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલી જાહેરાતનો અમલ થવાની સાથે ખાનગી રોકાણ વધશે અને ઉપભોક્ત સેન્ટિમેન્ટ સુધરશે, ખાસ કરીને મોંઘવારીને સમાવતા સેન્ટિમેન્ટમાં સુધારો થશે. સમગ્ર દુનિયામાં મંદીના મોહાલ હોવા છતાં કેટલાંક માપદંડો સૂચવે છે કે ભારતની વિકાસગાથામાં દમ છે અને દેશનું અર્થતંત્ર સારી રીતે વિકસશે. ઝડપથી વિકાસશીલ દેશોમાં ભારત જ એકમાત્ર દેશ છે, જેની જીડીપી સુધારાના સંકેતો દર્શાવે છે.

સરકારે આર્થિક વૃદ્ધિને વેગ મળે તેવી પહેલ પણ હાથ ધરી છે. તેણે ભારતમાં ઉત્પાદન ક્ષેત્રમાં સ્થાનિક અને વિદેશી એમ બંને કંપનીઓને પ્રોત્સાહન આપવા અને તેમના ઉત્પાદનોનું વિદેશમાં વેચાણ કરવા એફડીઆઈ (પ્રત્યક્ષ વિદેશી રોકાણ)ના નિયમોને હળવા કર્યા છે. મેક-ઈન-ઈન્ડિયા વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદન પ્રવૃત્તિ વધારશે અને જીડીપીમાં તેમનું સ્થાન પ્રધાન વધશે તેવી અપેક્ષા છે. ઉત્પાદન પ્રવૃત્તિ વધવાથી કુશળ લોકોની રોજગારીમાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો થશે તેવી અપેક્ષા પણ છે. આ જ અભિયાન અંતર્ગત સરકારે તાજેતરમાં સ્કિલ ઈન્ડિયા અભિયાન લોંચ કર્યું છે, જે મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્માર્ટ સિટીઝ અને અન્ય અભિયાનો માટે પૂરક બનશે. રોજગારી મેળવવા માટે સજ્જ અને કુશળ લોકો જ આ રાષ્ટ્રીય અભિયાનોને સફળ બનાવશે, જેના પગલે દેશની આર્થિક વૃદ્ધિ થશે, જીડીપીમાં વધારો થશે અને માથાદીઠ આવકમાં વધારો થશે. યુવાનોને દેશની ભૌગોલિક વ્યાપકતાનો લાભ મળે અને પોતાની અંગત અને વ્યાવસાયિક વૃદ્ધિ માટે યોગ્ય દિશા મળે તે જરૂરી છે.

અત્યારે વિકસિત રાષ્ટ્રો પોતાને શિક્ષણ પ્રદાન કરવાની અતિ આધુનિક અને ટેકનિકલ પ્રક્રિયા દ્વારા ઊભા થયેલા પડકારને ઝીલવા તૈયારી કરી રહ્યાં છે ત્યારે ભારતની શૈક્ષણિક વ્યવસ્થામાં હજુ પણ સામગ્રીની પુનઃરચના થઈ રહી છે. વર્તમાન એનડીએ સરકારે દેશના યુવાનોની સાચી જરૂરિયાતો પર ધ્યાન

કેન્દ્રિત કરવા કેટલીક પહેલો શરૂ કરી લીધી છે. આપણું ધ્યાન હંમેશા શિક્ષણ પર કેન્દ્રિત છે, પણ કમનસીબે સંપૂર્ણ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું નથી. અત્યારે તાતી જરૂરિયાત સર્વાંગી વિકાસ સાધવાની છે, જેથી આપણે આપણી વસતિ વિષયક વિવિધતાનો સૌથી વધારે લાભ લઈ શકીએ અને તેની અંદર રહેલી આપણી સૌથી મોટી ક્ષમતાનો ઉપયોગ કરીને મહાસત્તા બની શકીએ. આગામી પાંચથી ૧૦ વર્ષ આપણા દેશ માટે અતિ મહત્ત્વપૂર્ણ છે, જેથી આપણે ભવિષ્યના પડકારોને પહોંચી વળીએ અને ભારતને દુનિયાના માનવ સંસાધનનું કેન્દ્ર બનાવી શકીએ.

જો ભારતને તેની વસતિનો લાભ લેવાનો યોગ્ય સમય છે તો તે અત્યારે જ છે. સપ્ટેમ્બર, ૨૦૧૩માં જાહેર થયેલા વસતિ ગણતરીના આંકડા મુજબ, ભારતમાં ૧૫થી ૨૪ વર્ષની વયજૂથ ધરાવતા લોકોની સંખ્યા વિશાળ છે. ભારતની વસતિમાં યુવાનોની સંખ્યા વધવાથી ટકાઉ રોજગારીનો મુદ્દો વધારે મહત્ત્વપૂર્ણ બની ગયો છે. તેની સાથે અનિયમિત આર્થિક વૃદ્ધિ ઉદ્યોગ માટે પડકારજનક છે.

અત્યારે દેશ સમક્ષ નોંધપાત્ર તક એ છે કે વિકસિત દેશોમાં અને કેટલાંક વિકાસશીલ દેશોમાં ૧૫થી ૬૦ વર્ષના લોકોની વસતિમાં ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે ભારતમાં આ વયજૂથમાં સામેલ લોકોની સંખ્યા વધશે. અર્થતંત્રમાં ઉત્પાદકતામાં સૌથી વધુ ફાળો આ વયજૂથ આપે છે. આ તકનો ફાયદો ઉઠાવી આપણે ભારતીય અર્થતંત્રને વૃદ્ધિના સાતત્યપૂર્ણ ચક્રમાં લાવી શકીએ અને નોંધપાત્ર પ્રમાણમાં રોજગારીનું સર્જન કરી શકીએ. એક અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૨માં આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત દર ૧૦૦માંથી ૧૫થી ૧૭ લોકો ભારતીય હશે.

અત્યારના આંકડા પ્રતિબિંબિત કરે છે કે ભારતની કાર્યકારી વસતિ વર્ષ ૨૦૪૦ સુધીમાં ચીનની કાર્યકારી વસતિ કરતા વધી જશે. સ્પષ્ટ છે કે આપણા દેશને કુલ કાર્યક્ષમ વસતિની દૃષ્ટિએ ફાયદો છે એટલે કે અર્થતંત્રમાં કાર્યરત લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. પણ આપણે ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરી શકે તેવી વસતિના વધારા પર જ નિર્ભર ન રહી શકીએ. દેશના આશરે ૫૦ કરોડ કામ કરતા લોકોમાંથી ૧૪ ટકા સંગઠિત અર્થતંત્રમાં કામ કરે છે અને ૮૬ ટકા લોકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. પડકાર એ છે કે આ ૮૬ ટકા સારી રીતે તાલીમબદ્ધ નથી કે રોજગારી બજારમાં માન્યતા ધરાવતા નથી.

અત્યારે શિક્ષણ, કૌશલ્ય તાલીમ અને રોજગારી વચ્ચે મોટા પાયે અસંગતતા છે. મેકિન્સીના અહેવાલ મુજબ, ફક્ત ૫૪ ટકા યુવાનોનું માનવું છે કે સેકન્ડરી એજ્યુકેશન પછી જ તેમની રોજગારીની તકોમાં સુધારો થયો હતો. ૫૬ ટકા વિદ્યાર્થીઓ હાઈ સ્કૂલ અને હાયર એજ્યુકેશન વચ્ચે શિક્ષણ છોડી દે છે. આ તમામ સ્થિતિ અને માન્યતાઓ વચ્ચે બહુ ઓછા લોકો રોજગારી મેળવે છે અને તાલીમબદ્ધ હોય છે. રિપોર્ટ એવું પણ સૂચવે છે કે ૫૩ ટકા ભારતીય કર્મચારીઓ પાસે કુશળતાની ખેંચ છે, જે પ્રવેશના સ્તરે જગ્યાઓ ખાલી રહેવાનું મુખ્ય કારણ છે. આ કારણે આપણે સ્પષ્ટપણે જોઈએ છીએ કે ભારતીય યુવાનોની આકાંક્ષા અને રોજગારદાતાઓની અપેક્ષાઓ વચ્ચે બહુ મોટો ફરક છે અને એટલે રોજગારી અને રોજગારી મેળવવાની ક્ષમતા વચ્ચે મોટો ફરક છે. અત્યારે દેશમાં સૌથી મોટો પડકાર ૨૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા લાખો લોકોને રોજગારી પ્રદાન કરવાનો છે, જે દેશની કુલ વસતિનો ૫૦ ટકા ભાગ છે.

આ કારણે દેશને કૌશલ્યનું મહત્ત્વ અને જરૂરિયાત સમજવાની જરૂર છે અને તમામ ઉદ્યોગો, મંત્રાલયો, કોર્પોરેટ અને વ્યક્તિઓએ ભારતને 'દુનિયામાં કૌશલ્યની રાજધાની' બનાવવા હાથ મિલાવવા જોઈએ અને સંયુક્તપણે કાર્ય કરવું જોઈએ. અત્યારે કૌશલ્ય વિકાસની સંપૂર્ણ સ્થિતિ અતિ હકારાત્મક લાગે છે, જે દુનિયામાં વિકાસશીલ બજારના અર્થતંત્ર તરીકે ભારતની સ્થિતિ મજબૂત કરી શકે છે અને તેના રોકાણ આકર્ષવાની અપીલમાં વધારો કરી શકે છે.

પ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ કદમ એ છે કે સરકારે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (એમએસડીઈ)ની રચના કરી છે. દેશમાં અત્યારે એનએસડીસી દ્વારા વર્તમાન કૌશલ્ય ઈકોસિસ્ટમમાં ૩૭ ક્ષેત્રીય કૌશલ્ય પરિષદો અને ૨૩૫ તાલીમ કેન્દ્રો સામેલ છે, જે દેશના ૪૫૦ જિલ્લાઓમાં ૩૬૧૧ કેન્દ્રો સાથે ભાગીદારી ધરાવે છે. બીજું મોટું કદમ નીતિઓનો અમલ સક્ષમ બનાવીને સરકારી સહાય અને માર્ગદર્શન સુનિશ્ચિત કરીને વર્તમાન વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવાનો છે. વિવિધ રોજગારીની ભૂમિકા માટે રાષ્ટ્રીય વ્યવસાય માપદંડો બનાવીને વિવિધ ક્ષેત્રો માટે કૌશલ્યકૃત પ્રક્રિયાઓને સહાય કરવા એમએસડીઈ અને એનએસડીસી

સંયુક્તપણે કામ કરે છે, જે સંબંધિત ક્ષેત્રમાં વ્યાવસાયિક તાલીમ માટે ધારાધોરણો અને અભ્યાસક્રમો નક્કી કરે છે. અત્યાર સુધી એનએસડીસીએ ૫૫ લાખ લોકોને તાલીમ આપી છે, જેમાંથી ૬૧ ટકાને નોકરી મળી છે. ઝડપ વધારીને તેમાં વધારો કરી શકાય છે, જેથી આપણે તમામ ઉદ્યોગોમાં ખૂટતાં કર્મચારીઓની સંખ્યા પૂર્ણ કરી શકીએ.

બીજી તરફ, સ્કિલ ઇન્ડિયા મિશન અને સ્કિલ પોલિસી ૨૦૧૫નો ઉદ્દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશમાં ૪૦ કરોડ યુવાનોને કૌશલ્ય પ્રદાન કરવાનો છે. આ પોલિસીનું હેતુ અર્થતંત્રને સક્ષમ બનાવવા ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે, જે ઉદ્યોગના ધારાધોરણો પર આધારિત ઝડપ અને ગુણવત્તા સાથે મોટા પાયે કુશળતા દ્વારા રોજગારી મેળવવા સજ્જ કર્મચારીઓ પ્રદાન કરે અને નવીનતા આધારિત ઉદ્યોગસાહસિકતાની શૈલી વિકસાવે, જે સંપત્તિ અને રોજગારીનું સર્જન કરી શકે, જેથી દેશમાં તમામ નાગરિકો માટે ટકાઉ આજીવિકા સુનિશ્ચિત કરી શકાશે.

૭૦થી વધારે અલગઅલગ કૌશલ્ય વિકાસ કાર્યક્રમો (એસડીપી) ચાલી રહ્યાં છે, જે દરેક લાયકાત, તાલીમના સમયગાળાના, તાલીમના ખર્ચ, પરિણામો, નિરીક્ષણ વગેરે બાબતોના પોતાના માપદંડો ધરાવે છે. ભારત સરકારે આ નીતિનું સુધારો કરવાનું મોટું પગલું ભર્યું છે, જે કૌશલ્ય વિકાસની પ્રક્રિયાઓ અને ઇનપુટ, આઉટપુટ, ખર્ચના નિયમો, થર્ડ પાર્ટી પ્રમાણપત્ર અને આકારણી, નિરીક્ષણની વ્યવસ્થા અને તાલીમ પ્રદાતાની પસંદગી અને છેવટે સામાન્ય લક્ષ્યાંક સહિતની વ્યવસ્થાઓને તર્કબદ્ધ કરવામાં મદદ કરશે.

ઉદ્યોગ કોર્પોરેટ અને પીએસયુ (સરકારી એકમો)માંથી સહભાગીતામાં વધારો પણ જુએ છે, જેઓ તેમની સીએસઆર પ્રવૃત્તિઓ યુવાનોને મદદ કરવા વિવિધ સંસ્થાઓ સાથે ધિરાણ આપવાની, માળખાગત સુવિધા પ્રદાન કરવાની, અગાઉના શિક્ષણને માન્યતા પ્રદાન કરીને, રાષ્ટ્રીય લાયકાત માળખું અને વ્યાવસાયિક ધારાધોરણો ઊભા કરવા વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારી કરે છે. પાવરગ્રિડ, એનટીપીસી, કોલ ઇન્ડિયા, અંબુજા સિમેન્ટ્સ, સીઆઇએફસીએલ, એસ્સાર અને કોકાકોલા જેવી કંપનીઓ તેના ઉદાહરણો છે. સરકારી સાહસો કૌશલ્ય વિકસાવવામાં તેમના કાર્યોમાં અતિ સક્રિય છે. ત્રણ સરકારી એકમો પાવરગ્રિડ, કોલ ઇન્ડિયા અને એનટીપીસી આ હેતુ માટે રૂ. ૨૦૦ કરોડથી વધારેનું પ્રદાન કરે છે.

બીજી તરફ એમએસડીઇના મુખ્ય કાર્યક્રમ પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય), સ્કિલ લોન સ્કીમ, દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયુ-જીકેવાય), નઈ મંઝિલ અને ક્રેડિટ ગેરેન્ટી ફંડ જેવી સરકારની વિવિધ પહેલો કૌશલ્ય વિકાસના આ ક્ષેત્રોમાં ચોક્કસ સુલભતા, સમાનતા, ગુણવત્તા, નવીનતા અને સંસ્થાકીય ધિરાણ વધારશે.

પીએમકેવીવાય જેવી યોજનાઓ કુશળતાનો સ્વીકાર કરીને નાણાકીય ઇનામ પ્રદાન કરીને યુવાનોને પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે અને તેનાથી તેમની રોજગારી મેળવવાની ક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો થશે. આ યોજનાનો ઉદ્દેશ અગાઉની આવડતને આધારે વ્યક્તિના કૌશલ્યને માન્યતા પ્રદાન કરવાનો છે. આગામી એક વર્ષમાં દેશમાં ૨૪ લાખ યુવાનોને રોજગારી આપવાનો લક્ષ્યાંક છે.

સંપૂર્ણપણે દેશમાં ફીલ-ગૂડ ફેક્ટર છે. સ્કિલ ઇકોસિસ્ટમ અત્યારે પ્રગતિશીલ ભારત માટે સ્પષ્ટ દિશા જુએ છે અને 'કુશલ ભારત, કૌશલ ભારત'ના એક હેતુ સાથે આપણને ઘડવાનો શ્રેષ્ઠ સમય છે. અર્થતંત્રના વિવિધ ભાગોમાં વૃદ્ધિ જોવા મળે છે. હવે સ્કિલ ઇન્ડિયા અભિયાન લોંચ થયું છે, જે વધુ અસરકારક રીતે વ્યાપક બનવાનો અભિગમ ધરાવે છે. આગામી પડકાર ઉદ્યોગ માટે વધતી જતી માગને પૂર્ણ કરવા તાલીમ ક્ષમતાનું સર્જન કરવાનો છે અને સશક્ત અને કૌશલ્ય કર્મચારીઓ માટે પૂરતી રોજગારી સુનિશ્ચિત કરશે.

**લેખક નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં મેનેજિંગ ડિરેક્ટર અને સી.ઈ.ઓ. છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# વંચિત સમુદાયની રોજગારની ક્ષમતા વધારવા કુશળતાનો વિકાસ

સુનિતા સાંધી



*૨૦૧૫ની રાષ્ટ્રીય નીતિ મુજબ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ, મહિલાઓ, શાળાનો અભ્યાસ પડતા મૂકનાર વિદ્યાર્થીઓ, વિકલાંગ લોકો અને અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો જેવા વંચિત જૂથોમાં કુશળતા વિકસાવવા સમાન સુલભતા મારફતે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તેમની રોજગારી મેળવવાની ક્ષમતા, ઉદ્યોગસાહસિકતા અને રોજગારીની સારી તકો સુલભ કરાવવાનો લક્ષ્યાંક ધરાવે છે. કેન્દ્ર અને રાજ્ય એમ બંને દ્વારા રોજગારીની ક્ષમતા વધારવા, તમામ માટે સમાન તકો પ્રદાન કરવા, આ વંચિત જૂથોની કુશળતાની જરૂરિયાત પૂર્ણ કરવા ઉદ્યોગસાહસિકતા અને રોજગારીનું સર્જન કરવા વિવિધ લક્ષિત પહેલો હાથ ધરવામાં આવી છે.*

ભારતને અત્યારે સૌથી મોટો ફાયદો તેની વસતિનો છે અને ૬૫ ટકા લોકો કામ કરી શકે તેવા વયજૂથમાં સામેલ છે. આ પ્રકારનો ફાયદો વસતિવિષયક સંક્રમણ દરમિયાન એક વખત મળે છે. સંયુક્ત રાષ્ટ્રના વર્ષ ૨૦૧૫ના વસતિવિષયક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતીયોની સરેરાશ વય ૨૯ હશે, જ્યારે ચીન અને અમેરિકાના લોકોની સરેરાશ વય અનુક્રમે ૩૭ વર્ષ અને ૪૫ વર્ષ હશે. આ વસતિવિષયક ફાયદો દુનિયાના માનવ સંસાધનનો સ્રોત બનવા અને સરેરાશ વયોવૃદ્ધ ઉંમર ધરાવતા દેશોના અર્થતંત્રોની જરૂરિયાત પૂર્ણ કરવાની તક પ્રદાન કરે છે. આ માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એમ બંને પ્રકારના બજારોની જરૂરિયાતોને અનુરૂપ શ્રમિકો પ્રદાન કરવા વર્તમાન અને નવા શ્રમિકોની કુશળતાને વધારવી પડશે, તેને નવેસરથી ઓપ આપવો પડશે અને નવી કુશળતાઓ કેળવવી પડશે. જો કે આ એક મોટો પડકાર છે, કારણ કે આપણે ત્યાં વ્યાવસાયિક શિક્ષણ માટેની આકાંક્ષાનો અભાવ છે, શૈક્ષણિક જગત અને કામગીરીની દુનિયા વચ્ચે જોડાણ નબળું છે કે જોડાણનો અભાવ છે, ગુણવત્તાયુક્ત તાલીમદાતાની ખેંચ છે અને વિવિધ વિસ્તારો અને જૂથોમાં વિવિધ કૌશલ્ય ધરાવતા લોકોની સંખ્યા ઓછી છે.

આઈએલઓ યૂથ એમ્પ્લોયમેન્ટ નેટવર્કે વર્ષ ૨૦૦૧માં યુવાન લોકોની રોજગારી માટે પ્રાથમિકતાના ક્ષેત્ર તરીકે ચાર ઈ- Employability (એમ્પ્લોયબિલિટી -રોજગારી મેળવવાની ક્ષમતા), Equal Opportunities for all (તમામ માટે સમાન તકો), Entrepreneurship (ઉદ્યોગસાહસિકતા) અને Employment creation (રોજગારીનું સર્જન)ની ઓળખ કરી છે. આઈએલસીએ વર્ષ ૨૦૦૦માં પસાર કરેલો એક ઠરાવ સૂચવે છે કે જ્યારે વ્યક્તિ પાસે વિસ્તૃત અને વ્યાપક શિક્ષણનો આધાર હોય અને તાલીમ લીધેલ હોય, ટીમ વર્ક, સમસ્યાનું સમાધાન કરવાની ક્ષમતા, આઈસીટી, સાક્ષરતા, ગાણિતિક ક્ષમતા જેવા ગુણો હોય ત્યારે તે રોજગારી મેળવવાને વધારે લાયક બને છે. આ કુશળતાઓ રોજગારી મેળવવાની ક્ષમતા વધારે છે. છેલ્લા સાત વર્ષમાં કુશળતા ધરાવતા લોકો વધારે ઉપલબ્ધ થાય તે માટે મોટી સંખ્યામાં નીતિગત પહેલો, વ્યવસ્થિત અને કાર્યક્રમ વિષયક આયોજનો હાથ ધરવામાં આવ્યાં છે, જેમાં સમાજના તમામ તબક્કાઓમાં ઉદ્યોગસાહસિકતા વિકસે અને વેતન

આધારિત રોજગારી ઊભી થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યાં છે અને વંચિત જૂથો માટે લક્ષિત કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે.

આ લેખ વંચિત જૂથોની કુશળતાઓ સુધારવા શ્રમ બજારની લાક્ષણિકતાઓ, નીતિગત પડકારો અને જરૂરી નીતિઓ પર કેન્દ્રિત છે.

**વંચિત જૂથો, શ્રમ બજાર અને કુશળતાનો વિકાસ**

પાયાનો પ્રશ્ન એ છે કે વંચિતો કોણ છે ? વંચિત વ્યક્તિ બે આધારે હોઈ શકે છેઃ એક, આવકની દૃષ્ટિએ ગરીબ જેવા આર્થિક પરિબળોને આધારે અને બે, જાતિ, વંશ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગારીની તકોની નબળી સુલભતા ધરાવતા ભૌગોલિક વિસ્તારો, અધવચ્ચે શાળા છોડનાર અને વિકલાંગ લોકો જેવા સામાજિક પરિબળોને આધારે[૧]. એટલે એકથી વધારે પરિબળોને કારણે વંચિતો હોય છે અને જૂથો પરસ્પર વિશિષ્ટ નથી. શિક્ષણ અને તાલીમ યુવાનોની મુખ્ય કુશળતાઓને વધારીને કામની ઉત્પાદકતા વધારે છે તે બાબતને ધ્યાનમાં રાખીએ તો નિરક્ષરતા અને શાળામાં અધવચ્ચે અભ્યાસ મૂકનાર અને ઓછા શિક્ષિત યુવાનો સૌથી વધુ વંચિતો છે, કારણ કે શિક્ષણ અને તાલીમનો અભાવ તેમને નાની ઉંમરે શ્રમ બજારમાં પ્રવેશ કરવાની ફરજ પાડે છે.[૨] તેમને ઓછો પગાર અને નીચી ગુણવત્તા ધરાવતી રોજગારી મળે છે, જે તેમને ગરીબીના વિષચક્રમાં ધકેલી દે છે અને સામાજિક રીતે પછાત બનાવે છે.[૩] એટલે કુશળતાના વિકાસ માટેના પરિણામો સમજવા શ્રમ બજારની સ્થિતિને સમજવી જરૂરી છે.

ભારતમાં શ્રમ બજારમાં બે પ્રકારના ક્ષેત્રો કાર્યરત છેઃ સંગઠિત ક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્ર. તેમાં ૯૨.૯ ટકા (૪૩૫.૬૬ મિલિયન) કામદારો અંસગઠિત ક્ષેત્રમાં અને ફક્ત ૮.૧ ટકા (૩૮.૫૬ મિલિયન) સંગઠિત ક્ષેત્ર[૪]માં કાર્યરત છે. ઉપરાંત તેમાંથી મોટા ભાગની રોજગારી ગ્રામીણ વિસ્તારોમાં અસંગઠિત ક્ષેત્રમાં છે. અત્યારે દેશની ૬૮ ટકા વસતિ ગ્રામીણ વિસ્તારોમાં જીવે છે. શ્રમ બજારમાં તમામ વયજૂથના લોકોમાં મહિલાઓની ભાગીદારી ઘટી રહી છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં. અત્યારે શ્રમ બજારમાં મહિલાઓની કુલ ભાગીદારી ૨૨.૫ ટકા છે.

શિક્ષણ ન મળવાના નુકસાનની દૃષ્ટિએ શ્રમ બજારમાં પ્રવેશતા ૩૦ ટકા લોકો અભણ છે અને અન્ય ૨૪ ટકાએ ફક્ત પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે. મૂળભૂત શિક્ષણ ધરાવતા શ્રમિકો આશરે ૩૦ ટકા છે, જેઓ માધ્યમિક અને તેનાથી વધારે શિક્ષણ ધરાવે છે.[૫] માધ્યમિક સ્તર સુધીના શિક્ષણમાં છોકરાઓ અને છોકરીઓનો અભ્યાસ અધવચ્ચે છોડી જવાનો દર પણ ચિંતાજનક છે. યુડીઆઈએસઈના ડેટા મુજબ (૨૦૧૩-૧૪), પાંચમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યા અગાઉ ૨૦ ટકા છોકરાઓ અને છોકરીઓ અને માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે અગાઉ ૪૭.૪ ટકા છોકરા-છોકરીઓ અભ્યાસ પડતો મૂકે છે. આ રીતે જોઈએ તો ફક્ત ૫૦ ટકા છોકરા-છોકરીઓ શિક્ષણ મેળવે છે. ૫૦ ટકા છોકરા-છોકરીઓ પાયાનું શિક્ષણ પણ મેળવતા નથી, જે તેમને નીચી ગુણવત્તાયુક્ત રોજગારીમાં ધકેલે છે. હકીકતમાં શ્રમ બજારમાં પ્રવેશ કરતા ફક્ત ૩ ટકા લોકો ઔપચારિક કુશળતાઓ ધરાવે છે અને અન્ય સાત ટકા અનૌપચારિક રીતે કુશળતાઓ મેળવે છે. (ઇયુએસ ૨૦૧૧-૧૨). બીજા શબ્દોમાં કહીએ તો ૯૦ ટકા શ્રમિકો પાસે કુશળતા આધારિત વ્યવસાયોની જરૂરિયાતો પૂર્ણ કરવા કોઈ કુશળતા નથી. તેમાં ઔપચારિક તાલીમ ધરાવતી મહિલાઓની સંખ્યા ૨.૭૯ મિલિયન છે, જે ઔપચારિક તાલીમ ધરાવતા ૮.૬૩ મિલિયન પુરુષોની સરખામણીમાં અતિ ઓછી છે. અનૌપચારિક તાલીમના કિસ્સામાં પણ આવું જ છે.

ક્ષેત્ર મુજબ વહેંચણીની દૃષ્ટિએ જોઈએ તો ૪૮ ટકા લોકો કૃષિ ક્ષેત્રમાં કામ કરે છે, જે જીડીપીમાં આશરે ૧૬ ટકા પ્રદાન કરે છે. તે ઉત્પાદકતાનું નીચું સ્તર અને બેરોજગારી સૂચવે છે. કૃષિ ક્ષેત્રમાં કાર્યરત મોટાભાગના લોકો પોતાની રીતે રોજગાર મેળવે છે. ઉપરાંત મોટી સંખ્યામાં લોકો નિર્માણ જેવા બિનઉત્પાદિત ક્ષેત્રમાં ઓછા પગારે કામ કરે છે.

તે પણ જોવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૧ની વસતિગણતરી મુજબ, વિકલાંગ લોકો ૨.૬૮ કરોડ છે, જેમાંથી ૧.૫૭ કરોડ લોકો કાર્યકારી વયજૂથમાં છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિના કાયદા, ૧૯૯૫નો અમલ થવા છતાં અર્થપૂર્ણ રોજગારી મેળવવાની તેમની જરૂરિયાતો પૂરી થતી નથી. ગ્રામીણ વિસ્તારોમાં સ્વાસ્થ્યની નબળી સેવાઓ ધરાવતા અને સામાન્ય ગરીબી ધરાવતા વર્ગમાં વિકલાંગ વ્યક્તિઓનું પ્રમાણ વધારે છે. ગ્રામીણ વિસ્તારોમાં વિકલાંગ વ્યક્તિઓ કુશળતા અને શ્રમ બજાર વંચિત રહી જાય છે.[૬]

યુવાનો અતિ નબળા હોવાનું જાણવા મળ્યું છે. એનએસએસઓ ઇયુએસ ૨૦૧૧-૧૨ મુજબ, તમામ વયજૂથના લોકોમાં બેરોજગારીનો દર પુરુષોમાં ૨.૪

ટકા અને મહિલાઓમાં ૩.૭ ટકા હતો, જ્યારે ૧૫થી ૨૯ વર્ષના યુવાનોમાં વિવિધ કેટેગરીમાં તે ૬.૧ ટકાથી ૧૫.૬ ટકા વચ્ચે અલગ પ્રમાણમાં હતો. શહેરી મહિલા ૧૫.૬ ટકા સાથે સૌથી ઊંચી બેરોજગારી ધરાવતી હતી. આ માટે અનુકૂળ તકોની ઇચ્છા કે સામાજિક નિયંત્રણો જવાબદાર હોઈ શકે છે. જ્યારે ૧૫થી ૨૯ વર્ષ વચ્ચેના વયજૂથની અંદર ઉપલબ્ધ રોજગારી અને અપેક્ષાઓ વચ્ચે મેળ બેસતો ન હોવાથી ૧૫થી ૧૯ વર્ષના વયજૂથ માટે બેરોજગારી વધારે હતી.[૭] ગ્રામીણ વિસ્તારોમાં વધુ યુવાનો કૃષિમાં સંકળાયેલા છે. કુશળતા અને તેને અનુરૂપ યોગ્ય રોજગારી ઉપલબ્ધ ન હોવાના કારણે ઔપાચારિક રીતે શિક્ષિત અને વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ યુવાનોમાં પણ બેરોજગારીનો દર વધારે જોવા મળ્યો હતો. તે જોવા મળ્યું હતું કે તમામ કેટેગરીમાં વિકલાંગ યુવાનો હાંસિયામાં ધકેલાઈ જવાનો અને સમાજમાંથી અલગ પડી જવાનું વધારે જોખમ ધરાવતા હતા. એનએસએસઓ પાસે ઉપલબ્ધ આંકડા દર્શાવે છે કે ૧૫થી ૨૪ વર્ષના વયજૂથના લોકો ઝડપથી બેરોજગાર થવાનું જોખમ ધરાવે છે, કારણ કે તેઓ શ્રમ બજારમાં ઓછા પગારે જોડાય છે અને જ્યારે તેમને અનુકૂળ રોજગારી મળતી નથી ત્યારે તેઓ બજારમાંથી બહાર નીકળી જાય છે. બેરોજગારીના ઊંચા દર માટે રોજગારી શોધવામાં નિષ્ફળતા કે સક્ષમતાનો અભાવ કે તાલીમની તકનો અભાવ કે કુશળતા માટેની ઓછી માંગ જવાબદાર હોઈ શકે છે. યુવાનોમાં બેરોજગારી વધારે હોવાથી ઓછી ઉત્પાદકતા, કુશળતાનું ધોવાણ, સક્રિયતાનું ઘટતું સ્તર અને સામાજિક અસમાનતામાં વધારો જેવા પરિણામો જોવા મળે છે. જો કે બેરોજગારીની સમસ્યાનું નિવારણ કરવા એકમાત્ર કુશળતામાં વૃદ્ધિથી થઈ ન શકે. હકીકતમાં કુશળતા માટે રોજગારીની તકો પણ ઉપલબ્ધ હોવી જોઈએ. વંચિત જૂથોના વર્ગીકરણનું આ વિશ્લેષણ સમસ્યાઓને ઉજાગર કરે છે અને કુશળતાના વિકાસ મારફતે રોજગારી મેળવવાની ક્ષમતા વધારવાના પડકારો દૂર કરવાના વિકલ્પો શોધવા સૂચવે છે.

**વંચિત જૂથની સમસ્યાઓ અને પડકારો**

આઈએલઓ જીવનચક્ર સંકેતો સૂચવે છે કે નાની વયે નબળાઈઓ અને ખામીઓ દૂર કરવાની જરૂર છે, જેથી લોકોને વધુ સારી નોકરી મળે તે માટે સક્ષમ બનાવી શકાય.[૮] ભારતમાં આજે પણ ૭૦ ટકા લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે તે બાબતને ધ્યાનમાં રાખીએ તો ગ્રામીણ પરિવારોને ખેતીવાડી અને ઉત્પાદન, ધિરાણ અને શ્રમ બજાર સાથે યોગ્ય જોડાણ ધરાવતી સંબંધિત પ્રવૃત્તિઓમાં કુશળતા પ્રદાન કરવાની જરૂર છે. તેનાથી મહિલાઓની ભાગીદારી વધશે અને ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં ઓછા પગારે અનૌપચારિક ક્ષેત્રોમાં સ્થળાંતર ઘટશે. શિક્ષણની નબળી ગુણવત્તા અને કુશળતાનું નીચું સ્તર બાળકોને શાળાનો અભ્યાસ છોડવાની ફરજ પાડે છે અને અનૌપચારિક ક્ષેત્રમાં ઓછા પગારે બાળમજૂરી વધે છે. અત્યારે પડકાર ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો અને બાળકો અને માતાપિતાઓને શિક્ષણના ફાયદા સમજાવવાનો અને સારી નોકરી મળે તે માટે તાલીમ આપવાનો છે.

વિવિધ ભૌગોલિક સ્થાનોમાં ફેલાયેલા અનૌપચારિક ક્ષેત્રમાં કુશળતાની જરૂરિયાત પૂર્ણ કરે તેવા અતિ ઓછા કાર્યક્રમો ચાલે છે. કામદારો નીચા પગારની નોકરી સ્વીકારે છે અને ત્યાં જ કામ શીખે છે. ઔપચારિક સંસ્થાઓમાં તાલીમને જોડવાનો પડકાર છે, જેથી યુવાનોને કામ માટે જરૂરી કુશળતાઓ શીખવા સંસ્થામાં રહેવાનો ફાયદો મળે. શાળા અધવચ્ચે છોડી જવામાં છોકરાઓ કરતા છોકરીઓની સંખ્યા વધારે છે, જે માટે મહિલા શિક્ષકો, હોસ્ટેલ અને પરિવહન સુવિધાની અનુપલબ્ધતા જેવા પરિબળો જવાબદાર છે. કૌશલ્ય ધરાવતા કાર્યક્રમો પુરુષો માટે વધારે અનુકૂળ હોય તેવા વેપાર તરફ પૂર્વગ્રહ ધરાવે છે, જે છોકરીઓને કૌશલ્ય ગ્રહણ કરવાથી વધારે વંચિત કરે છે. છોકરીઓને આ પ્રકારની સુવિધાઓ પ્રદાન કરવી જોઈએ અને તેમની ભાગીદારી વધારવા અનુકૂળ અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ.

૧૫થી ૨૪ વર્ષની વયજૂથ ધરાવતા અક્ષરજ્ઞાન ધરાવતા લોકો વચ્ચે ટકાઉ હસ્તક્ષેપ કરવાની જરૂર છે. વંચિત બાળકોને શાળામાં સાક્ષર અને સંખ્યાકીય જ્ઞાન આપવા જાળવી શકાય તો તેમની રોજગારીની સંભવિતતા વધારી શકાય છે. આ માટે સબસિડીઓ, વિશિષ્ટ પ્રિસ્કૂલ કાર્યક્રમ અને શાળાની ગુણવત્તા પર ધ્યાન આપવા જેવી કામગીરીની જરૂર છે.

આ વિકલાંગ લોકો શ્રમ બજારમાં પ્રવેશવા કેટલાંક અવરોધોનો સામનો પણ કરે છે, જેમ કે શિક્ષણ અને તાલીમનો અભાવ, નાણાંકીય સંસાધનોનો અભાવ, કાર્યસ્થળ કે વ્યવસાયનો પ્રકાર અને વિકલાંગ લોકો પ્રત્યે રોજગારદાતાની વિભાવના. તેમાં મુખ્ય ભૂમિકા વ્યક્તિઓ પોતે, સરકાર, રોજગારદાતાઓ અને

બિનસરકારી સંગઠનો ભજવે છે, જે પડકારો અને મર્યાદાનો સામનો કરે છે, જે ભારતમાં વિકલાંગ વ્યક્તિઓની રોજગારી વધારવા માટે અવરોધ તરીકે કામ કરે છે. તમામ માટે અને ખાસ કરીને વંચિત જૂથ માટે તાલીમ પછી સ્વરોજગાર માટે યુવાનને તૈયાર કરવાનો પડકાર હોય છે, ટેકનિકલ તાલીમ સાથે સંકલિત ઉદ્યોગસાહસિકતાની તાલીમ, ઉત્પાદન, ધિરાણ અને રોજગાર બજારની કડીઓની દૃષ્ટિએ માળખાગત સમર્થન પ્રદાન કરવાનો પડકાર હોય છે.

આ બધા ઉપરાંત મોટો પડકાર કુશળતા માટે સ્થાનો,ભૂગોળ,જાતિ, સામાજિક અને ધાર્મિક જૂથો, ઓછું શિક્ષણ અને કુશળતાના સ્તરની દૃષ્ટિએ લક્ષિત જૂથોની વિવિધતા જટિલ છે. ઝડપી આર્થિક વૃદ્ધિ અને બદલાતી ટેકનોલોજી માટે યુવાનોએ સારી રોજગારી મેળવવા તેમની ક્ષમતા વધારવાની જરૂર છે. આ માટે શિક્ષણ, તાલીમ અને રોજગારીની તકો સુલભ કરવાની જરૂર છે, જે સતત સામાજિક, આર્થિક, જાતિ, ભૌગોલિક સ્થાનો, માળખાગત સુવિધાઓ વગેરે દ્વારા નક્કી થાય છે.

### શિક્ષણ અને કુશળતાઓ સુધારવા માટેના હસ્તક્ષેપો

શ્રમબજારમાં કાર્યરત મોટું શ્રમબળ કે શ્રમબજારમાં પ્રવેશ કરતા લોકો મૂળભૂત શિક્ષણ અને રોજગારી મેળવવાની ક્ષમતાના કૌશલ્યોના અભાવને ધ્યાનમાં લઈએ તો શિક્ષણ અને તાલીમ માટે યોગ્ય પહેલની જરૂર છે. શિક્ષણના અધિકારનો કાયદો, ૨૦૦૯ અને રાષ્ટ્રીય શિક્ષા માધ્યમિક અભિયાન જેવી પહેલનો ઉદ્દેશ શાળામાંથી અધવચ્ચે અભ્યાસ છોડી જતા બાળકોની સંખ્યા ઘટાડવાનો અને માધ્યમિક સુધી મૂળભૂત શિક્ષણ સુધારવાનો છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય રહેવાસ કાર્યક્રમનો ઉદ્દેશ શાળામાં કન્યાઓની હાજરીને વધારવાનો છે. આર્થિક, સામાજિક વંચિત, લઘુમતિ અને વિકલાંગ જૂથો માટે શિષ્યવૃત્તિના કાર્યક્રમોનો ઉદ્દેશ શાળામાં આ જૂથોમાંથી વિદ્યાર્થીઓની સહભાગિતા વધારવાનો અને તેમની હાજરી જાળવી રાખવાનો છે તેમજ મૂળભૂત શિક્ષણ પૂર્ણ કરવાનો છે. ઉપરાંત વિવિધ જૂથો માટે ઉચ્ચ શિક્ષણ મેળવવાની સુવિધા પ્રદાન કરવાનો છે.[૯] મહિલા શિક્ષકો વધારવાના, સામુદાયિક ભાગીદારી વધારવાના અને સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલયોનું નિર્માણ કરવા જેવા પ્રયાસો એવા કેટલાંક પગલાં છે, જે શિક્ષણ અને તાલીમ પ્રક્રિયામાં મહિલાઓની સહભાગિતા વધારે છે. પણ વધારે જરૂર વ્યાપક આધાર ધરાવતી પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે અને સમુદાયો અને શિક્ષકોને જાતિના આધારે વ્યવસાયિક ભેદભાવ ટાળવાની છે. રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન (એનએલએમ) નિશ્ચિત સમયમર્યાદામાં ૧૫થી ૩૫ વર્ષના વયજૂથમાં અભણ લોકોને અક્ષરજ્ઞાન આપે છે.

કુશળતાના વિકાસના ક્ષેત્રમાં અત્યાર સુધી કાર્યક્રમો સરકાર સંચાલિત રહ્યાં છે અને કેટલાંક કેસમાં ઉદ્યોગોએ કર્મચારીઓને જાળવવા તેમને સક્ષમ બનાવવા કાર્યક્રમો હાથ ધર્યા છે. અત્યારે જરૂરિયાત માગ આધારિત કુશળતાને વિકસાવવાની છે, જે ઉદ્યોગની જરૂરિયાત પૂર્ણ કરે છે. કુશળતા વિકાસ અને ઉદ્યોગસાહસિકતા, ૨૦૧૫ની રાષ્ટ્રીય નીતિ મુજબ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ, મહિલાઓ, શાળાનો અભ્યાસ પડતા મૂકનાર વિદ્યાર્થીઓ, વિકલાંગ લોકો અને અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો જેવા વંચિત જૂથોમાં કુશળતા વિકસાવવા સમાન સુલભતા મારફતે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તેમની રોજગારી મેળવવાની ક્ષમતા, ઉદ્યોગસાહસિકતા અને રોજગારીની સારી તકો સુલભ કરાવવાનો લક્ષ્યાંક ધરાવે છે. કેન્દ્ર અને રાજ્ય એમ બંને દ્વારા રોજગારીની ક્ષમતા વધારવા, તમામ માટે સમાન તકો પ્રદાન કરવા, આ વંચિત જૂથોની કુશળતાની જરૂરિયાત પૂર્ણ કરવા ઉદ્યોગસાહસિકતા અને રોજગારીનું સર્જન કરવા વિવિધ લક્ષિત પહેલો હાથ ધરવામાં આવી છે. આ પહેલો ક્ષમતાના વિસ્તરણ અને ખાનગી ક્ષેત્રની સક્રિય સહભાગિતાની જરૂરિયાત સૂચવે છે. તેમાં એ બાબત પણ બહાર આવી છે કે પરિણામ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે, નહીં કે તાલીમાર્થીઓની સંખ્યા પર અને વધુ સારા પરિણામ માટે પરસ્પર વ્યાપ્ત કાર્યક્રમોને મિશ્ર કરવાની જરૂરિયાત પણ જણાય છે. શિક્ષણ અને તાલીમમાં રોકાણનો વધારો કામદારોની રોજગારીની ક્ષમતા પર અસર કરશે, ઉદ્યોગની ઉત્પાદકતા વધારશે અને સર્વસમાવેશક આર્થિક વૃદ્ધિ અને સામાજિક સમન્વય તરફ દોરી જશે.[૧૦]

**શાળામાં હાજરી જાળવવી :** વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવાની જરૂર છે. ભારતમાં કેન્દ્ર અને રાજ્ય બંને સરકારો શિષ્યવૃત્તિનું પ્રત્યક્ષ હસ્તાંતરણ, છાત્રાવાસની સુવિધાઓ, મધ્યાહ્ન ભોજન વગેરે વિવિધ પ્રોત્સાહન પ્રદાન કરે છે, જે શાળામાં હાજરી વધારવા પ્રેરક

પરિબળો છે. વાલીઓને પણ આવકની સુરક્ષા માટે મનરેગા, અટલ પેન્શન યોજના, પીએમ સુરક્ષા વીમા યોજના જેવી સામાજિક સુરક્ષાઓ પણ પ્રદાન કરવામાં આવી છે. આ યોજનાઓથી માતાપિતાઓ તેમના બાળકોનો અભ્યાસ જાળવી રાખવા પ્રોત્સાહિત થશે અને તેમને મજૂરી કરવા માટે નહીં મોકલે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તેમાં જરૂરિયાત અમલીકરણ પર નજર રાખવાની છે અને બાળકો વર્ગોમાં હાજર રહે તે સુનિશ્ચિત કરવાની છે. આ માટે સતત નજર રાખવાની અને અભ્યાસ અધૂરો મૂકી શકે તેવા બાળકોને સલાહ અને ઉચિત માર્ગદર્શન આપવાની જરૂર છે. અંતરિયાળ વિસ્તારોમાં દૂરસ્થ શિક્ષણ કે ઇ-લર્નિંગ પદ્ધતિઓ દ્વારા મૂળભૂત શિક્ષણ પ્રદાન કરવું જરૂરી છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ઓપન સ્કૂલિંગ આ દિશામાં એક કદમ છે. શાળામાં અભ્યાસ કરવા માટે બીજી તક પ્રદાન કરવાની જરૂર છે. આ સંબંધે પ્રથમ એક નવીન પહેલ છે. પ્રથમ ઓપન સ્કૂલ ઓફ એજ્યુકેશન (પીઓએસઈ) કાર્યક્રમ છોકરીઓ અને મહિલાઓને સહાય કરે છે, જેમણે શાળનો અભ્યાસ અધવચ્ચે પડતો મૂકવાની ફરજ પડી હતી. સાથે સાથે આ સંસ્થા તેમને વધારે રોજગારક્ષમ બનાવવા જીવન કુશળતાઓ સંપાદિત કરવા અને શાળામાં અભ્યાસ અધૂરો મૂકતા અટકાવવા માર્ગદર્શન પણ પ્રદાન કરે છે. આ પ્રકારના પ્રયાસો વધારવા જરૂરી છે.

**શાળાનું માળખું સુધારવું :** શાળામાં વિદ્યાર્થીઓની હાજરી જાળવી રાખવી જરૂરી છે, જે માટે શાળામાં પર્યાપ્ત માળખાની જરૂર છે. ભૌતિક માળખું અને મહિલાઓ શિક્ષકો સહિત માનવીય સંસાધનોની ઉપલબ્ધતાની દૃષ્ટિએ શાળાનું માળખું સારું હોય તો વિદ્યાર્થીઓની હાજરી જળવાઈ રહે છે. અનેક સામાજિક જૂથો મહિલાઓ શિક્ષકોના અભાવે તેમની છોકરીઓને શાળાએ મોકલતા નથી. શિક્ષકોની મોટી ખેંચ છે અને વધારે ખેંચ જનસંખ્યાની દૃષ્ટિએ લાભદાયક રાજ્યોમાં શિક્ષણનું સારું વાતાવરણ ઊભું કરવા સારી ગુણવત્તા ધરાવતા શિક્ષકોની ભરતી જરૂરી છે. ભારતમાં ૧૧ ટકા પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક છે અને ૪૦ ટકા શિક્ષકોની જગ્યા ખાલી છે. તમામ વિસ્તારોમાં શિક્ષકોની ભરતી વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે કરવી જરૂરી છે.

**કાર્યની દુનિયા સાથે શિક્ષણ, તાલીમનું જોડાણ :** શિક્ષણ, તાલીમ વ્યવસ્થા અને કામની દુનિયા વચ્ચે સંબંધ સ્થાપિત કરવાની જરૂર છે. ધોરણ નવથી વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત બાળકોને શાળામાં રહેવા પ્રેરિત કરશે અને તેમને કામ માટે મુખ્ય કુશળતાઓ પણ શીખવા મળશે. ગ્રામીણ વિસ્તારોમાં તાજેતરમાં એપ્રેન્ટિસશિપ પ્રોત્સાહન યોજના શરૂ કરવામાં આવી છે, જે લાંબાગાળે કામકાજની દુનિયાને શિક્ષણ સાથે જોડાશે. સમગ્ર દેશમાં અલગ પ્રકારની તાલીમની જરૂર હોવાથી અને શિક્ષણનું સ્તર પણ અલગ હોવાથી લક્ષિત જૂથ અને સ્થાનિક અર્થતંત્રોની જરૂરિયાતો સમજવાની આવશ્યકતા છે. વ્યાવસાયિક તાલીમ અભ્યાસક્રમોનું સંકલન અને નિયમન કરવાની જરૂર છે. અંતરિયાળ વિસ્તારોમાં સ્થાનિક ઉદ્યોગની ભૂમિકા અતિ મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને ઉત્તરપૂર્વના રાજ્યોમાં, જ્યાં લોકો બહાર નીકળવાનું પસંદ કરતા નથી. રાષ્ટ્રીય કુશળતા લાયકાત માળખામાં વ્યવસ્થિત સુધારા વર્ષ ૨૦૧૩માં હાથ ધરવામાં આવ્યા છે, જેમાં સામાન્ય શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને ઉચ્ચ શિક્ષણને વિસ્તૃત વ્યવસ્થા તરીકે સંકલિત કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે.

**અગાઉના શિક્ષણને માન્યતા આપવી (આરપીએલ):** અસંગઠિત ક્ષેત્ર માટે અતિ થોડા લક્ષિત હસ્તક્ષેપો છે. ૮૪ ટકા લોકો અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે અને અન્ય લોકો સંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે તે બાબતને ધ્યાનમાં રાખીએ તો અનૌપચારિક તાલીમના માળખાની જરૂરિયાત છે, જેથી ક્ષેત્રમાં કાર્યકર્તાઓની કુશળતાના સ્તરને પ્રમાણિત કરી શકાય. કોઈ પણ પ્રમાણપત્ર વિના સારી નોકરી કે સાહસ શરૂ કરવાનું હવે શક્ય નથી. બનારસના કારીગરો, ચિકનકરી, છત્તીસગઠમાં ધાતુનું કામ અને ઉત્તરપૂર્વમાં કારીગરોની કુશળતા અલગ હોઈ શકે છે, પણ તેઓ પ્રમાણપત્રની જરૂરિયાત ધરાવતા અકુશળ કારીગરો તરીકે જ વર્ગીકૃત છે. આરપીએલ યોજનાનો વ્યાપ વધારવાની જરૂર છે. કુશળતા, રોજગારી અને લઘુમતીઓની ઊંચી ઉત્પાદકતા વધારવા તેમની સહભાગિતા આડેના અવરોધોને ઓળખીને તેમને દૂર કરવાની જરૂર છે. વ્યાવસાયિક સંગઠનો, વેપારી મંડળો અને રોજગારદાતા સંગઠનોને સહભાગી બનાવવાની જરૂર છે.

**લક્ષિત હસ્તક્ષેપ મારફતે અંતરિયાળ વિસ્તારોની જરૂરિયાતો પૂર્ણ કરવી:** ઉડાન, હિમાયત, નઈ રોશની, સ્ટેપ અપ વગેરે લક્ષિત હસ્તક્ષેપોએ યુવાનોની રોજગારક્ષમતા પર અસર કરી છે. આ પ્રકારના લક્ષિત હસ્તક્ષેપને વધારવાની જરૂર છે. આ માટે રોજગારી અને આવક ઊભી કરતી તાલીમ જેવી તકોને જોડવી જ પર્યાપ્ત નથી. હકીકતમાં આ પ્રકારના કાર્યક્રમો વિવિધ વિસ્તારોમાં પહોંચવા જોઈએ અને અંતરિયાળ વિસ્તારોમાં

સુલભ હોવા જોઈએ. તેમાં તમામ તાલીમ તકો અને સરકારી માલિકીની સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ, નાગરિક સમાજ વગેરે જેવા માળખા સામેલ ન હોય તેવું બની શકે છે.

**ભાગીદારોની સક્રિય સહભાગિતાઃ** કુશળતાનો પડકાર મોટો છે અને તમામ ભાગીદારોની સહભાગિતા જરૂરી છે, ખાસ કરીને રોજગારદાતાઓએ રોજગારની ક્ષમતાની સમસ્યાનું સમાધાન કરવાની જરૂર છે. તેમણે અભ્યાસક્રમ, અમલીકરણ અને તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ વગેરે બનાવવામાં સહભાગી થવાની જરૂર છે. ક્ષેત્ર કૌશલ્ય પરિષદો ઉદ્યોગસંચાલિત સંસ્થાઓ છે અને કુશળતાના વિકાસના વિવિધ પાસામાં મદદ કરે છે, પણ તેઓ મૂળભૂત રીતે સંગઠિત ક્ષેત્રની જરૂરિયાતો પૂર્ણ કરે છે. વેપારી સંગઠનો અને રોજગારદાતા સંઘ શિક્ષણ અને કામકાજની દુનિયાને જોડવા હાથ મિલાવી શકે છે, જેમ કે તાલીમના સ્વરૂપોની ઓળખ કરવી, શાળા ઉદ્યોગ જોડાણ વિકસાવવું, તાલીમનું નિરીક્ષણ કરવું અને ગુણવત્તા નિયંત્રણ, સ્પોન્સરશિપ અને પ્લેસમેન્ટ વગેરે બાબતોમાં તેઓ જોડાણ કરી શકે છે. સ્થાનિક સમુદાયો કુશળતા મેળવવાની આકાંક્ષા રાખતા નથી ત્યારે યુવાનોને વ્યાવસાયિક શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

**અન્ય હસ્તક્ષેપો :** વંચિત જૂથો પરસ્પર સંકળાયેલા હોય છે. કેન્દ્ર અને રાજ્ય એમ બંને સ્તરે મોટી સંખ્યામાં સરકારી વિભાગો છે, જે તેમના લક્ષિત જૂથને અનુરૂપ કાર્યક્રમોનો અમલ કરે છે. તેનાથી ગૂંચવાડો ઊભો થાય છે અને ઈચ્છિત પરિણામ મળ્યાં વિના સંસાધનોનો અસરકારક ઉપયોગ થતો નથી. શિક્ષણ અને કુશળતાના વિકાસ વચ્ચે સંકલન સ્થાપિત કરવાની જરૂર છે. ઝડપથી મોટા પાયે કુશળતા સંપાદિત કરવા સરકારી-ખાનગી ભાગીદારી વિકસાવવાની જરૂર છે. આ પ્રકારની ભાગીદારી પ્રાથમિક શિક્ષણ પછી વ્યવસ્થાને સુધારવા, તેનું વિસ્તરણ કરવા, પરિણામો સુધારવા અને સારા વિકલ્પ મારફતે સંપૂર્ણ કાર્યદક્ષતામાં મદદ કરી શકે છે. જ્યારે સરકાર શિક્ષણ સુધારવા અને તમામ સ્તરે તાલીમ આપવા રોકાણ કરે છે અને સુવિધાઓ ઊભી કરે છે, ત્યારે ઉદ્યોગો તેમના કર્મચારીઓની તાલીમનું સ્થળ પ્રદાન કરી શકે છે.

છેલ્લે, કુશળતાનો વિકાસ સંકલિત અને સર્વસમાવેશક વિકાસની ચાવી છે, પણ પણ શિક્ષણના સ્તર અને રોજગારની ક્ષમતા સુધારવાની દૃષ્ટિએ પરિણામો પર નજર રાખવાની જરૂર છે, જે શ્રમ બજારમાં વંચિત સમુદાય માટે રોજગારીની તક જ પ્રદાન નહીં કરે, પણ સાથે સાથે સામાજિક સર્વસમાવેશકતા પણ સુનિશ્ચિત કરશે.

**પરિશિષ્ટ - ૧**

| ક્રમ | યોજનાનું નામ | વિશેષતાઓ/યોજનાનો ઉદ્દેશો |
|---|---|---|
| **શાળાનો અભ્યાસ અધવચ્ચે છોડીને જનાર બાળકો માટે** | | |
| ૧. | કારીગર તાલીમ યોજના | યોજનાના મુખ્ય ઉદ્દેશ આ મુજબ છેઃ<br>૧. શાળા છોડીને ચાલ્યા જનારા લોકોને વ્યવસ્થિત તાલીમ આપીને ઉદ્યોગોને અર્ધકુશળ/કુશળ કામદારો પ્રદાન કરવા; અને<br>૨. ઉદ્યોગોમાં રોજગારી માટે અનુકૂળ કૌશલ્યો સાથે શિક્ષિત યુવાનોમાં બેરોજગારી ઘટાડવી.<br>આ યોજનાનો અમલ સરકાર સંચાલિત આઇટીઆઇ અને ખાનગી આઇટીસી કેન્દ્રો મારફતે થાય છે. |
| ૨. | એપ્રેન્ટિસશિપ તાલીમ યોજના | એપ્રેન્ટિસ તાલીમના ઉદ્દેશો છે :<br>૧. ઉદ્યોગમાં એપ્રેન્ટિસની તાલીમના કાર્યક્રમોનું નિયમન કરવું જેથી અભ્યાસક્રમ, તાલીમનો ગાળો વગેરે કેન્દ્રિય એપ્રેન્ટિસશિપ પરિષદના માપદંડો પ્રમાણે ચાલે અને<br>૨. ઉદ્યોગ માટે કુશળ લોકોની જરૂરિયાત પૂર્ણ કરવા વ્યવહારિક તાલીમ આપવા ઉદ્યોગમાં ઉપલબ્ધ સુવિધાઓનો ઉપયોગ કરવો. |

| | | |
|---|---|---|
| | | એપ્રેન્ટિસ પ્રોત્સાહન યોજના (એપીવાય) એપ્રેન્ટિસીસ કાયદા, ૧૯૬૧ હેઠળ આવરી લેવાયેલ સંસ્થાઓ દ્વારા ૧,૦૦,૦૦૦ એપ્રેન્ટિસને પ્રથમ બે વર્ષ એપ્રેન્ટિશિપ તાલીમ પ્રદાન કરવા શરૂ થઈ છે, જેમાં નક્કી સ્ટાઇપેન્ડમાંથી ૫૦ ટકા હિસ્સો ભારત સરકાર પૂરો પાડે છે. |
| ૩. | ટ્રાઈફેડ – કુશળતાનો વિકાસ/સંવર્ધન અને હસ્તકળાઓ/હાથવણાટ માટે ક્ષમતાનું નિર્માણ | ટ્રાઈફેડ – ભારત સરકારના આદિવાસી મંત્રાલય હેઠળ આદિવાસી ઉત્પાદનોનું માર્કેટિંગ કરવામાં સંકળાયેલ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થા છે, જે આદિવાસી ઉત્પાદનો અને કુશળતા વિકાસ અને સંવર્ધન અને આદિવાસી હસ્તકળા કારીગરો અને કુશળતા વિકાસ અને ગૌણ વનપેદાશોના નિર્માણમાં ક્ષમતા નિર્માણ કરે છે તેમજ હાથવણાટ, હસ્તકળા, આદિવાસી ચિત્રકામ વગેરેના નિર્માણમાં સંકળાયેલા આદિવાસી હસ્તકળાના કારીગરોને તાલીમ આપે છે. |
| | **મહિલાઓ અને કિશારીઓ** | |
| ૪. | તાલીમ અને રોજગારીને સમર્થન આપવાનો કાર્યક્રમ (સ્ટેપ) | આ યોજનાના બે હેતુ છે :<br>૧. મહિલાઓને રોજગારી આપવા કૌશલ્ય પ્રદાન કરવું.<br>૨. મહિલાઓ સ્વરોજગારી મેળવે કે ઉદ્યોગસાહસિક બને તે માટે તેમને સક્ષમતા અને કૌશલ્ય પ્રદાન કરવા. |
| ૫. | અસરકારક સ્વસહાય જૂથમાં મહિલાઓને સંગઠિત કરવા પ્રિયદર્શિની યોજના | "મધ્ય ગંગાના મેદાનોમાં મહિલા સશક્તિકરણ અને આજીવિકા કાર્યક્રમ" પ્રિયદર્શિની કાર્યક્રમ તરીકે પણ ઓળખાય છે, જેનો ઉદ્દેશ ૭૨૦૦ એસએચજી બનાવીને ૧,૦૮,૦૦૦ ગરીબ મહિલાઓ અને કિશોર વયની છોકરીઓનું સાર્વત્રિક સશક્તિકરણ કરવાનો છે. કાર્યક્રમ મૂળે છ જિલ્લામાં અમલ થાય છે, જેમાંથી ચાર જિલ્લા ઉત્તરપ્રદેશમાં છે. |
| ૬. | સ્વધારગૃહ/ઘરમાં ટૂંકું રોકાણ (પુનર્વસન માટે કુશળતામાં વધારો) | આ યોજના હેઠળ નવા સ્વાધારગૃહ દરેક જિલ્લામાં સ્થાપિત થશે,જેમાં ૩૦ મહિલાઓની ક્ષમતા હશે અને તેના ઉદ્દેશ નીચે મુજબ છેઃ<br>૧. જરૂરિયાતમંદ અને સામાજિક અને આર્થિક ટેકો ન ધરાવતી મહિલાઓને રોટી, કપડા, મકાન, તબીબી સારવાર અને સારસંભાળ પૂરી પાડવી.<br>૨. કમનસીબ સંજોગોમાં ઘટી ગયેલી તેમની ભાવનાત્મક શક્તિને ફરી મેળવવા તેમને સક્ષમ બનાવવી.<br>૩. તેમને કાયદાકીય સહાય અને માર્ગદર્શન પ્રદાન કરવું, જેથી તેઓ પરિવાર કે સમાજમાં ફરી અનુકૂલન સાધી શકે તે માટે પગલાં લેવા સક્ષમ બની શકે.<br>૪. આર્થિક અને ભાવનાત્મક રીતે પુનઃસ્થાપિત કરવા. |

| | | |
|---|---|---|
| ૭. | સબળા – કિશોર વયની છોકરીઓના સશક્તિકરણ માટે રાજીવ ગાંધી યોજના | ૧૧થી ૧૮ વર્ષના વયજૂથમાં કિશોર છોકરીઓના પોષણ અને સ્વાસ્થ્યની સ્થિતિમાં સુધારો કરવાનો અને જીવનના કૌશલ્યો, સ્વાસ્થ્ય અને પોષણમાં શિક્ષણપ્રદાન કરવા સક્ષમ બનાવવાના ઉદ્દેશ સાથે ભારત સરકારે નવેમ્બર,૨૦૧૦માં સબળા શરૂ કરી હતી. આ યોજનાનો ઉદ્દેશ છોકરીઓને કુટુંબ કલ્યાણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, જાહેર સેવાના અસ્તિત્વ વગેરે પર માહિતગાર કરવાનો પણ છે અને અભ્યાસ અધૂરો મૂકનારી છોકરીઓને ઔપચારિક કે અનૌપચારિક શૈક્ષણિક વ્યવસ્થાઓમાં પરત લાવવાનો છે. |
| ૮. | ૨૦૦ સરહદી/આદિવાસી/પછાત જિલ્લાઓમાં મહિલાઓ માટે કુશળતા વધારવા માટે તાલીમ કાર્યક્રમ | કાર્યક્રમનો ઉદ્દેશ સરહદી કે આદિવાસી કે પછાત જિલ્લાઓમાં મહિલાઓની વ્યાવસાયિક કુશળતા વધારવાનો છે અને તેમને સ્વરોજગારી સંપાદિત કરવામાં મદદ કરવાનો છે. કાર્યક્રમ મહિલા ભાગીદારોને વર્તમાન વ્યવસાયમાં આવક પ્રદાન કરે છે, તેમની ઉત્પાદકતા વધારે છે અને બજારમાં સારી માંગ હોય તેવી નવી કુશળતાઓ શીખવે છે. |
| | **ગ્રામીણ ગરીબ** | |
| ૯. | પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (અગાઉ આજીવિકા તરીકે જાણીતી છે) | વર્ષ ૨૦૧૭ સુધીમાં ૧૦ લાખ ગ્રામીણ યુવાનોને તાલીમ આપવાનો ઉદ્દેશ.<br><br>યોજના હેઠળ આપવામાં આવતું કૌશલ્ય અત્યારે આંતરરાષ્ટ્રીય માપદંડો સામે સીમાચિહ્નરૂપ હશે અને વડાપ્રધાનના મેક ઈન ઈન્ડિયા અભિયાનને પૂરક બનશે.<br><br>કૌશલ્ય યોજના વિકલાંગ વ્યક્તિઓને તાલીમ આપવા જરૂરિયાતો પ્રદાન કરશે, જેમાં આંતરરાષ્ટ્રીય કંપનીઓ ગ્રામીણ યુવાનોને કુશળતા પ્રદાન કરશે. |
| ૧૦. | ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓ (આરએસઈટીઆઈ) | દેશમાં યુવાનો વચ્ચે બેરોજગારી ઘટાડવા અને બેરોજગારીની સમસ્યા દૂર કરવા સંસ્થા તરીકે સમગ્ર દેશમાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓ (આરએસઈટીઆઈ). આ સંસ્થાઓ બિનલાભદાયક છે, જે રાજ્ય અને કેન્દ્ર સરકારોની સહાયથી સ્થાપિત કરવામાં આવી છે. આ સંસ્થાનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં ક્ષમતા નિર્માણ માટે તાલીમ અને વ્યવસાયોમાં સેટલમેન્ટમાં સુવિધા સ્થાપિત કરીને સ્વરોજગારી ઊભી કરવાનો છે. આરએસઈટીઆઈ ગ્રામીણ યુવાનોના વ્યક્તિત્વને ગુણવત્તાયુક્ત તાલીમ પ્રદાન કરે છે અને કુશળતા વિકસાવે છે. તાલીમબદ્ધ ઉમેદવારોને નાણાકીય સંસ્થાઓ મારફતે ધિરાણ આપીને કે ધિરાણ વિના સૂક્ષ્મ ઉદ્યોગો સ્થાપિત કરવા સક્ષમ બનાવવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | **શહેરી ગરીબ** | |
| ૧૧. | રાષ્ટ્રીય શહેરી આજીવિકા અભિયાન (એનયુએલએમ) –<br>કુશળતા તાલીમ અને પ્લેસમેન્ટ મારફતે રોજગારી (ઇએસટીએન્ડપી) | પગારદાર રોજગારી (રોજગારી અપાવવી) અને ઉદ્યોગસાહસિકતાના વિકાસ એમ બંને માટે કુશળતાની તાલીમ પ્રદાન કરવામાં આવે છે.<br>૧. ઉદ્યોગ, ટેકનિકલ યુનિવર્સિટીઓ કે શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી કૌશલ્ય તાલીમપ્રદાતાઓ, ઉદ્યોગ માન્ય પ્રમાણપત્ર અને પ્લેસમેન્ટ સાથે મજબૂત જોડાણ અને સંકલન મારફતે પીપીપી પદ્ધતિમાં અમલ.<br>૨. શહેર આધારિત કુશળતાની ઊણપનું વિશ્લેષણ કરીને જરૂરી તાલીમની ઓળખ કરવી.<br>૩. વ્યવસાયિક કૌશલ્યો, વ્યાવસાયિક રીતભાત વગેરે લાવવી અને તાલીમ પૂર્વે સલાહ આપવી. |
| | **લઘુમતિના યુવાનો** | |
| ૧૨. | બહુક્ષેત્રીય વિકાસ કાર્યક્રમ (એમએસડીપી) | કાર્યક્રમનો ઉદ્દેશ લઘુમતિઓની સામાજિક-આર્થિક સ્થિતિને સુધારવાનો અને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા તેમને મૂળભૂત સુવિધા પ્રદાન કરવાનો તેમજ લઘુમતિ સંકેન્દ્રિત વિસ્તારોમાં અસમાનતતા ઘટાડવાનો છે. |
| ૧૩. | શીખો અને કમાવો | ૧. લઘુમતિઓમાં બેરોજગારીનો દર ઘટાડવો.<br>૨. લઘુમતિઓની પરંપરાગત કુશળતાઓને જાળવવી અને અદ્યતન બનાવવી તેમજ બજાર સાથે તેને જોડવી.<br>૩. હાલના કામદારો, શાળાના છોડનારા વગેરેની રોજગારીની ક્ષમતા સુધારવી અને તેમની નોકરીને સુનિશ્ચિત કરવી.<br>૪. વંચિત લઘુમતિઓ માટે વધુ સારી આજીવિકાના માર્ગો ઊભા કરવા અને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા.<br>૫. દેશ માટે સંભવિત માનવીય સંસાધન વિકસાવવા. |
| ૧૪. | પરવાઝ | કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દેશમાં ગરીબી રેખા નીચે જીવતા યુવાનોને શિક્ષણ, કુશળતા અને રોજગારી આપી સશક્ત કરીને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે. તે શીખાઉ યુવાનોને રોજગારક્ષમ બનાવવા જરૂરી લઘુતમ શિક્ષણ પ્રદાન કરવામાં મદદ કરે છે અને તેમના જીવનના આગામી તબક્કામાં નવી દુનિયા માટે જરૂરી કુશળતાઓ આપે છે અને વર્તમાન કુશળતાઓમાં વધારો કરે છે. |
| | **જમ્મુ અને કાશ્મીરમાંથી યુવાનો** | |
| ૧૫. | હિમાયત | હિમાયત જમ્મુ અને કાશ્મીરના યુવાનો માટે નોકરી અપાવવા સાથે સંબંધિત કુશળતા વિકાસ યોજના છે, જેનો લક્ષ્યાંક આગામી પાંચ વર્ષમાં ૧ લાખ યુવાનોને રોજગારી અપાવવાનો છે. તેનો અમલ ખાનગી ક્ષેત્ર અને બિનલાભદાયક સંસ્થાઓમાંથી સક્ષમ તાલીમ પ્રદાતા મારફતે થાય છે. |

| | | |
|---|---|---|
| ૧૬. | ઉડાન | ''ઉડાન'' તરીકે જાણીતી વિશેષ ઔદ્યોગિક પહેલ જમ્મુ-કાશ્મીરના યુવાનોને લક્ષિત બનાવે છે, ખાસ કરીને સ્નાતકો અને અનુસ્નાતકોને, જેઓ વૈશ્વિક અને સ્થાનિક તકો ઝંખે છે. તેનો ઉદ્દેશ રાજ્યમાં ઉપલબ્ધ પ્રતિભાઓનો પરિચય કોર્પોરેટ ઈન્ડિયાને કરાવવાનો છે. |
| | **એલડબલ્યુઈ અસરગ્રસ્ત ક્ષેત્રો** | |
| ૧૭. | રોશની | અલગ માર્ગદર્શિકા સાથે રોશની નામે ઓળખાતી વિશેષ યોજના ૨૭ માઓવાદ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સ્થિતિને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી છે. તે અલગ અલગ સમયગાળાના કાર્યક્રમોમાં તાલીમ પ્રદાન કરે છે. અત્યારે ૩, ૬, ૯ અને ૧૨ મહિના માટે તાલીમ કાર્યક્રમો ચલાવે છે. |
| ૧૮. | માઓવાદ દ્વારા અસરગ્રસ્ત ૩૪ જિલ્લાઓમાં કુશળતાનો વિકાસ | આ યોજના જિલ્લાઓમાં લોકોની નજીક કૌશલ્ય વિકાસ માળખું ઊભું કરવા માટે શરૂ કરવામાં આવી છે, જેમાં દરેક જિલ્લામાં એક આઈટીઆઈ અને બે કૌશલ્ય વિકાસ કેન્દ્રો (એસડીસી) સ્થાપિત કરવામાં આવે છે અને તેમાં માગ આધારિત વ્યાવસાયિક તાલીમ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. |
| | **ઉત્તર પૂર્વ વિસ્તાર** | |
| ૧૯. | ક્ષમતા નિર્માણ અને ટેકનિકલ સહાય (સીબીટીએ) | મેસર્સ ડોનેર દ્વારા અમલ થતી આ યોજનાનો ઉદ્દેશ કુશળતા વિકાસ માટે ભંડોળ પ્રદાન કરવાનો, રોજગારક્ષમતા અને યુવાનોમાં સક્ષમતા વધારવાનો અને સ્વરોજગારી તેમજ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે. સરકારી ક્ષેત્ર માટે તેનો આશય સુશાસન માટે મધ્યમ સ્તરની કામગીરીની માહિતી અને કુશળતા વધારવાનો છે. |
| ૨૦. | ઉત્તરપૂર્વ રાજ્યો અને સિક્કિમમાં કૌશલ્ય વિકાસ માટે માળખાનું સંવર્ધન | આ યોજનાનો હેતુ ઉત્તરપૂર્વના રાજ્યો અને સિક્કિમમાં ૨૦ આઈટીઆઈને અદ્યતન બનાવવાનો, ઉત્તરપૂર્વના રાજ્યો અને સિક્કિમમાં ૨૯ આઈટીઆઈની માળખાકીય ખામીઓ દૂર કરવાનો અને કેન્દ્ર અને પ્રાદેશિક સ્તરે મોનિટરિંગ સેલને ભંડોળ આપવાનો છે. |
| | **અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના યુવાનો** | |
| ૨૧. | વિશેષ કેન્દ્રિય સહાયથી અનુસૂચિત જાતિ પેટા યોજના (એસસીએથી એસસીએસપી) | મુખ્ય હેતુ ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિના કુટુંબના આર્થિક વિકાસની યોજનાઓને વેગ આપવાનો છે, જે માટે નોંધપાત્ર જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સંસાધનો પ્રદાન કરવામાં આવે છે અને સ્કીમ વધુ અર્થસભર બની શકે તે માટે મહત્ત્વપૂર્ણ આંતરિક માહિતી પ્રદાન કરવામાં આવે છે. અનુસૂચિત જાતિઓ માટેની યોજનાઓ કે કાર્યક્રમો સ્થાનિક વ્યાવસાયિક પેટર્ન અને ઉપલબ્ધ આર્થિક પ્રવૃત્તિઓ પર નિર્ભર હોવાથી રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોને એસસીએનો ઉપયોગ કરવાની સંપૂર્ણ અનુકૂળતા આપવામાં આવે |

| | | |
|---|---|---|
| | | છે, જેમાં એક શરત હોય છે કે તેનો ઉપયોગ એસસીપી અને વિવિધ નિગમો, નાણાકીય સંસ્થાઓ વગેરે જેવા અન્ય સ્રોતોમાંથી ઉપલબ્ધ અન્ય સ્ત્રોતોના સમન્વયથી થવો જોઈએ. |
| ૨૨. | રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ ધિરાણ અને વિકાસ નિગમ | અનુસૂચિત જનજાતિઓના લાયક સભ્યોને કૌશલ્ય અને ઉદ્યોગસાહિસકતા પ્રદાન કરવા માટે એજન્સીઓને સમન્વિત કરીને સહાય પ્રદાન કરવાના સ્વરૂપે નાણાકીય સહાય આપવામાં આવે છે, જેથી રોજગારી કે સ્વરોજગારી માટે તકો ઊભી કરવામાં આવે છે. |
| | **વિકલાંગ વ્યક્તિઓ માટે** | |
| ૨૩. | વિકલાંગ માટે વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્ર (વીઆરસી) | વિકલાંગ વ્યક્તિનું વ્યક્તિને દેશના ઉપયોગી નાગરિક બનાવવા અને આર્થિક મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાના આશય સાથે અનુકૂળ તાલીમ અને કુશળતાની તાલીમ મારફતે ટકાઉ રોજગારી પ્રદાન કરી તેમને સક્ષમ બનાવવા વ્યાવસાયિક પુનર્વસન હાથ ધરવું. દેશના વિવિધ વિસ્તારોમાં આશરે ૨૦ વીઆરસી કાર્યરત છે. વિકલાંગને ઝડપી પુનર્વસનને સુલભ કરવા સાત કુશળતા તાલીમ કાર્યશાળાઓ (એસટીડબલ્યુ)ને સાત વીઆરસી સાથે સંલગ્ન કરવામાં આવી છે. |
| ૨૪. | વિકલાંગતા પર તાલીમ સંસ્થાઓ દ્વારા કુશળતા વિકાસ કાર્યક્રમો | અલી યાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર હિઅરિંગ હેન્ડિકેપ (એવાયજેએનઆઈએચએચ), પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્સ્ટિટયૂટ ફોર ધ ફિઝિકલી હેન્ડિકેપ્ડ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલી હેન્ડિકેપ (એનઆઇએમએચ), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વિઝ્યુઅલી હેન્ડિકેપ (એનઆઇવીએચ), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ મલ્ટિપલ ડિસએબિલિટીઝ (એનઆઇઇપીએમડી), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ઓર્થોપેડિકલી હેન્ડિકેપ (એનઆઇઓએચ), સ્વામી વિવેકાનંદ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિહેબિલિટેશન, ટ્રેનિંગ એન્ડ રિસર્ચ (એસવીએનઆઇઆરટીએઆર), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ ડિફેન્સ (એનઆઇએસડી), જે વિવિધ તાલીમ કાર્યક્રમ અને ડિગ્રી અભ્યાસક્રમો હાથ ધરે છે |
| | **ઉદ્યોગસાહસિકો** | |
| ૨૫. | સ્વ-રોજગાર કાર્યક્રમ (એસઈપી) | ૩ થી ૭ દિવસના ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ (ઈડીપી) મારફતે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાનું નિર્માણ. આરએસઈટીઆઇ અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ મારફતે ઈડીપી તાલીમનું આયોજન કરવામાં આવે છે. |
| ૨૬. | ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમો (આઇએમસી/ઈડીપી/ઈએસડીપી/ એમડીપી) યોજના | ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમો લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો સ્થાપિત કરવા જરૂરી ઔદ્યોગિક પ્રવૃત્તિના વિવિધ પાસાં પર તેમને જાગૃત કરી યુવાનોની પ્રતિભાને સંવર્ધિત કરવા નિયમિતપણે યોજવામાં આવે છે. સામાન્ય રીતે આ કાર્યક્રમો આઈટીઆઇ, પોલીટેકનિકલ અને અન્ય ટેકનિકલ સંસ્થાઓમાં આયોજિત કરવામાં આવે છે, જ્યાં સ્વરોજગાર તરફ તેમને પ્રોત્સાહિત કરવા કુશળતા ઉપલબ્ધ હોય છે. |

| સામાન્ય – સામાજિક આર્થિક રીતે પછાત અને શૈક્ષણિક રીતે વંચિત | | |
|---|---|---|
| ૨૭. | ''પ્રૌઢ શિક્ષણ અને કુશળતા વિકાસ માટે સ્વૈચ્છિક એજન્સીઓને ટેકો આપવાની'' યોજનાઓના ભાગરૂપે જન શિક્ષણ સંસ્થાન (જેએસએસ) | જન શિક્ષણ સંસ્થાન (જેએસએસ) અભણ, નવશિક્ષિત તેમજ શાળાનો અભ્યાસ અધવચ્ચે પડતો મૂકનાર લોકોમાં રહેલા કૌશલ્યને ઓળખવા અને તેમના પ્રદેશમાં વ્યાવસાયિક સ્વરૂપે માર્કેટિંગ કરી શકાય તે માટે વ્યાવસાયિક તાલીમ પ્રદાન કરવા સ્થાપિત કરવામાં આવ્યાં છે.<br>જન શિક્ષણ સંસ્થાન (જેએસએસ)ની કામગીરીમાં નીચેની બાબતો સામેલ હશે :<br>૧. વ્યાવસાયિક સાધારણ જાગૃતિ અને જીવન સંવર્ધન ઘટકોને આવરી લેતા અભ્યાસક્રમો અને તાલીમ મોડ્યુલ્સ વિકસાવવા.<br>૨. જ્યાં શક્ય હોય ત્યાં ડિરેક્ટોરેટ ઓફ એડલ્ટ એજ્યુકેશન, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ અને ડિરેક્ટર જનરલ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ દ્વારા ડિઝાઇન કરાયેલા અભ્યાસક્રમોને સમકક્ષ તાલીમ હાથ ધરવા જેએસએસને પ્રોત્સાહન આપવામાં આવે છે.<br>૩. તાલીમ હાથ ધરવા કુશળ તાલીમદાતાઓ અને જરૂરી વ્યક્તિઓને તાલીમ પ્રદાન અને માળખા અને તાલીમ માટે ચોક્કસ ઉપકરણ ઉપલબ્ધ કરવા.<br>૪. સરળ કસોટીઓનું સંચાલન કરવું અને પ્રમાણપત્રો એનાયત કરવા.<br>૫. તાલીમાર્થીઓને અનુકૂળ જગ્યાએ રોજગારી અપાવવા રોજગારદાતાઓ અને ઉદ્યોગો સાથે નેટવર્ક બનાવવું. |


**સંદર્ભ :**

૧ રોજગારક્ષમતા માટે કુશલતાઓ, નીતિગત નોંધ આઇએલઓ

૨ કુલ ૨૫.૯ બાળકોમાંથી ૩.૯ ટકા શ્રમ બજારમાં થોડો સમય કામ કરે છે. ઉપરાંત ૦.૬ ટકા વંચિત કામદારની શ્રેણી આવે છે અને કામ ઇચ્છે છે. ૧.૫૭ ટકા શ્રમ બજારમાં કામ કરવા ઇચ્છે છે, પણ કામદાર નથી. ઉપરાંત ૩ ટકા બાળકો શ્રમ બજારમાં સક્રિય નથી કે અભ્યાસ કરતા નથી, પણ બાળમજૂર બનવાની સંભાવના છે.

૩ વંચિત જૂથની કુશળતા અને ઉત્પાદકતા વધારવી – ડેવિડ એચ ફ્રીડમેન, ૨૦૦૮

૪ રોજગારી અને બેરોજગારી સર્વે ૨૦૧૧-૧૨

૫ રોજગારી અને બેરોજગારી સર્વે ૨૦૧૧-૧૨

૬ વિકલાંગતા સંબંધિત બાબતોનો વિભાગ, ભારત સરકાર

૭ ભારતમાં યુવા બેરોજગારી, સીઆઇઆઇ ઇકોનોમી મેટર્સ

૮ વંચિતની કુશળતા અને ઉત્પાદકતામાં વધારો, આઇએલઓ કાર્યકારી દસ્તાવેજ

૯ ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે રાજીવ ગાંધી નેશનલ ફેલોશિપ, નેશનલ ઓવરસીઝ સ્કોલરશિપ, પ્રી અને પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ, લઘુમતી વિદ્યાર્થીઓ માટે મૌલાના આઝાદ નેશનલ ફેલોશિપ વગેરે

૧૦ આઇએલઓ નીતિ નોંધ



**લેખિકા નીતિ આયોગ - નવી દિલ્હીમાં સલાહકાર તરીકે કાર્યરત છે.**

# હાથસાળનું સંરક્ષણ અને પ્રોત્સાહન

મોનિકા એસ. ગર્ગ



*હાથસાળ ક્ષેત્રે બદલતા સમય સાથે પોતાના કદમ તાલ મીલાવે તેવા ઉપાયો સમજવાનું કેવળ તાત્ત્વિક હિતની બાબત નથી, પરંતુ હાથસાળ ક્ષેત્રનાં વિવિધ પાસાંને સમજવા માટે અને તે અનુસાર નીતિઓનું આયોજન કરવા માટે પણ અતિ મહત્ત્વનું છે. યુગો પુરાણી આપણી પરંપરા ટકાઉ રીતે પુનઃ ચેતનવંતી કરવા, તેમાં આવકનું સ્તર વધારવા, વધુ લોકોને હાથસાળ ક્ષેત્રે આકર્ષવા, આ ક્ષેત્ર સાથે જોડાયેલી ઉદાસીનતા ઘટાડવા, નિકાસ વધારવા અને એકંદર સમાજનું જનમાનસ બદલવા આ વિષયના અનેકવિધ પાસાંઓને સ્પર્શે તે રીતે યોજનાઓ ઘડવી જરૂરી છે. એકવાર આ પ્રશ્નોની સ્પષ્ટ સમજણ આવી જશે પછી અલગ અલગ લક્ષિત વ્યૂહ સાથે દરેક પ્રશ્ન ઉકેલવાનું શક્ય બનશે.*

**હાથસાળ પરિયોજના એક વિશેષ સ્થાનાંકિત ઉત્પાદન તરીકે :** કોઈપણ કન્યાના આણા માટે ભરતકામની ચીજવસ્તુઓનો સંગ્રહ તરીકે હાથસાળ આપણા સાંસ્કૃતિક વારસાનું અભિન્ન અંગ બની રહી છે. છેક ઋગ્વેદ, રામાયણ અને મહાભારતમાં પણ વણાટકળાનું નિરૂપણ થયેલું છે. મોંહે-જો-દડો અને હરપ્પન સંસ્કૃતિના અવશેષોમાં પણ વણેલું કાપડ, હાડકાંમાંથી બનાવેલી સોય અને તકલીઓ કે સાળ મળી આવેલાં છે. ઈજિપ્તના પીરામીડો કે મકબરાઓમાં મળી આવેલા ખાસ કરીને ગુજરાતમાં તૈયાર કરેલાં બીબાં છાપકામનાં (બ્લોક પ્રિન્ટિંગ) કાપડ ભારતીય સુતરાઉ કાપડની વિદેશમાં માંગ અને ઈ.સ. પૂર્વે ૧૯મી સદીથી થતી તેની નિકાસના પુરાવા છે.

હાથવણાટની કળાની આ ઉત્કૃષ્ટ પરંપરા આ કાળમાં પડેલા કુશળ કલાકસબીઓ દ્વારા પેઢીઓથી સચવાતી આવી છે. દેશમાં આજે ૪૦ લાખથી વધુ લોકોને હાથસાળ અને તેને સંલગ્ન ઉત્પાદનોમાં રોજી મળે છે. જેમાંથી મોટાભાગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગોના અને મહિલાઓ છે. દેશમાં કૃષિ પછી રોજગારી પૂરી પાડતું આ બીજા ક્રમનું ક્ષેત્ર છે. આ ઉદ્યોગ પર્યાવરણ પોષક, વિકેન્દ્રિત અને ગ્રામીણ ક્ષેત્રમાં વિસ્તરેલો હોવાથી આપણા વિકાસશીલ અર્થતંત્ર માટે ખૂબ મહત્ત્વનો છે.

જોકે, ૨૦૧૦ની હાથસાળ જનગણના નિરાશાજનક વલણ દર્શાવે છે. વણકરોની સંખ્યા વાર્ષિક ૭ ટકાના દરે ઘટી રહી છે. હાથસાળોની સંખ્યા પણ સંકોચાઈ રહી છે. નવી પેઢીને તેમાં વિશ્વાસ કે રસ નથી રહ્યાં. આ બાબત દર્શાવે છે કે હાથસાળ ઉદ્યોગ હવે અસ્તાચળે જઈ રહેલો ઉદ્યોગ છે.

હાથસાળ ઉદ્યોગના પડતીના કારણો અનેક છે. જનગણનામાં જાણવા મળ્યું હતું કે, એક વણકર દર મહિને કેવળ રૂ. ૩,૪૦૦ કમાય છે જે કોઈપણ કામદાર માટેની અખિલ ભારતીય સરેરાશ માસિક રૂ. ૪,૫૦૦ કરતાંય ઓછી છે. જે કળા તેના કસબીનું પેટ ભરવામાં નિષ્ફળ જાય છે તે કળા પણ મૃત્યુ પામે છે. વણકરો પણ સમાજમાં કોઈ સારા ચિત્રકાર કે કળાકાર જેવું ઊંચું સ્થાન મેળવવા લાયક છે. તાણા-વાણાથી બનેલી હાથવણાટની ચીજો અજોડ છે અને ખૂબ ખંત, ધીરજ, નજાકત અને કુશળતા પછી બને છે. વણકરોને તેમના કલાકૌશલ્યને અનુરૂપ મહેનતાણું મળવું જરૂરી છે. આ ક્ષેત્રની સુદઢતા માટે કામ કરીને જ આ ધ્યેય હાંસલ કરી શકાય છે.

ભારત તેના પરંપરાગત હાથવણાટના ઉત્પાદનોની વિવિધતા અને જથ્થાથી વિશ્વમાં અદકેરું સ્થાન ધરાવે છે. દુનિયાના હાથવણાટના ઉત્પાદનોના ૮૫ ટકાનું ઉત્પાદન અહીં થાય છે. શ્રીલંકા, નેપાળ, બાંગ્લાદેશ, કંબોડિયા અને ઈન્ડોનેશિયા જેવા અન્ય દેશોમાં બહુ મર્યાદિત શ્રેણીની હાથવણાટની ચીજોનું ઉત્પાદન થાય છે. તે પણ મુખ્યત્વે ઘરેલું વપરાશ માટે જ હોય છે. તેની સામે હાથવણાટના આપણા ઉત્પાદનોની નિકાસ જે ૨૦૦૯-૧૦માં ૨૬ કરોડ અમેરિકન ડોલર હતી તે ૨૦૧૩-૧૪માં વધીને ૩૭ કરોડ અમેરિકન ડોલર થઈ છે. જે ચાર જ વર્ષમાં ૪૦ ટકાથી વધુની વૃદ્ધિ દર્શાવે છે.

આ વૃદ્ધિ હાથસાળ ક્ષેત્રના વિકાસની વિશાળ ક્ષમતા પ્રતિપાદિત કરે છે. ભારતમાં તેના ભૌગોલિક સ્થાનના ફાયદાના કારણે અને વિવિધતાપૂર્ણ સાંસ્કૃતિક વારસાના લીધે સમગ્ર વિશ્વની હાથબનાવટની ચીજવસ્તુઓની માંગ સંતોષવાની ક્ષમતા છે. આ માટે નવા યુગની વિવિધતાપૂર્ણ, ઝડપથી બદલાઈ રહેલી તેમજ જટિલ માંગ સાથે તાલ મીલાવવાનો લક્ષિત અભિગમ જરૂરી છે. વણાટ ઉદ્યોગ આપણા સમૃદ્ધ વારસાને પ્રતિબિંબિત કરવાની સાથે આધુનિક ડિઝાઇનોને પણ સમાવે તેની જરૂર છે.

એક બનારસી કે ચંદેરી વણકર જો તેની સાડીમાં થોડું સમાધાન કરે તો વધુ કમાય છે. તેમાં પણ નિકાસ કરી શકાય તેવી સ્ટોલ્સ, સ્કાર્ફ, ટાઈ, પટ્ટા, બેગ્ઝ, પાઉચ કે બાજુબંધ અથવા ગાદીઓના કવર, ટેબલ કવર જેવી ઘર સજાવટની વૈવિધ્યસભર ચીજો બનાવીને હજી વધુ કમાણી કરી શકે છે. હાથવણાટના ઉત્પાદનોના વિકાસ અને વિવિધતા માટે વણકરોનું ડિઝાઇનરો સાથે ગાઢ સંકલન આવશ્યક છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલૉજી (નિફ્ટ) દ્વારા તેના અભ્યાસક્રમમાં હાથસાળ ક્લસ્ટરને જોડવાનું સામેલ કરીને સારી શરૂઆત કરાઈ છે. તેનાથી એક તરફ હાથસાળ અને હાથકામગીરીના ક્લસ્ટરની મુલાકાતથી વિદ્યાર્થીઓનો આપણી અમૂલ્ય પરંપરા સાથે સંવેદનાસભર નાતો બંધાશે અને બીજી તરફ વણકરોને તથા હસ્તકળા કારીગરોને નવી ડિઝાઇનોના રૂપમાં ફાયદો થશે. જાબુઆની મોતીની ઢીંગલીઓની જેમ ઇયરરિંગ અને કાર ડેંગલર્સ બનાવવાથી ૨૦ ગણી કિંમત મળી શકે છે અને ગૃહ ઉપયોગી કોસ્ટર્સ તથા નેપકીન હોલ્ડર્સ જેવા હાથવણાટના નમૂના તો સો ગણા સુધી વધુ કિંમત મેળવી શકે છે. નિદાનાત્મક અભ્યાસ હાથ ધરીને, તેનું દસ્તાવેજીકરણ કરીને અને બજારમાં ચપોચપ વેચાય તેવાં ઉત્પાદનો વિકસાવીને આ પહેલને હજી આગળ લઈ જવાનો સુંદર ઉપાય કરી શકાય તેમ છે. હસ્તકલા કારીગરીની ચીજવસ્તુઓનું બજાર વિસ્તારવા આવી લાંબાગાળાની ઘણી ઝુંબેશ ચલાવવી જરૂરી છે.

**વિવિધતાપૂર્ણ ઉત્પાદનો**





ડિઝાઇનરો આ ઉત્પાદનોનું મૂલ્યવર્ધન તો કરી દે, પરંતુ હજી એક ખૂબ અગત્યનું પાસું છે તેનું વેચાણ. હાલ આ ઉદ્યોગ બજારના વિશિષ્ટ વર્ગોની વિવિધ જરૂરિયાતોને ઓળખવામાં નિષ્ફળ જાય છે. આ બજાર વિભાગીકરણને સમજવાની, આવકારવાની અને તેનો લાભ લેવાની જરૂર છે. પાટણના પટોળાં, કણી, બલુચારી અને જામદાની સાડીઓ જેવાં આગવી છાપ ઊભી કરનારા ઉચ્ચ કોટિના ઉત્પાદનોને "દેશની ઓળખ સમાન ઉત્પાદનો" તરીકે વિખ્યાત કરવાં જોઈએ. વણાટકળાના કારીગરો માન્યતાઓ, વિશ્વાસ અને પ્રતિકોના નિપુણતાપૂર્વકના





સંમિશ્રણ દ્વારા આ અદ્વિતીય વસ્ત્રોને હૃદયસ્પર્શી ગતિશીલતા બક્ષે છે. તેમની બેનમૂન ડિઝાઇનો અને આગવી વણાટકળાથી તૈયાર થતાં આ ઉત્પાદનોને સામાન્ય લોકો માટે નહીં પરંતુ કેવળ સમૃદ્ધ લોકોને લક્ષ્યમાં રાખીને પણ તૈયાર કરવાં જોઈએ. આ આગવા બજાર હિસ્સાને સાધ્ય કરવાથી જ તેઓ જેને લાયક છે તેવું વળતર અપાવી શકશે.

**અતિવિશિષ્ટ ડિઝાઇન-આગવાં ઉત્પાદનો**

બજારમાં હાથવણાટ માટે જો સૌથી મોટો ખતરો હોય તો તે પાવરલૂમ ઉત્પાદનો અને સસ્તી આયાતી ચીજોનો છે. યંત્રશાળ-પાવરલૂમથી બનતું કાપડ સસ્તું, સહેલાઈથી તથા ઝડપથી બનાવી શકાય છે. વળી એક સામાન્ય હેન્ડલૂમ માર્ક.

માણસ પાવરલૂમ અને હાથવણાટના કાપડ વચ્ચેનો ભેદ પારખી પણ શકે તેમ નથી હોતો. પરિણામે વેપારમાં છેતરપિંડી અનહદ થાય છે અને ઢગલાબંધ પાવરલૂમ ઉત્પાદનો હાથવણાટના ઉત્પાદનો તરીકે વેચાઈ રહ્યાં છે. હાથવણાટના ઉત્પાદનોની ઓળખ (બ્રાન્ડિંગ) ઊભી કરવાની તાતી જરૂર છે. હાથસાળનું નિશાન (હેન્ડલૂમ માર્ક) ખરીદનારને એ બાબતની બાંહેધરી આપે છે કે તે ખરેખર હાથવણાટનું જ ઉત્પાદન છે અને પાવરલૂમ કે મિલની બનાવેલી ચીજ નથી. તે નિશાન વસ્તુના અસલીપણાનું પ્રમાણન કરે છે. પરંતુ, કમનસીબે લોકો આ નિશાનથી ખાસ પરિચિત નથી. સામાન્ય જન સમાજમાં આ અંગે જાગૃતિ પેદા કરવાની જરૂર છે. દૈનિક ધારવાહિકો દરમ્યાન એકાદ વાક્યની સરળ જાહેરખબરથી પણ લક્ષિત વર્ગને આ અંગે જાગ્રત કરી શકાય તેમ છે. સરકાર દ્વારા પ્રાયોજીત વેચાણ મેળાઓમાં કેવળ 'હેન્ડલૂમ માર્ક' હાથસાળનું નિશાન ધરાવતાં ઉત્પાદનો જ પ્રદર્શિત થવા દેવાં જોઈએ. લોકોમાં જાગૃતિ ઊભી કરવા ઉપરાંત, સરકારની યોજનાઓનો લાભ સાચા હાથસાળ વણકરોને જ મળે તે પણ ચોક્કસ કરવું જોઈએ.


સામાજિક અસર, આપણો વરસો અને હાથ બનાવટની ચીજો માટેનો અડગ પ્રેમ જ હાથસાળ વ્યવસાયને ટકાવનારા મહત્ત્વના પરિબળો બનશે. જો કે આ વ્યૂહ કેવળ ઉચ્ચ કૌશલ્યવાળા વણકરો કે જેમની સાથે ડિઝાઈનરો જોડાયેલા છે અને જે ઉપલા વર્ગના ગ્રાહકોને ધ્યાનમાં રાખીને ઉત્પાદનોમાં વિવિધતા લાવવા મદદ કરે છે તેમને જ લાભકર્તા થવાનો આશય રાખે છે. આવા અતિકુશળ કારીગરો કુલ વણકરોના માત્ર ૨૦ ટકા જ છે. અલબત્ત, ઉચ્ચ મૂલ્યના ૮૦ ટકા ઉત્પાદનો તેઓ જ બનાવે છે. આમ, આ અભિગમ વણકરોના એક મર્યાદિત વર્ગને જ લાભકર્તા છે, જ્યારે અપેક્ષા એવી છે કે સમગ્ર ક્ષેત્રને પુનઃ ધબકતું કરવા તે કાયમી બળ પૂરું પાડે. તેથી જેમના માટે હાથસાળ રોજીરોટીનું એક માત્ર સાધન છે તેવા બાકીના ૮૦ ટકા વણકરો વિષે અલગ રીતે વિચારવાની જરૂર છે.

આપણે એ ભૂલવું ના જોઈએ કે આ ક્ષેત્ર દેશના ૪૩ લાખથી વધુ લોકોને

**સાચા હાથવણાટના ઉત્પાદનોની આપતી ખાતરી.**

હાથસાળનું નિશાન

ભારતમાં નિર્મિત હાથવણાટનું ઉત્પાદન.




સીધી કે પરોક્ષ રોજગારી પૂરી પાડે છે અને એ તમામને રાતોરાત મોંઘા, અતિ વિશિષ્ટ ઉત્પાદનો તૈયાર કરવાની તાલીમ આપી ન શકાય. તેમ છતાં, હાથસાળ આજે પણ દેશના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં રોજીરોટીનું મુખ્ય સાધન બની રહી છે. આમાં મોટો ખતરો પાવરલૂમ અને મિલ ક્ષેત્રો તરફથી છે, કારણ કે મોટા ભાગના હાથવણાટનાં ઉત્પાદનોની નકલ શક્ય છે અને તે પણ ખૂબ સરળ અને ઝડપથી થઈ શકે છે.

કેટલાક વણકરો તેમના કૌશલ્યને આધુનિક ઓપ આપીને જથ્થાબંધ ઉત્પાદન તરફ વળ્યા છે. પાવરલૂમ એટલે કે યંત્રશાળે માપ, ચોકસાઈ, કાર્યદક્ષતા અને ઝડપ દ્વારા આ વણકરોનું જીવન વધુ સરળ બનાવ્યું છે તે ચોક્કસ છે. પરંતુ તેણે અન્ય કેટલાય વણકરોની રોજીરોટી છીનવી લીધી છે. એવા લોકો કે જેમની પાસે નવાં વિકલ્પ અને લાભદાયક વ્યવસાય માટે પૂરતાં નાણાં કે સગવડ નથી અને ખાસ કરીને દેશમાં વીજળીની અતિશય અછત છે ત્યારે યંત્રશાળ અપનાવવાનું તેમના માટે શક્ય નથી અને આવા લોકોને સૌથી વધુ સહન કરવાનું આવે છે.

આ પરિસ્થિતિમાં સમગ્ર હાથસાળ ક્ષેત્રને મદદ કરવાના હેતુથી અને લાખો હાથસાળ વણકરોની રોજીરોટીની સુરક્ષા કરવાના ઉદ્દેશ્યથી ખાસ યોજનાઓ અમલમાં મૂકવાનું અતિઆવશ્યક છે. જોકે, હાથસાળને 'વિકાસ' અને 'જથ્થાબંધ ઉત્પાદનોનું પ્રતિવિષ' માનનારા અને હાથસાળની વિરુદ્ધમાં દલીલ કરનારા સમક્ષ હું સ્પષ્ટતા કરવા માગું છું કે હાથસાળ અને યંત્રશાળ તથા મિલો એમ બન્ને ક્ષેત્ર એટલાં જ મહત્ત્વના છે અને બન્ને તદ્દન અલગ છે તેથી બન્ને માટે અલગ અલગ વ્યૂહરચનાની જરૂર છે. બન્ને ક્ષેત્રોને એકબીજાના સ્પર્ધક બનાવવાના બદલે હકીકતમાં પરસ્પર પૂરક બને તેવા પ્રયાસો જરૂરી છે, કારણ કે એક ક્ષેત્ર વિશ્વને કાપડ પૂરું પાડે છે તો બીજું લાખો લોકોને રોજગારી પૂરી પાડે છે. આપણી સરકાર બન્ને ક્ષેત્રોને આગળ વધારવાની અને પ્રોત્સાહન પૂરું પાડવાની નીતિનું પાલન કરી રહી છે. પરંતુ આ લેખ હાથસાળ ક્ષેત્ર અને તેના રક્ષણ પૂરતો મર્યાદિત છે.

હાથસાળને યંત્રશાળ અને મિલ ક્ષેત્ર સામે રક્ષણ પૂરું પાડવા જ ૧૯૮૫માં હાથસાળ (ઉત્પાદન માટે ચીજો અનામત રાખવી) ધારો ઘડવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ હાલમાં કાપડની ૧૧ પ્રકારની ચીજો (કેટલાંક ટેક્નિકલ માપદંડો સાથે) માત્ર ને માત્ર હાથસાળ પર જ ઉત્પાદન કરવા માટે અનામત રાખવામાં આવી છે. આ ચીજોનું યંત્રશાળ એટલે કે પાવરલૂમ ઉપર અથવા મિલમાં ઉત્પાદન કરવાની મનાઈ છે. આ મનાઈ હુકમના ભંગ બદલ દંડ કરવામાં આવે છે. સરકાર હાથસાળ વણકરોને રાષ્ટ્રીય હાથસાળ વિકાસ નિગમ દ્વારા રાહત દરે સૂતર પણ પૂરું પાડે છે. હાથસાળ વણકરોને વાજબી ભાવે પૂરતું સૂતર મળી રહે તે માટે આવશ્યક ચીજવસ્તુઓ ધારો, ૧૯૫૫ અંતર્ગત વ્યવસ્થાતંત્ર પણ ગોઠવવામાં આવ્યું છે. તેને (હેન્ક યાર્ન ઓબ્લીગેશન) કોકડી સૂતર જવાબદારી કહેવામાં આવે છે. આ કાયદો કાંતણ મિલો માટે અમુક ટકા સૂતર હાથસાળ માટે જરૂરી એવા કોકડી સ્વરૂપમાં ઉત્પાદન કરવાની ફરજ પાડે છે. સમગ્ર મૂલ્ય સાંકળ અંતર્ગત મિલ ક્ષેત્ર દ્વારા સરકારના આ બન્ને પગલાંનો જોરદાર વિરોધ કરાઈ રહ્યો છે. પરંતુ અત્યંત નાજુક એવા હાથસાળ ક્ષેત્રને થોડું ઘણું રક્ષણ પૂરું પાડવા સરકારના આ ઉપાયો

ચાલુ રાખવા એ આ સમયની માંગ છે. ખરું કહીએ તો આ બાબતમાં અસરકારક અમલ સુનિશ્ચિત કરવા અને અમલકર્તા તંત્રને હજી વધુ સુદૃઢ કરવાની જરૂર છે.

ચિંતાનું વધુ એક કારણ છે — આ ક્ષેત્રને નાણાંની ઉપલબ્ધતા. ત્રીજી વસ્તી ગણતરી દર્શાવે છે કે કુલ વણકરો પૈકી ૬૧ ટકા સ્વતંત્ર સ્વરોજગાર કરતા વણકરો છે, જ્યારે ૩૪ ટકા માલિક વણકરો કે ખાનગી હાથસાળ માલિકોને ત્યાં કામ કરતા અને કેવળ ૫ ટકા સંસ્થાગત રોજગારી હેઠળ કામ કરતા વણકરો છે. આ ઉપરાંત વણકરોની વિગતો દર્શાવે છે કે સામાન્યતઃ તેઓ પૈસે ટકે સમૃદ્ધ નથી. એજન્ટો, માલિક વણકરો, વચેટિયાઓને લીધે વણકરોને કાયમ તેમની મહેનતનું યોગ્ય વળતર મળતું નથી. વણકરોને પૈસાના અભાવ ઉપરાંત તેઓ ઓછું ભણેલાં અને કમાણીના ટાંચા સાધનોવાળા જ હોય છે. બેંકો જેવા ઔપચારિક સ્રોતો પાસેથી તેમને ધિરાણ મળતું નહીં હોવાની બાબત તેમની તકલીફો અનેક ગણી વધી જાય છે.

વણકરોની નાણાકીય કટોકટીને પારખીને સરકારે ૨૦૧૧માં વણકરો તેમજ તેમની સહકારી મંડળીઓએ લીધેલી લોનો માફ કરવા માટે રૂ. ૩૦૦૦ કરોડની નાણાકીય રાહતની જાહેરાત કરી હતી. આ રાહત યોજનાનો હેતુ અટકી પડેલો ધિરાણ પ્રવાહ ફરી ચાલુ થાય અને તેઓને ફરી ધિરાણપાત્ર બને તેવો હતો. યોજનાની ઉદાર માર્ગદર્શક રૂપરેખા હોવા છતાં તમામ રાજ્યોમાં મળી વણકરોના લગભગ એક હજાર કરોડ રૂપિયાના ધિરાણો માફ કરવામાં આવ્યાં હતાં, જ્યારે હાથસાળ મંડળીઓ ઉપરાંત લગભગ ૫૦ હજાર જેટલા વ્યક્તિગત વણકરોને યોજનાનો લાભ થયો હતો. યોજનાનું પરિણામ અનેકો માટે આંખ ઉઘાડનારું હતું. તેનાથી એક હકીકત છતી થઈ કે છેલ્લા કેટલાય દાયકાઓથી આ ક્ષેત્રે ખાસ ધિરાણ થયું જ નથી. તેનાથી રામબાણ ઉપાયોની જરૂર જણાઈ અને સરકારે હાથસાળ ક્ષેત્રને ૬ ટકાના દરે ધિરાણ આપવાનું નક્કી કર્યું. તદ્દન ઓછા વ્યાજની આ લોન મૂડીગત અસ્કયામતો ઊભી કરવાની સાથોસાથ કાર્યશીલ મૂડી તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. આ યોજનાને જો તેના ખરા સ્વરૂપમાં અમલમાં મૂકવામાં આવે તો પરિવર્તક સાબિત થઈ શકે છે. તેનાથી વણકરોને રંગાટીકામ, અન્ય વણાટ પ્રક્રિયા અને હાથવણાટના કાપડને આખરી ઓપ આપવાની સગવડો ઉભી કરવા ઉપરાંત ખૂબ જરૂરી એવી કાર્યશીલ મૂડી પણ પૂરી પાડી શકાય છે.

વણકરોના શૈક્ષણિક સ્તર અંગે વસ્તીગણતરી નિર્દેશ કરે છે કે ૮૩ ટકા વણકરો માધ્યમિક શિક્ષણ સ્તરથી પણ ઓછું ભણેલા છે અને કેવળ ૧૭ ટકા જ માધ્યમિક શિક્ષણ કે તેથી વધુ ભણેલા છે. આ મુદ્દો ખૂબ ચિંતાજનક વિચારસરણી દર્શાવે છે કે વણાટકામ વ્યવસાય ઓછું ભણેલા માટે જ છે. આ એક જ તારણ આ વ્યવસાય સાથે જોડાયેલાની ગૌરવની ભાવના હણી નાખે છે. આપણે જો નવી પેઢીને આ ક્ષેત્રમાં રોકી રાખવા માગતાં હોઈશું તો આપણે હાથસાળ વણાટને પણ ફાઈન આર્ટ, ફોટોગ્રાફી, સંગીત વગેરે જેવા આધુનિક વ્યવસાયોની જેમ જ માન આપવાનું શરૂ કરવું પડશે. તેના પ્રથમ પગલા તરીકે 'નિફ્ટ' જેવી સંસ્થાઓએ હાથસાળ જૂથોમાં વિદ્યાર્થીઓને અને કારીગરોને તાલીમ આપવાનું શરૂ કરવું પડશે. આવી સંસ્થાઓના વ્યાવસાયિકો માટેના સતત શિક્ષણ જેવા પ્રતિષ્ઠિત તાલીમ કાર્યક્રમો ખાસ હાથસાળ વણકરોના સંતાનો માટે પણ શરૂ કરી શકાય. 'નિફ્ટ'નું પ્રમાણપત્ર તેમનામાં ગૌરવની ભાવના પેદા કરશે અને તેમનું કૌશલ્ય સુધારવાની સાથે તેનો પાયો પણ બહોળો બનાવશે. પછી તે નિશ્ચિત ધારાધોરણ બનીને તેમની રોજગારીની તકોની સાથે વેચાણ પાત્રતામાં પણ વધારો કરશે. આપણે એ યાદ રાખવું જોઈએ કે હસ્તકલા કારીગરી એક પેઢી દ્વારા બીજી પેઢીમાં કૌશલ્યના વારસા દ્વારા જ જળવાઈ રહી છે અને તેથી આ વ્યવસાયમાં નવી પેઢીને ટકાવી રાખવી તે ખૂબ મહત્ત્વનું છે.

હાથસાળ (સંરક્ષણ માટે ચીજવસ્તુઓ અનામત રાખવી) ધારો, ૧૯૮૫ની કલમ ૨(ખ)ની વ્યાખ્યા મુજબ હાથસાળ એટલે યંત્રસાળ સિવાયની કોઈપણ સાળ. ભારતીય માનક બ્યૂરો-બીઆઈએસ પ્રમાણે "હાથસાળ એટલે વણીને કપડું ઉત્પાદન કરવા માટેનું હાથથી ચાલતું યંત્ર. કેટલાક કિસ્સાઓમાં તાણા-વાણા ઉપર-નીચે કરવાની શેડિંગની કામગીરી પગથી કરવામાં આવે છે."

ચાલો આપણે હાથવણાટની પ્રક્રિયાની ટેક્નિકલ વિગતો મેળવીએ. આપણે ઉપર ચર્ચા કર્યા મુજબ હાથસાળના વણાટકામમાં પ્રાથમિક ત્રણ કામગીરી, શેડિંગ, પિકિંગ અને બીટિંગનો સમાવેશ થાય છે. શેડિંગ પ્રક્રિયામાં ઈચ્છિત ભાત (પેટર્ન) પ્રમાણે વાણા પરોવી શકાય તે માટે વાણાના દોરા છૂટા પડાય છે. શેડ દ્વારા જરૂરી લંબાઈના તાણા નાખવાની કામગીરી એટેલે પિકિંગ. ત્યાર બાદ કાંડલો અથવા રીડ વાણાને તાણા વચ્ચે ધકેલે છે અથવા બીટિંગ કરે છે. આ ત્રણેય કામગીરી માટે

કપડું વણનારે ઊર્જાનો (વીજળીનો) ઉપયોગ કરવાની હોય છે. વીજળીનો ઉપયોગ કર્યા વગર તેનું યાંત્રિકરણ કરવાને વિપુલ અવકાશ છે. તેના ઉપરાંત વણાટ પહેલાંના કોકડી વીંટવાના કે સાઈઝિંગ જેવાં કામો અને વણાટ પછીનાં કામોનું પણ યાંત્રિકરણ કરીને વણાટમાંની કંટાળાજનક કામગીરીને મોટા પ્રમાણમાં ઘટાડી શકાય છે. આજ સુધી આ બાબતો ધ્યાન બહાર રહી છે અને તેનો પ્રયોગ કરવામાં નથી આવ્યો. આ ક્ષેત્રમાં જો સંશોધન કરાય તો હાથવણાટના આત્માને હણ્યા વિના મહેનત ઘટાડી શકાશે. હાથસાળના યાંત્રિકરણના મુદ્દે દેશમાં બહુ મોટો વિવાદ ચાલી રહ્યો છે. સન ૨૦૧૩માં આયોજન પંચે હાથસાળ કાપડની પુનઃ વ્યાખ્યા કરવાનું સૂચવ્યું હતું કે, ‘‘કોઈપણ યંત્ર મિશ્રિત સાળ કે જેમાં વણાટકામની કોઈપણ એક કામગીરી માનવ દરમ્યાનગિરી અથવા માનવબળથી થતી હોય તેને હાથસાળનું ઉત્પાદન ગણવું.’’ કાપડ મંત્રાલયે પણ યંત્ર મિશ્રિત-હાઈબ્રીડ સાળ, કે જેમાં અમુક ગતિ આપવા માટે વીજળીનો ઉપયોગ કરવાનું સૂચવ્યું હતું. ધારણા મુજબ જ, આ વિચારનો ખુદ વણકર સમુદાય દ્વારા સમગ્ર દેશમાં વિરોધ કરવામાં આવ્યો હતો અને વ્યાપક આંદોલનો થયાં હતાં. હું કહીશ કે આ વિરોધ સાચો હતો, કારણ કે આ પગલાંએ આગામી વર્ષોમાં હાથસાળની કળાનો ભોગ લઈ લીધો હોય. એવું થયું હોત તો આજે હાથસાળના નામે ઢગલાબંધ વેચાતી યંત્રસાળની ચીજવસ્તુઓએ હકપૂર્વક ખરેખર હાથસાળની બનેલી ચીજોની સ્પર્ધા કરી હોત અને હાથસાળની ચીજોને હરાવી હોત. હાથસાળ ક્ષેત્રના રક્ષણ અને વિકાસ માટે અમલમાં મૂકેલી સરકારી યોજનાઓનો લાભ યંત્રસાળ વણકરો (જેમની સંખ્યા હાથસાળ વણકરો કરતાં વધુ છે) લઈ ગયા હોત. તેનાથી એ હાથસાળ ક્ષેત્રનો વહેલા-મોડો અસ્ત થવાનું નિશ્ચત થઈ ગયું હોત. સારું થયું કે ૨૦૧૪માં જ કાપડ મંત્રાલયે હાથસાળની વર્તમાન વ્યાખ્યા ‘‘યંત્રસાળ સિવાયની કોઈપણ સાળ’’ને જ યથાવત રાખવાનું વલણ લીધું. સાથોસાથ તેણે બહેતર ઉત્પાદકતા હાંસલ કરવા અને માનવ શ્રમ કે દરમ્યાનગિરી ઘટાડવાના લક્ષ્ય સાથે આ વ્યાખ્યાની સમીક્ષા કરવાની ભલામણ કરી.

હું અહીં એ દલીલ કરવા માગું છું કે વર્તમાન વ્યાખ્યા પ્રાથમિક અને દ્વિતીય સ્તરની ગતિના યાંત્રિકરણને બાકાત રાખતી નથી. યાંત્રિકરણનો અર્થ વીજળીનો ઉપયોગ નથી થતો. તેનો સીધોસાદો અર્થ એટલો જ છે કે વણાટકામની કાર્યદક્ષતા સુધારવા અને મહેનત ઘટાડવા યાંત્રિક શક્તિ, ઉપકરણો અને રીતનો ઉપયોગ કરવો. વધુ સરળ અર્થ એ જ કે મશીનનો - યંત્રનો ઉપયોગ કરવો.

હકીકતમાં હાથસાળ ખુદ એક યંત્ર છે. પરંતુ એવું જોવામાં આવ્યું છે કે પરંપરાગત સાળની રચના વૈજ્ઞાનિક અને ચલાવવામાં સાનુકૂળ આકારની નથી. વણાટની પરંપરાગત રીતમાં પણ કંટાળાજનક પ્રક્રિયાઓ, પૂરા સમયની વ્યસ્તતા, શારીરિક અગવડ અને ઓછું નાણાકીય વળતર સમાયેલાં છે. એક મોજણી (સરવે) અનુસાર આવી થકવી નાખતી એકધારી કામગીરીથી વણાટકામ કરનારને શરીર અકડાઈ જવાની સાથે હથેળી, હાથ અને પગનાં સ્નાયુઓ તથા ચેતાવાહિનીઓમાં સખત દુખાવો થઈ જાય છે.

ચિંતાની બાબત એ છે કે હાથસાળ ક્ષેત્રમાં મર્યાદિત સંશોધન અને વારસાગત અવકાશના કારણે ખાસ વધારે ટેકનોલોજી ઉમેરાઈ જ નથી. પરંપરાગત કાર્યપદ્ધતિ જ હજી સૌથી વધુ પ્રચલિત છે. પરિણામ સ્વરૂપ હાથવણાટ કાયમની જેમ શ્રમપ્રધાન અને ઓછી ઉત્પાદકતાવાળું કામ જ રહ્યું છે.

હાથસાળ ઉપર કાપડનું ઉત્પાદન વધારવા નવીનીકરણ અને સુધારા આવશ્યક બન્યા છે. યાંત્રિકરણથી કાર્યકુશળતાના વર્તમાન સ્તરે પણ વણકરની કાર્યદક્ષતા અને વણેલા કાપડની ગુણવત્તામાં સુધારો કરશે. ટેકનોલોજીગત ઉર્ધ્વીકરણ તરફનું પહેલું પગલું હતું. ૧૭૭૩માં જહોન કે દ્વારા પેટન્ટ કરાવાયેલી ઉડતી શટલ -(કાંઠલા)ની શોધ હતી. વણાટકામના વિકાસમાં તેણે ચાવીરૂપ કામ કર્યું, કારણ કે તેનાથી તાણા વચ્ચેથી વાણા પસાર કરવાનું હાથથી કરવું પડતું, કુશળતા માંગી લેતું અને થકવી નાખતું કામ સુધર્યું. બાદમાં હાથસાળ વિકાસની પ્રવૃત્તિઓના ભાગરૂપે વણાટની જટિલ ભાત-પેટર્ન બનાવવા માટે ડોબી અને જેકાર્ડના રૂપમાં વિવિધ ટેક્નિકલ આંતરિક સંશોધનો થયાં. તે જ રીતે નક્કર કિનારીઓ માટેની એસપીએસ કોર્વોઈ સ્લે અને કેચ કોર્ડ સિસ્ટમ તેમજ એકસાથે અનેક બુટ્ટીઓ બનાવવા માટે અનેક બુટ્ટી સ્લે જેવી પદ્ધતિઓ પણ ઉમેરાઈ. આ શોધોએ વણકરોની કાર્યદક્ષતામાં અનેક ગણો વધારો કર્યો. તે જ રીતે મેટ્સ, સ્ટોલ્સ, વગેરે જેવી ટૂંકા પનાની વસ્તુઓ વણવા ટ્વીન કલોથ વીવિંગ મિકેનિઝમ અને વિવિધ વાણાના એક સાથે વણાટ માટે મલ્ટીપલ બોક્સ મોશન જેવી પદ્ધતિઓએ પણ વણકરોના થાકમાં સારો ઘટાડો કર્યો.

આપણે જો ઈચ્છતા હોઈએ કે હાથસાળ ક્ષેત્રનું નાનું એકમ વણાટ કામમાં સારું વળતર આપે તો સાળ ઉપર ખર્ચાનારા કામના કલાકો વધારે હોવા જોઈએ. વ્યાપારિક હેતુથી વણાટકામની જરૂરિયાતો, ઘરઘરાઉ વણાટ કે જેમાં સાળમાં થોડાઘણા ફેરફારો જ આવશ્યક હોય છે તેના કરતાં જુદી છે. સામાન્ય કે અદના વણકરો માટે સેમિ-ઓટોમેટિક હાથસાળ એક સારો ઉપાય છે. તેની સાથે ઓટોમેટિક યંત્રસામગ્રી અને ગતિ આપતી લેટ-ઓફ યાંત્રિકતા પણ જોડી શકાય. લાકડા કે વાંસના ટેમ્પલના સ્થાને રોલર ટેમ્પલ વાપરી શકાય અને વર્તમાન હાથસાળમાં વાણા તથા પોત માટે બીમ પણ આપી શકાય. તેનાથી કામ સરળ બનવાની સાથે વિવિધતા સાથે વિવિધતાનો સંયોગ થશે.

હાથસાળ ક્ષેત્રે સંશોધન માટે ખાસ પ્રોત્સાહક યોજનાઓની પણ જરૂર છે. ટેકનોલોજીગત નવીનીકરણ ડિઝાઈન વિકાસ અને ઉત્પાદન પ્રક્રિયા માટે નવી સંભાવનાઓનું સર્જન કરી શકે છે. ઉપર ચર્ચા કરી તે યંત્રસામગ્રી અને સાધનોની બાબતમાં ઉત્પાદન ટેકનોલોજીમાં સુધારા ઉપરાંત ઉત્પાદનની ટેક્નિક-પદ્ધતિ, યંત્ર સામગ્રીનો ઉપયોગ અને કાચામાલ અથવા તૈયાર માલ પરની પ્રક્રિયા જેવી ઉત્પાદન પદ્ધતિમાં પણ સુધારો કરી શકાય છે. માનવ પ્રયાસો, સમય અને શક્તિની બચત કરે તેવી પ્રક્રિયામાં નવીનતા આજના સમયની તાતી જરૂરિયાત છે. વણાટ પહેલાંની અને વણાટ પછીની બીજા સ્તરની ગતિને પણ યાંત્રિક કરી શકાય છે. ખરેખર તો તે તમામ કામગીરી વણાટ પ્રક્રિયાનો ભાગ નહીં હોવાથી મોટર આધારિત કરી શકાય છે. આ ઉપરાંત વણાટ કામની ત્રણ પ્રાથમિક ગતિઓને અલગ અલગ જોવાની અને તેની કામગીરીમાં સંશોધન દ્વારા ટેક્નિકલ સુધારા કરવાની જરૂર છે, જેથી વણાટકામ કરનારને પડતા શારીરિક તણાવના સ્તરમાં ઘટાડો થાય. આ કામગીરીઓને વીજળીનો ઉપયોગ કર્યા વગર કરી શકાય.

સૌથી મોટો પડકાર છે વિકસાવવામાં આવેલી નવી ટેકનોલોજીને અપનાવવાનો. નવી માહિતીના પ્રસારનો અભાવ અને યુગો પુરાણી પરંપરાગત વણાટ કામગીરીને જ વળગી રહેવાની વણકરોની માન્યતાના કારણે નવી ટેકનોલોજી સ્વીકારવાની તેઓની આનાકાની તેનાં કારણો છે. એ માટે સરકારની તમામ યોજનાઓમાં તેમને ભાગીદાર બનાવીને ખાસ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. સંશોધન અને વિકાસની માહિતી અસરકારક રીતે નીચેના ક્ષેત્ર સુધી પહોંચાડવાથી મોટા પાયે રોજગારી અને ઉત્પાદન હાંસલ કરી શકાશે.

જ્યાં નિયમિતપણે વેપારી ધોરણે હાથવણાટની ચીજો ઉત્પાદન કરાય છે ત્યાં વેચાણની સ્મસ્યા ઊભી થાય છે. આ પણ બધી એવી બાબત છે જ્યાં સરકારે પગલાં લેવા જરૂરી છે. આ ક્ષેત્રની એક માંગ એ પણ છે કે તેને મનરેગા સાથે જોડવું જોઈએ. આ વિશે પણ ચિંતન કરવાની જરૂર છે. આજે તમામ રાજ્યોમાં શાળાના બાળકોનો ગણવેશ (યુનિફૉર્મ) અને આંગણવાડીના કાર્યકરોના કપડાં સરકાર પૂરાં પાડે છે. આ કપડાં માટે માત્ર ને માત્ર હાથસાળનું જ કાપડ



વાપરવાનો નિર્ણય કરી શકાય. હાથસાળ કામદારોની મનરેગા હેઠળ નોંધણી કરીને તેઓ જો જરૂર લંબાઈ-પનાનું કાપડ વણે તો તેમને નિર્ધારિત વેતન ચૂકવીને તૈયાર થયેલું કાપડ શાળાઓને તથા આંગણવાડી કેન્દ્રોને પૂરું પાડી શકાય છે.

આપણા સંશોધકો અને વિજ્ઞાનીઓ માટે પડકાર એ છે કે તેઓ ઉત્પાદનનો પાયો બહોળો થાય તેવી ટેકનોલોજી રજૂ કરે અને હાથવણાટની ચીજોનો અનન્ય વેચાણ હિસ્સો, વિશિષ્ટતાઓ તેમ જ તેની સાથેના ભાવાનાત્મક પાસા સાથે બાંધછોડ કર્યા વિના વણાટ પ્રક્રિયાનું આધુનિકરણ થાય.

**લેખિકા ભારતીય સનદી સેવા, ૧૯૮૯ બેચના ઉત્તર પ્રદેશ કેડરના અધિકારી છે. તેમણે કાપડ ક્ષેત્રમાં ૭ વર્ષ કામ કર્યું છે. તેઓ કાપડ મંત્રાલયમાં લગભગ ૬ વર્ષ સંયુક્ત સચિવ પદે હતાં, જે દરમ્યાન હાથસાળ વિકાસ કમિશનરનો વધારાનો હવાલો સંભાળતાં હતાં. આ ઉપરાંત 'નિફ્ટ'ના મહાનિયામક અને હસ્તકલા કારીગરીના વિકાસ કમિશનર તરીકે પણ લાંબા સમય સુધી સેવાઓ આપી હતી. તેમણે વ્યક્ત કરેલા અભિપ્રાય તેમના વ્યક્તિગત છે.**

# કૌશલ્ય વિકાસ : ભારતના વિકાસની ચાવી

**ડૉ. સ્વાતિ મઝુમદાર**




*મોદી સરકારે અલાયદા કૌશલ્ય વિકાસ મંત્રાલયની રચનાની સાથોસાથ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન જેવું સાહસ ખોલીને 'સ્કિલ ઈન્ડિયા' જેવી ભગીરથ ઝુંબેશ હાથ ધરી છે. 'મેક ઈન ઈન્ડિયા' પાછળ રહેલી પ્રધાનમંત્રીની દૂરંદેશીને સાકાર કરવા 'સ્કિલ ઈન્ડિયા'નો ટેકો પૂરેપૂરો જોઈશે, પરિણામે ૨૦૨૨ સુધીમાં ૧૫ કરોડ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવા ઉદ્યોગજગત તથા શિક્ષણજગતનો સાથ લેવાની રણનીતિ અમલમાં મુકાઈ છે. ઉદ્યોગજગતની કૌશલ્યબદ્ધ શ્રમિકોની માંગ અનુસાર અલગ અલગ વિષય પ્રમાણે સ્કિલ કાઉન્સિલની રચના વડે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશને તેમાં તજજ્ઞો તથા ઉદ્યોગક્ષેત્રની સેવા લીધી છે.*

વિશ્વમાં સૌથી વધુ ઝડપે વિકસી રહેલા અર્થતંત્ર પૈકી ભારત એવો અનોખો લાભ ધરાવે છે જેની પાસે કૌશલ્યબદ્ધ કરી શકાય તેવી યુવાન માનવમૂડી સૌથી વધુ હોય. વિકસિત દેશ બનવા માટે ભારતે પોતાની માનવશ્રમ મૂડીને કૌશલ્યની એરણે ચડાવવી અનિવાર્ય છે, કારણ કે આ બાબતમાં આપણે ઘણા પાછળ છીએ. ઉદ્યોગને ખપ પડે તેવો શ્રમિક વર્ગ ભારતમાં ખૂબ ઓછો છે. કોરિયાની ૯૩ ટકા વસતિ ઔદ્યોગિક કૌશલ્ય ધરાવે છે, જ્યારે ભારતમાં આ પ્રમાણ માંડ ૧૦ ટકા છે, પરિણામે મોદી સરકારે અલાયદા કૌશલ્ય વિકાસ મંત્રાલયની રચનાની સાથોસાથ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન જેવું સાહસ ખોલીને 'સ્કિલ ઈન્ડિયા' જેવી ભગીરથ ઝુંબેશ હાથ ધરી છે. 'મેક ઈન ઈન્ડિયા' પાછળ રહેલી પ્રધાનમંત્રીની દૂરંદેશીને સાકાર કરવા 'સ્કિલ ઈન્ડિયા'નો ટેકો પૂરેપૂરો જોઈશે, પરિણામે ૨૦૨૨ સુધીમાં ૧૫ કરોડ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવા ઉદ્યોગજગત તથા શિક્ષણજગતનો સાથ લેવાની રણનીતિ અમલમાં મુકાઈ છે.

ઉદ્યોગજગતની કૌશલ્યબદ્ધ શ્રમિકોની માંગ અનુસાર અલગ અલગ વિષય પ્રમાણે સ્કિલ કાઉન્સિલની રચના વડે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશને તેમાં તજજ્ઞો તથા ઉદ્યોગક્ષેત્રની સેવા લીધી છે. મહારાષ્ટ્ર સરકારે કૌશલ્ય વિકાસ તથા વ્યવસાયલક્ષી શિક્ષણ અંગેની નીતિ ઘડવા રચેલી ૧૧ સભ્યોની ટીમમાં સભ્ય હોવાને નાતે આ ક્ષેત્રનો તલસ્પર્શી અભ્યાસ કરવાની મને તક મળી છે. છેલ્લાં ચાર વર્ષમાં હજારો વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે વાતચીત કરવાની તક મળતાં, નવી પેઢીને કોઈ ને કોઈ ટેક્નિકલ હુન્નર શીખવા માટે પ્રેરણાબદ્ધ થતી રોકવામાં જવાબદાર પરિબળ જણાયા તેની વાત અહીં રજૂ કરું છું :

૧. વ્યવસાયલક્ષી કોર્સ એવો ઢાંચો ધરાવે છે જેમાં સર્ટિફિકેટથી આગળ ડિપ્લોમા અને પછી ડિગ્રી એવી કોઈ જોગવાઈ હોતી નથી. કોર્સ કરી લીધો એટલે વાત ત્યાં પૂરી, આગળ પ્રગતિની કોઈ ગુંજાયશ નહીં. પરિણામે જન્મદત્ત હુન્નર - ગુણ ધરાવતાં બાળકનો પરિવાર પણ ઇચ્છતો નથી કે તેમનું સંતાન વ્યવસાયલક્ષી શિક્ષણ અપનાવે. પરિણામે ઉદ્યોગક્ષેત્રને પ્રતિભાવંત કામદાર મળતા નથી.
૨. વ્યવસાયલક્ષી ભણતર પસંદ કરનારની સામાજિક સ્વીકૃતિ ઓછી છે. અન્ય વિદ્યાશાખાની તુલનાએ ટેક્નિકલ કોર્સ કરનારને કોઈની માનભરી નજર મળતી નથી,

પરિણામે સમાજમાં મોભો મળે તેવા અભ્યાસક્રમ તરફ વિદ્યાર્થીઓનો ધસારો રહે છે. સ્નાતક કક્ષાથી નીચી પાયરીએ ઉપલબ્ધ ટેક્નિકલ કોર્સ રોજગારી આપતા હોવાથી કેટલાક હોશિયાર અને જરૂરતમંદ છોકરાં તેમાં જોડાય છે ખરાં, પરંતુ સામાજિક સ્વીકૃતિ ઓછી હોવાનું ભાન થતા સરવાળે હતાશ થયાના અનેક દાખલા નોંધાતા રહ્યા છે.

૩. વ્યવસાયલક્ષી શિક્ષણ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંગાળ છે સાથોસાથ અભ્યાસક્રમ ઢંગધડા વગરના હોવાથી કૌશલ્યની ખિલવણીનો હેતુ બર આવતો નથી. ઉદ્યોગોમાં વપરાતી મશીનરી અને ટેક્નિકલ સંસ્થાની સગવડ વચ્ચે એવડો ભેદ રહે છે કે ઉદ્યોગને જરૂર છે તેવા લોકો આવી સંસ્થા તૈયાર કરી શકતી નથી.

૪. ટેક્નિકલ શિક્ષકોની કાબેલિયત એટલી ઓછી માલૂમ પડી છે કે ઉદ્યોગલક્ષી કૌશલ્યનું તેઓ સિંચન કરી શકતા નથી, પરિણામે વિદ્યાર્થી સારો કારીગર બન્યા વગર બહાર પડે છે. રોજગારી માટે કોશિશ શરૂ કરે ત્યારે વિદ્યાર્થીને ખબર પડે છે કે ઘણું બધું શીખવું હજુ બાકી છે.

૫. અલબત્ત, ઉદ્યોગ જગત પણ કૌશલ્ય સંસ્થાઓને મદદ કરવા પ્રત્યે ઉદાસીન માલૂમ પડી છે. ખાસ કરીને લઘુ તથા મધ્યમ કદના એકમો સર્ટિફિકેટ ધરવાતા કારીગરને નોકરીઓ આપવા માગતા હોતા નથી. લાયકાત વગરનો કારીગર તેમને સસ્તો પડે છે. અર્ધકુશળ કામદારને ઓછા પગારે રાખી ગમે ત્યારે છૂટો કરી શકાતો હોવાથી તાલીમબદ્ધ સર્ટિફિકેટ હોલ્ડરને નાના ઉદ્યોગો નોકરીએ રાખતા અચકાય છે.

૬. વિવિધ મંત્રાલય દ્વારા ચાલતા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ વચ્ચે પરસ્પર સંકલન કે સાતત્યનો અભાવ હોવાથી વિદ્યાર્થીઓ ગૂંચવાડામાં પડે છે, પસંદગી અઘરી બને છે.

સફેદ કૉલર નોકરી શોધતી યુવાપેઢીને કસબ હુન્નર શીખવી કામધંધે વળગાડવા મોદી સરકારે જહેમત ઉઠાવી છે ખરી, પરંતુ ઉપરના ૬ પરિબળનો ઈલાજ કર્યા વગર 'સ્કિલ ઈન્ડિયા' સફળ થવાનું નથી. પરિણામે હાલ તુરંત અમૂક ઉપાય કરવા જ રહ્યા. જેમ કે :

૧. ટેક્નિકલ શિક્ષણ માટેના સર્ટિફિકેટ કોર્સનું ફલક વિસ્તૃત બનાવવા તેમાં ડિપ્લોમા અને ડિગ્રી મળે ત્યાં સુધીની કડી જોડવી. સ્કિલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી ખોલીને ઉચ્ચકક્ષાના કૌશલ્ય માટે ડિગ્રી કોર્સ શરૂ કરવા. યુનિવર્સિટી મારફત અપાતું ઉચ્ચ શિક્ષણ સમાજમાં સ્વીકૃત હોવાથી સારા વિદ્યાર્થી ટેક્નિકલ કેરિયર તરફ વળશે.

૨. ધો. ૧૨ પછી અન્ય વિદ્યાશાખાની માફક ટેક્નિકલ વિદ્યાશાખા હોવી જોઈએ જેમાં જોડાનારને આર્ટ્સ, કોમર્સ, સાયન્સની સ્નાતકકક્ષા સમકક્ષ ટેક્નિકલ ડિગ્રી આપવી.

૩. ઉદ્યોગજગત તરફથી ટેક્નિકલ સંસ્થાઓને મશીનરી તથા કાબેલ શિક્ષક પૂરા પાડવા જોઈએ જેથી તેમને જરૂર છે તેવા કારીગર ફટાફટ તૈયાર થવા લાગશે.

૪. ઉદ્યોગમાં સર્ટિફિકેટ કે ડિગ્રી ધરાવનારને નોકરી આપવાનો આગ્રહ વધવો જોઈએ. ચાલુ કારીગરોને પણ પ્રમોશન માટે નવો કોર્સ કરવાની સગવડ સાથે પ્રેરણા આપવી જોઈએ.

૫. ટેક્નિકલ અભ્યાસક્રમમાં દેશવ્યાપી સમાનતા અને ગુણવત્તાના માપદંડ નિર્ધારિત થવા જોઈએ. શિક્ષણ આપતી તમામ ક્ષેત્રની સંસ્થા વચ્ચે જીવંત સંકલન હોવું ઘટે.

૬. ટેક્નિકલ શિક્ષકો તથા તજજ્ઞોનું સ્તર સદાય ઉન્નત રાખવા તેમના માટે પણ ઉત્તમ તાલીમનો બંદોબસ્ત ગોઠવવો રહ્યો.

ઉપરોક્ત તમામ ભલામણનો સચોટ અમલ થાય તો બાળકોને ટેક્નિકલ શિક્ષણમાં દાખલ કરતા માબાપ જરાય અચકાશે નહીં અને તેમની સામાજિક સ્વીકૃતિ પણ વધશે. બીજી બાજુ ઔદ્યોગિક એકમોને તેમની જરૂરિયાત પ્રમાણેના શ્રમિક આપોઆપ મળતા થતા અર્થતંત્રને પણ ફાયદો થશે. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન પ્રત્યેક રાજ્ય સાથે ઉપરોક્ત ભલામણ પ્રમાણેની કામગીરી ગોઠવવા પ્રયત્નશીલ બન્યું છે.

અનુભવના આધારે મારો વધુ આગ્રહ એવો છે કે શાળા અભ્યાસક્રમમાં જ ટેક્નિકલ કસબ શીખવવાની વાત ઉમેરવી જોઈએ. ભણતરના તમામ તબક્કે, તમામ કોર્સમાં કોઈક ને કોઈક ટેક્નિકલ કાબેલિયત શીખવવામાં આવે તો વિદ્યાર્થી આગળ જતા હુન્નરમાંથી કમાણી કરતો થશે અને કૌશલ્ય આધારિત શ્રમનો મહિમા સમાજમાં વધશે.

**લેખિકા સિમ્બયોસિસ ફાઉન્ડેશનના ઉપપ્રમુખ છે. વ્યવસાયલક્ષી શિક્ષણ માટે ઊંડું સંશોધન કરનાર ડૉ. સ્વાતી મજુમદાર પીએચ.ડી. થયેલાં છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં દેશની પહેલી સ્કિલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી તેઓ શરૂ કરી રહ્યાં છે, જેના માટે દેશવિદેશની નામાંકિત યુનિવર્સિટી તરફથી તેમણે સહયોગ મેળવ્યો છે.**

# ભારતની વૃદ્ધિ માટે કુશળતાઓના વિકાસની આવશ્યકતા

**એસ. એસ. મંથા**




*ભારતમાં શિક્ષણની સાથે કૌશલ્ય અને તાલીમનો સુમેળ કરીને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની સમકક્ષ હોય તેવા કૌશલ્યસભર અને ઉત્પાદકીય શ્રમબળનું સર્જન કરીને હું ભારતને 'દુનિયામાં કુશળતાની રાજધાની' તરીકે જોવા માંગીશ. તે મેક ઈન ઈન્ડિયાના વિચારને આગળ ધપાવવામાં મદદ કરી શકે છે જેનાથી ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન મળશે અને સ્ટાર્ટઅપ તથા નવા જોબમાર્કેટનો વિકાસ થશે. ઈન્ટરનેટ ઓફ થિંગ્ઝ (આઈઓટી) પર કેન્દ્રિત હોય તેવી નવી ટેકનોલોજીથી ભારતમાં ડિજિટલ ક્રાંતિ આવી રહી છે જે વિશાળ પ્રમાણમાં વૃદ્ધિ માટે એક ઈકોસિસ્ટમ (અનુકુળ સ્થિતિ) તૈયાર કરશે.*

ભારતના અસંગઠિત ક્ષેત્રમાં ૯૦ ટકા કામદારો કામ કરે છે, જે અર્થતંત્ર માટે મદદરૂપ તથા બોજારૂપ બંને છે. કેટલાક નિષ્ણાતોના મતે આ ક્ષેત્ર આ અંદાજ કરતા પણ વધુ મોટું છે. મદદરૂપ એટલા માટે છે કારણ કે તે મોટા જનસમૂહની આકાંક્ષાઓને પહોંચી વળે છે જેમાં સક્ષમ લોકો અને વંચિત લોકો વચ્ચેની ખાઇ ઘણી વિશાળ છે. તેથી તે નાવીન્યતાસભર રીતે તેના તમામ ગ્રાહકોની જરૂરિયાતને પહોંચી વળે છે. બોજારૂપ એટલા માટે કારણ કે તે ઔપચારિક અર્થતંત્રને સૌથી વધુ અસર કરે છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું આપણે ત્યાં દરેક સ્તરે પૂરતા પ્રમાણમાં રોજગારીની તક છે ખરી જે ઓછામાં ઓછી અડધી વસતી સુધી પહોંચી શકે. વિવિધ અહેવાલોમાં જણાવવામાં આવે છે કે આપણે ત્યાં તૈયાર થતા ૮૦ ટકાથી વધુ લોકો ક્યાંય રોજગારી આપી શકાય તેવા હોતા નથી. આ મુદ્દે આપણે ખુરશીમાં બેઠા બેઠા નકામી ચર્ચા કરતા રહીએ છીએ અને આવા અહેવાલો આપનારનું કામ માત્ર બેજવાબદારીપૂર્વક વાતો કરવાનું છે.

ઉપર જણાવેલી બે બાબતો એવી છે જેના માટે શૈક્ષણિક નિષ્ણાતો અને શિક્ષણના સત્તાવાળાઓએ શિક્ષણ માટે પૂરવઠા શૃંખલા (સપ્લાય ચેઇન) વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ જે આપણી સિસ્ટમમાં ઘુસી ગયેલી મોટી ખામીઓને દૂર કરવા માટે આવશ્યક છે. શું શાળા અને ઉચ્ચ શિક્ષણમાં અત્યારના માર્ગ પર ચાલવાનું ચાલુ રાખવું જોઈએ, જેમાં આગળ જતા બધા માર્ગ સાંકડા થતા જાય છે અને બીજાથી અલગ પડી જાય છે, અથવા આપણે નવી તકો શોધવી જોઈએ જેથી આ મહાન લોકશાહી દેશના રહેવાસીઓની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ સંતોષાય તથા પૂરતી તક મળે?

હવે આપણી શિક્ષણ પદ્ધતિ વિશે પુનઃવિચાર કરવાનો તથા તેનો રોજગાર તથા રોજગારની પાત્રતા સાથે સાંકળવાનો સમય આવી ગયો છે. વસતિના અભ્યાસ પરથી જણાય છે કે આપણી ૫૦ ટકા કરતા વધારે જનસંખ્યા આગામી ૧૦ વર્ષ સુધી મોટા ભાગે યુવાન હશે. તેથી તેમના વિશે શાંતિથી અને ઠંડા મગજથી વિચારવું જોઈએ કારણ કે આ યુવાવસતિની અંદર જુસ્સાની આગ પ્રજ્વલિત હશે અને તેની આકાંક્ષાઓ સંતોષવી રાષ્ટ્ર માટે મોટો પડકાર બની શકે છે.

શિક્ષણનો અભાવ અને કૌશલ્યનો અભાવ એ એક પ્રકારની ગંભીર બીમારી છે જેને આપણે વર્તમાન સિસ્ટમમાં પહોંચી

વળવાની જરૂર છે. આપણે જેટલી વધારે ઝડપથી આ કામ પાર પાડીશું તેટલું બધા માટે ફાયદાકારક રહેશે. શિક્ષણથી ચોક્કસપણે સ્વતંત્રતાપૂર્ણ જીવન જીવવાના માર્ગ ખુલી જાય છે અને તમામ સ્વતંત્રતા ત્યારે જ અર્થપૂર્ણ બને છે.

આપણે વિવિધ સેક્ટરમાં રહેલી વિવિધ રોજગારીની તકોનું આકલન કરવું જોઈએ અને આ ત્રણેય રોજગાર બજારોમાં જોબ માર્કેટને સુધારવા માટે સભાનપણે પ્રયાસ કરવા જોઈએ. અર્થતંત્રમાં સુધારો અને જીડીપીમાં વૃદ્ધિથી રોજગારીની તકો પર શ્રેણીબદ્ધ અસર પડે છે.

ભારતમાં શિક્ષણની સાથે કૌશલ્ય અને તાલીમનો સુમેળ કરીને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની સમકક્ષ હોય તેવા કૌશલ્યસભર અને ઉત્પાદકીય શ્રમબળનું સર્જન કરીને હું ભારતને 'દુનિયામાં કુશળતાની રાજધાની' તરીકે જોવા માંગીશ. તે મેક ઈન ઈન્ડિયાના વિચારને આગળ ધપાવવામાં મદદ કરી શકે છે જેનાથી ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન મળશે અને સ્ટાર્ટઅપ તથા નવા જોબમાર્કેટનો વિકાસ થશે. ઈન્ટરનેટ ઓફ થિંગ્ઝ (આઈઓટી) પર કેન્દ્રિત હોય તેવી નવી ટેકનોલોજીથી ભારતમાં ડિજિટલ ક્રાંતિ આવી રહી છે જે વિશાળ પ્રમાણમાં વૃદ્ધિ માટે એક ઈકોસિસ્ટમ (અનુકુળ સ્થિતિ) તૈયાર કરશે.

રાષ્ટ્રની શિક્ષણની પહેલમાં વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (વીઈટી)એ એક મહત્ત્વનું પરિબળ છે, જેમાં મહત્ત્વના પરિબળોને પુનઃવ્યાખ્યાયિત કરવાની તાતી જરૂરિયાત છે જેથી તેની તાલીમ લવચિક, સમકાલિન, ઉપયોગી, સમાવેશક અને સર્જનાત્મક હોય.

ભારતની વસતી ૧.૨૬૭ અબજ કરતા વધારે છે અને તેમાં ૪૭.૪૧ કરોડનું શ્રમબળ છે. ૨૦૧૧-૧૨માં કરવામાં આવેલા છેલ્લાં છેલ્લા એનએસએસઓના સરવે પ્રમાણે તેમાંથી ૩૩.૬૯ કરોડ જેટલા ગ્રામીણ કામદારો અને ૧૩.૭૨ કરોડ શહેરી કામદારો છે. ૨૦૧૦ના આંકડા પ્રમાણે ૪.૦૧૭ કરોડ લોકો બેરોજગારીના ચોપડે નોંધાયેલા હતા. દેશની વસતિમાં વાર્ષિક ૧.૫ ટકાના દરે વધારો થતો હોય ત્યારે આ તમામ બેરોજગાર લોકોને ૮.૮ ટકાના દરે રોજગારી આપવી એ ખરા અર્થમાં એક પ્રચંડ પડકારજનક કાર્ય છે. વસતિના આંકડા પ્રમાણે દેશમાં લગભગ ૩૫ ટકા ભારતીયોની ઉંમર અત્યારે ૧૫ વર્ષ કરતા ઓછી છે અને લગભગ ૫૦ ટકા લોકોની વય ૨૫ વર્ષ કરતા ઓછી છે. ભારતીયોની સરેરાશ વય હાલમાં ૨૪ વર્ષ છે એટલે કે વિશ્વમાં સૌથી વધુ યુવાન દેશો પૈકી એક ભારત છે.

બેરોજગારીના આંકડા ચિંતાજનક છે ત્યારે ડ્રોપ આઉટનો દર પણ આ સિસ્ટમ પર એટલો જ બોજરૂપ બન્યો છે. એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (૨૦૧૩) મુજબ ભારતમાં વિવિધ શહેરી અને ગ્રામ્ય શાળાઓમાં ધોરણ ૧થી ૧૨ સુધીમાં ૨૨.૯ કરોડ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા. અંદાજ એવો મૂકવામાં આવે છે કે ૪૩ કરોડ બાળકો ૧૮ વર્ષ કરતા ઓછી વયના છે. શિક્ષણ માટે પૂરતા નાણાં ન હોવાથી અથવા શિક્ષણમાં રસ ન હોવાના કારણે બાળકોમાં ડ્રોપ આઉટ (અધવચ્ચેથી શિક્ષણ છોડી દેવું) વધે છે. આ બાળકો કામ કરીને કે મહેનત મજુરી કરીને પોતાના પરિવારને અથવા માતા-પિતાને મદદ કરે છે.

૨૦૧૦માં સેકન્ડરી સ્તરે (કુલ શૂન્ય ટકા ) શાળામાં ભરતીનું મૂલ્ય ૬૩.૨૧ હતું જ્યારે ૨૦૧૪માં શિક્ષણના ત્રીજા સ્તરે આ પ્રમાણ ૨૦.૦ હતું. આ ઉપરાંત ૨૦૧૩-૧૪માં ૧૬૪.૭૫ લાખ વિદ્યાર્થીઓએ ધો.૧૦ની બોર્ડની પરીક્ષા આપી હતી. તેમાંથી ૧૨૮.૩૩ લાખ વિદ્યાર્થીઓ પાસ થયા અને ૩૬.૪૨ લાખ (૩૪ ટકા) વિદ્યાર્થીઓ નાપાસ થયા અને કદાચ દર વર્ષે તેઓ ભણતરમાંથી નીકળી ગયા. ૨૦૧૩-૧૪માં ૧૧૯.૨૩૪ લાખ વિદ્યાર્થીઓએ ધો.૧૨ની બોર્ડની પરીક્ષા આપી અને તેમાંથી ૯૫ લાખ વિદ્યાર્થીઓ પાસ થયા, ૨૪.૨૩ લાખ (૨૨ ટકા) વિદ્યાર્થીઓ નાપાસ થયા અને કદાચ દર વર્ષે ડ્રોપ આઉટ થયા.

ટૂંકમાં કહીએ તો ભારતમાં ૬૦ ટકા જેટલો શ્રમબળ સ્વરોજગાર ધરાવે છે. તેમાંથી ઘણા લોકો કાયમ અત્યંત ગરીબ રહે છે. લગભગ ૩૦ ટકા જેટલા અનિયમિત (કેજ્યુઅલ) કામદારો છે. માત્ર ૧૦ ટકા જેટલા જ કાયમી કામદારો છે જેમાંથી બે પંચમાંશ (૪૦ ટકા) જેટલા લોકો જાહેર સેક્ટરમાં રોજગારી મેળવે છે. ૯૦ ટકા કરતા વધારે શ્રમબળ અસંગઠિત સેક્ટરમાં રોજગારી મેળવે છે. એટલે કે એવા સેક્ટર જેમાં કોઈ સામાજિક સુરક્ષા હોતી નથી તથા સંગઠિત સેક્ટરના કર્મચારીને મળતા અન્ય લાભો મળતા હોતા નથી.

માથાદીઠ આવકના સ્તર અને

ઉત્પાદકતામાં ભારત સૌથી પાછળ રહી ગયેલા દેશો પૈકી એક છે. જાપાનમાં માથાદીઠ આવક ૩૦,૦૦૦ ડોલર છે, શ્રીલંકામાં માથાદીઠ વાર્ષિક આવક ૮૭૯ ડોલર અને ભારતમાં માત્ર ૪૩૩ ડોલર છે. હાલમાં ભારતની માથાદીઠ આવક વિકસિત દેશોની માથાદીઠ આવકના માત્ર ૭.૫ ટકા છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે ૫૦ વર્ષના સમયગાળામાં તેમાં ૮૦ ટકાનો વધારો કરવો પડશે.

**અમાન્ય કૌશલ્યો અને તેની અસરો**

એસ્પાયરિંગ માઈન્ડ્સ દ્વારા દેશભરમાં સ્નાતક વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા એક સર્વે પ્રમાણે ભારત દર વર્ષે ૫૦ લાખ ગ્રેજ્યુએટ્સ (સ્નાતકો) બહાર પાડે છે. આમ છતાં આપણને બજારમાં અને કામના સ્થળે ઉપયોગી બની શકે તેવા શ્રમબળ મળતો નથી. આ સ્થિતિના કારણે બજારમાં વ્હાઈટ કોલર જોબની ભારે માંગ પેદા થાય છે જે આટલી મોટી સંખ્યામાં પ્રાપ્ત હોતી નથી. માંગ અને પુરવઠાના અસંતુલનના કારણે ઓછા વેતને રોજગારી પેદા થાય છે. શ્રમબળમાં થતા વધારાના પ્રમાણમાં રોજગારી વધતી નથી તેના કારણે બેરોજગારીમાં વધારો થાય છે અને તેનાથી અસંતોષ વધે છે. આ તમામ મુદ્દા મોટા પ્રમાણમાં અસંતોષનું સ્વરૂપ ધારણ કરે તે પહેલા તેના પર ઝડપથી અને અસરકારક રીતે કામ કરવાની જરૂર છે.

**માર્ગમાં અવરોધો**

ઉત્પાદકતાને પ્રેરિત કરે તેવી ગુણવત્તાસભર વ્યાવસાયિક કૌશલ્યની ખામી, ભારતીય વાલીઓની માનસિકતા, અને કામકાજના કૌશલ્ય વગર માત્ર ડિગ્રીની લાયકાત મેળવતા વિદ્યાર્થીઓ આ માર્ગમાં સૌથી મોટા અવરોધો છે. સર્વિસ સેક્ટરના અર્થતંત્ર પર વધારે પડતો આધાર તથા સ્થિર વૃદ્ધિ નોંધાવવાની પ્રાથમિક અને સેકન્ડરી રોજગારી ક્ષેત્રની અક્ષમતાના કારણે આ સમસ્યાને વેગ મળે છે.

**તક**

હાલમાં જે લોકો કોલેજમાં અભ્યાસ કરે છે તેઓ વધારે સારી રોજગારી મેળવી શકે તે માટે તેમને કૌશલ્ય શીખવવાની જરૂરિયાત છે. કોલેજમાંથી ડ્રોપ આઉટ થતા અને જેમને રોજગારી માટે કૌશલ્યની જરૂર હોય છે તેવા જૂથની સરખામણીમાં આ સંખ્યા બહુ નાની છે. કદાચ ૧૦૦માં ૨૦ જેટલી. કામના સ્થળ માટે કૌશલ્યમાં વધારો કરવાથી બહુ આવશ્યક તક મળે છે. મોટા ભાગના વિકસિત દેશોમાં મોટી સંખ્યામાં વૃદ્ધ લોકોની સમસ્યા છે, ત્યારે આપણી પાસે વિશાળ તક છે. તાજેતરના અખબારી અહેવાલો પ્રમાણે આગામી કેટલાક વર્ષોમાં આ સંખ્યા જાપાનમાં ૮૦ લાખ જેટલી અને યુએસએમાં ૧.૭ કરોડ જેટલી હશે. સમગ્ર યુરોપની કુલ વસતિના ચાર ટકા લોકો વયોવૃદ્ધ હશે. ભારત જો આ તકનો લાભ નહીં ઉઠાવે તો ચીન, શ્રીલંકા જેવા દેશો પાસે આ તક જતી રહેશે.

**હવે શું કરવાની જરૂર છે?**

શાળા અને કોલેજોના શિક્ષણમાં કૌશલ્ય પર વધારે ભાર મૂકવામાં આવે તે એક રસ્તો છે. વિધિવતથી વ્યાવસાયિક શિક્ષણ પદ્ધતિ અને જોબ માર્કેટમાં અનેક જગ્યાએથી પ્રવેશ અને બહાર નીકળવાના રસ્તા હોવા જોઈએ. તેમાં માત્ર કૌશલ્યના સર્ટિફિકેટ, સોફ્ટ સ્કિલ, અગાઉ જે શીખ્યા હોય તેને માન્યતા વગેરે અમુક વિકલ્પો પૂરા પાડશે.

રોજગારી અને બજારની નવી તકો પેદા કરીને બેરોજગારીનો સામનો કરવામાં આવે અને મેક ઈન ઈન્ડિયાના ધ્યેયને સાકાર કરવામાં આવે તે વિશાળ લક્ષ્ય હોવું જોઈએ.

**ભવિષ્યનો માર્ગ**

એક નેશનલ સ્કિલ્સ યુનિવર્સિટી (એનએસયુ)ની સ્થાપના કરવી જોઈએ જેમાં એવા હેતુઓ નિર્ધારિત હોવા જોઈએ જે કેન્દ્ર સરકારની તમામ કૌશલ્ય પહેલને રાજ્ય સરકારની પહેલ સાથે સંકલિત કરે. અલબત્ત, તે રોકાણ પર મહત્તમ વળતર મેળવવાના સામાન્ય ધોરણો પર કામ કરશે.

સંરક્ષણ, રેલવે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કૃષિ સહિતના ક્ષેત્રોમાં નવા ઉત્પાદનોને પ્રેરિત કરવા એક મેક ઈન ઈન્ડિયા હબની રચના આવી વધુ એક પહેલ છે. તેનાથી મોટી સંખ્યામાં નવી રોજગારી પેદા થશે અને નવા કૌશલ્યની જરૂરિયાત સર્જાશે.

**કૌશલ્ય માટેના ધોરણો અને નીતિઓ**

કૌશલ્યની સફળતાનો આધાર આર્થિક વૃદ્ધિના સામાન્ય સ્તર, એફડીઆઈના પ્રમાણ, ઉચ્ચ મૂલ્યવર્ધિત ચીજોમાં નિકાસના પ્રમાણ, કૌશલ્યની અસમાનતાના પ્રમાણ અને ઉત્પાદકતામાં વૃદ્ધિના દર પર રહેલો છે. તમામ કૌશલ્યનું અસંતુલન મહત્ત્વનું છે. ધોરણો નક્કી કરવા અનિવાર્ય છે.

એનએસયુ એનએસક્યુએફ મુજબ નીતિના નિર્દેશો, કૌશલ્ય તાલીમના ધોરણો અને શિક્ષણના ધોરણો નક્કી

કરશે, દેશમાં વિદ્યાર્થીઓની ભરતી કરશે, તેમને કૌશલ્ય અને તાલીમ આપશે, વિવિધ સર્ટિફિકેશનના સ્તરે પ્રમાણપત્રો, ડિપ્લોમા અને ડિગ્રી આપશે, પેટા કેન્દ્રો રચશે, કોઇ પણ વર્તમાન કોલેજ, આઇટીઆઇ અથવા પોલિટેકનિકને કૌશલ્ય કાર્યક્રમો હાથ ધરવા દેશે, તમામ ભાષાઓ અને ડિલિવરીની પદ્ધતિમાં કૌશલ્ય માટેની સામગ્રી રચશે, અન્ય સંબંધિત સંસ્થાઓ સાથે સંવાદ કરશે, ઉદ્યોગસાહસિકતાના સેલ રચશે, સીએસઆર પહેલમાં તક પેદા કરશે, કૌશલ્યની ખામીઓનો અંદાજ કાઢશે, કૌશલ્ય સંશોધન કરશે, સ્થાનિક અને વિદેશી સહયોગ રચશે, મજબુત એલએમઆઇએસ રચશે, સ્કિલ ટ્રેઇનર્સ અને ટ્રેઇની એક્રેડિટેશન પ્રક્રિયાની રચના કરશે, એમએસએમઇ સેક્ટર સાથે સંકલન સાધીને નવી રોજગારી રચશે, મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ અમલમાં મૂકશે, આગામી ૧૦ વર્ષ માટે કૌશલ્યનો રોડમેપ તૈયાર કરશે, કોમ્યુનિટી કોલેજ નેટવર્ક સ્થાપશે, કામ સાથે સંકલિત તાલીમ મોડેલને પ્રોત્સાહિત કરશે, કૌશલ્ય સાથે સંકલિત સ્કોલરશિપ આપશે, આ તમામને સંપૂર્ણ ઇ-ગવર્નન્સ માળખામાં પેમેન્ટ ગેટવે સાથે જોડશે, આ બધુ વિશ્વસનિય સિસ્ટમની સ્થાપના માટે મહત્ત્વનું છે. ઓટોમોબાઈલ્સ, આઇટી, કોમ્યુનિકેશન્સ, પેરામેડિકલ, મેન્યુફેક્ચરિંગ, બાંધકામ, રિટેલ, આરોગ્ય સંભાળ, પ્રવાસન વગેરે ક્ષેત્રોનો વિકાસ કરવો પડશે. તે ટૂંકાગાળાના, કેન્દ્રિત, મોડ્યુલર, ક્રેડિટ આધારિત, અનેકવિધ ભાષામાં અને લવચિક હોવા જોઈએ.

### ''મેક ઇન ઇન્ડિયા'' અને કૌશલ્યો

આપણી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સંશોધન અને વિકાસ માટે પુષ્કળ પ્રમાણમાં ભંડોળ આવી રહ્યું છે. તેનાથી જ્ઞાનની સંસ્થાઓને ઘણી મદદ મળે છે, પરંતુ શું તેનાથી રોજગારીનું સર્જન થાય છે અને શું તેના વિશે પુનઃવિચારણા કરવાની જરૂર છે ખરી?

દર વર્ષે હજારોની સંખ્યામાં પીએચડીની જરૂર હોય છે, પરંતુ તેમની પાસે એવા રિસર્ચ હોવા જોઈએ જેનાથી ઉદ્યોગની કાર્યક્ષમતા વધે. CSIR/DRDO લેબ્સ, આઇઆઇટી માટે સ્પષ્ટ નિર્દેશ એવા નવીનતાસભર સંશોધનોનો હોવો જોઈએ જેનાથી રોજગારીનું સર્જન થઇ શકે. ઉપર જણાવેલી તમામ સંસ્થાઓમાં કેટલાક આઇપીઆર —પેટન્ટ — આંત્રપ્રિન્યોરશિપ સેલ વિકસાવવાની જરૂર છે. તેનાથી સંશોધનની ક્ષમતામાં વધારો થાય છે તથા તે રાષ્ટ્રીય એજન્ડા સાથે સંકળાય છે. ઓઇલ શોધકાર્ય, ખાણકામ, કૃષિ, ઉર્જા, જળસંસાધન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા મહત્વના ક્ષેત્રમાં વિશિષ્ટ ટેકનોલોજીને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ અને તેને સૌથી વધારે ભંડોળ મળવું જોઈએ.

પર્યાવરણના સાતત્યસભર વિકાસ, કલાઇમેટ ચેન્જ, ઉર્જામાં નવીનતાસભર કામગીરી દ્વારા પર્યાવરણનું રક્ષણ, બાયો સાયન્સ, બાયો એન્જિનિયરિંગ અને જિનેટિક્સને ત્યાર પછી સૌથી વધુ પ્રાથમિકતા આપવી જોઈએ. નવીનતા દ્વારા આ દરેક ક્ષેત્રમાં કેટલીક નીચેની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળવું જોઈએ. નવી સરકાર દ્વારા ૧૦૦ મોડેલ શહેરોની સ્થાપના થવાની છે જેનાથી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ઉત્તેજન મળશે અને નવી જોબ માર્કેટની રચના થશે. તેનાથી કૌશલ્યના બજારને પણ ઉત્તેજન મળશે.

આ ઉપરાંત સંરક્ષણને લગતી સામગ્રીનું ઉત્પાદન, કોમ્બેટ રિકવરી વ્હીકલ (સીઆરવી), અનમેન્ડ એરિયલ વ્હીકલ (યુએવી), સ્નો મોબાઈલ્સ, બુલેટ પ્રૂફ જેકેટ, ઓટોમેટિક વેપન સિસ્ટમ વગેરેમાં ઇએમઇ શાળાઓ, ડીઆરડીઓ લેબ્સ, અગ્રણી સંસ્થાઓ અને પસંદગીના ઉદ્યોગો દ્વારા સ્વદેશીકરણ અને આયાતનું પૂરક બનવું પણ મદદરૂપ થઇ શકે.

સીઆરવી જેવી એક સિસ્ટમને મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, કન્ટ્રોલ અને અન્ય સબ-સિસ્ટમમાં લાગુ કરવી જોઈએ. દરેક રાજ્યમાં એનએસયુના પેટા કેન્દ્રો સ્થાપવા જોઈએ અને પસંદગીના ઉદ્યોગો આપણી જરૂરિયાત પ્રમાણે પેટાસિસ્ટમનું પુનઃસર્જન કરી શકે છે. એનએસયુ આપણી આવશ્યકતા પ્રમાણે પૂરક સંસ્થાઓ રચીને / સ્વદેશીકરણ કરીને સબસિસ્ટમ માટે સંકલનનું કામ કરી શકે છે. એનએસયુ ટેકનોલોજીકલ વૃદ્ધિની આગાહી કરી શકે, નાવીન્યતાને તથા સ્વદેશીકરણને ઉત્તેજન આપી શકે, ચોક્કસ ક્ષેત્રોમાં રિસર્ચ કરી શકે જેમાં સીએસયુ, એમઆઇટી અને સ્ટેન્ફર્ડ, ઇમ્પેરિયલ કોલેજ, હમ્બોલ્ટ યુનિવર્સિટી, હેમહોલ્ત્ઝ એસોસિયેશન્સ વગેરે વૈશ્વિક સંસ્થાઓ સાથે જોડાણ કરી શકાય.

ભારતના પસંદગીના કેટલાક શહેરોમાં એનએસયુ આસપાસ ફ્રોનહોફર-ગિસેલકાફ્ટ જેવી રિસર્ચ સંસ્થાઓ રચવા માટે ગંભીર પ્રયાસ કરવાની જરૂર પડશે. તેનાથી કેન્દ્રિત રિસર્ચને ઘણી મદદ મળશે જે

સ્વનિર્ભરતાને ઉત્તેજન આપશે, પ્રોડક્ટાઈઝેશન તથા પ્રક્રિયામાં સુધારાને ઈનપુટ મળશે, પ્રાઈમરી, સેકન્ડરી અને ત્રીજા પક્ષના રોજગારી બજારમાં રોજગારની રચનામાં મદદ મળશે.

નવી રોજગારીના સર્જન અને નવા કૌશલ્યની પહેલમાં આ સમગ્ર પ્રક્રિયા ભરપૂર યોગદાન આપશે. આ ઉપરાંત વિદેશી ચલણમાં ભારે બચત થઈ શકશે, સ્થાનિક ક્ષમતાઓ તથા સ્વનિર્ભરતામાં નવો વિશ્વાસ પેદા થશે, તેનાથી વિશ્વની એકતા અને કલ્યાણ માટે કામ થઈ શકશે. તેનાથી ભારત આત્મનિર્ભર, આત્મવિશ્વાસથી ભરપૂર, શક્તિશાળી દેશ તરીકે રજૂ થશે.

સમાનતાવાદી સમાજ જેમાં સામાજિક સુધારા, કચડાયેલા વર્ગની આર્થિક વૃદ્ધિ અને ભારતના મૂળભૂત લોકોના સાંસ્કૃતિક વૈવિધ્યના રક્ષણ પર ધ્યાન આપવામાં આવે તે બધા માટે ફાયદાકારક રહેવાની શક્યતા છે. આવું ખરા અર્થમાં ત્યારે જ શક્ય બને જ્યારે દેશમાં દરેક બાળકને શિક્ષણ મળે અને અંતમાં તેને અર્થપૂર્ણ રોજગારી મળી રહે. નેશનલ સ્કિલ્સ મિશનથી તે ખરેખર શક્ય બનશે.

આપણે એ પણ સમજવું જોઈએ કે આપણા યુવાનો જે નાણાકીય સ્થિતિમાંથી આવે છે તેમાં તેમને કેટલાક લઘુતમ નાણાકીય પ્રોત્સાહન આપવાની જરૂર છે જેથી તેઓ રોજગારી માટેના કૌશલ્યને અનુસરી શકે અને તેથી યુવાનોના શિક્ષણ માટે આપણે વિશ્વસનિય નાણાકીય મોડેલની જરૂર છે. આપણા આયોજનકારો માટે હું એક મોડેલ સૂચવું છું. આપણા ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રમાં ૧૧,૫૦૦ કરતા વધારે સંસ્થાઓ છે. એનએસક્યુએફના સબસેટ તરીકે ૫૦૦૦ સંસ્થાઓને પણ સમુદાય કોલેજ માળખામાં સામેલ કરવામાં આવે તો પણ વીઈટી કાર્યક્રમ લાગુ કરીને તેમાંથી વિશાળ પ્રમાણમાં તક મેળવી શકાશે.

વ્યાવસાયિક શિક્ષણની હિમાયત કરે તેવા એક નવા વર્ગને શાળામાં ઉમેરવામાં આવે તો જીઈઆરને તેનાથી ભારે ફાયદો થશે અને સપ્લાય ચેઈનમાં આપણી કોલેજો માટે તે ફીડર માર્ગ સાબિત થશે. તેને આગળ વધારીને જો ૧૦૦ વિદ્યાર્થીઓને કૌશલ્ય આધારિત ક્ષમતા માટે તાલીમ આપવામાં આવે, દરેક બેચમાં ૫૦ વિદ્યાર્થી હોય, દિવસમાં ત્રણ કલાક એવી રીતે સપ્તાહમાં ત્રણ વખત તાલીમ અપાય અને વર્ષમાં આવા ૪૮ સપ્તાહ સુધી તાલીમ આપવામાં આવે તો દર વર્ષે ઓછામાં ઓછા અડધા કરોડ વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરી શકાશે અને જીઈઆરમાં પાંચ પોઈન્ટનો વધારો થશે. જો આ તમામ વિદ્યાર્થીઓને ગરીબ માની લઈને તેમને કાર્યક્રમના સમયગાળામાં રોજના ૫૦ રૂપિયાનું પ્રવાસ અને ભોજન ભથ્થું આપવામાં આવે તો તેના માટે કુલ વાર્ષિક રૂ. ૭૨૦ કરોડની જરૂર પડશે. આવા વિદ્યાર્થીઓને તાલીમ આપતી સંસ્થાઓને વાર્ષિક રૂ. ૧૫૦ કરોડની ગ્રાન્ટ આપવાની જરૂર પડે તો કુલ વાર્ષિક ખર્ચ રૂ. ૮૭૦ કરોડ થશે. આ યોજનાથી જે રોજગારપાત્રતા સર્જાશે તેના ફાયદાને ગણવામાં આવે તો આ રકમ મોટી ન ગણાય. આ ઉપરાંત તેનાથી રાજકીય લાભો પણ મળશે.

આપણે આપણા યુવાનોને પ્રેરિત, સિદ્ધ અને સામેલ કરવાની જરૂર છે, તેમને વિભાજનવાદી પરિબળોથી દૂર રાખવા જોઈએ, અર્થતંત્રને આગળ વધારવાની દિશામાં તેમને એક સક્ષમ બળ બનાવવાની જરૂર છે જે દરેક માટે ફાયદાકારક સ્થિતિ હોય. આ કોઈ રહસ્યમય કામ નથી.

વસતિના ફાયદાનો લાભ ઉઠાવવામાં રાહ ન જુઓ. તેના બદલે એક એવો માર્ગ અથવા વાહન રચો જે વધારે ઝડપી, સુરક્ષિત અને નવીનતાસભર હોય. આ ઉપરાંત અત્યારની પ્રણાલિને મજબૂત બનાવવાનું યાદ રાખો અને તેના માટે પોતાની રીતે નવીનતાનું સર્જન કરો. એક મહાન રાષ્ટ્રને આગળ ધપાવવા માટે કૌશલ્યો બહુ મહત્ત્વની પહેલ છે.

**લેખક માનવ સંસાધન વિકાસ મંત્રાલયની ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન-AICTEના પૂર્વ ચેરમેન છે. આ કાઉન્સિલ દ્વારા અમલમાં મુકાયેલ ઈ-વહીવટ પ્રોજેક્ટને યુનાઈટેડ બિઝનેસ મીડિયાનો સિલ્વર એવોર્ડ મળેલ છે.**


## આગામી અંકનો વિષય

## નવેમ્બર-૨૦૧૫

## વાહન-વ્યવહાર ક્ષેત્ર

## Transport Sector

# ભારત : ભાવિ વિશ્વનું કૌશલ્ય કેન્દ્ર

હસ્તીમલ જી. સાગરા




*'સ્કિલ ઈન્ડિયા' પહેલ ભારત દેશને વિશ્વનું 'કૌશલ્ય કેન્દ્ર' બનાવી શકે છે. સરકારનું વલણ બહુ જ સકારાત્મક દેખાય છે. ભારત સરકારની દીર્ઘદૃષ્ટિ અને શીઘ્ર અમલીકરણના અભિગમને વખાણવાલાયક છે. આ પહેલની સામે અનેક પડકારો આવશે. પણ, સરકારના વ્યૂહાત્મક આયોજન, ખાનગી ક્ષેત્રની ભાગીદારી, શાળા શિક્ષણમાંથી કૌશલ્ય તાલીમની શરૂઆત, તાલીમ કેન્દ્રોનો સતત નિષ્પક્ષ મૂલ્યાંકન, પાઠ્યક્રમોમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર, સોશિયલ મીડિયાનો તાલીમમાં ઉપયોગ, ઓનલાઈન કૌશલ્ય તાલીમનો અભ્યાસ વગેરે 'સ્કિલ ઈન્ડિયા'ને સફળતાના શિખર સુધી લઈ જશે.*

**સ્કિલ ઈન્ડિયા પહેલ પાછળના કારણો**

ભારતની વસ્તી ગણતરી ૨૦૧૧ અનુસાર વિશ્વની સૌથી વિશાળ લોકશાહીની ૧૨૧ કરોડ જેટલી વસ્તીમાંથી ૫૦ ટકા કરતા વધુ લોકોની ઉંમર ૨૫ વર્ષથી નીચે છે. ૧૯૯૧ પછીના આર્થિક સુધારાઓ પછી ભારતીય અર્થતંત્રે ૭-૧૦ ટકાની ગતિએ વૃદ્ધિ કરી છે. દેશમાં નવી તકો ઊભી થઈ છે, પણ લેબર બ્યૂરો રિપોર્ટ ૨૦૧૪ના અનુસાર ભારતમાં માત્ર ૨ ટકા શ્રમબળ જ નિયમાનુસાર કૌશલ્ય ધરાવે છે અને ભારતમાં ૭૦ ટકાથી વધારે લોકો અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં અતિ કુશળ, સામાન્ય રીતે કુશળ અને અર્ધકુશળ પ્રકારના ૫૦ કરોડ કરતા વધુ લોકોની જરૂર પડશે. આવી સુવર્ણ તક ભારત માટે આશીર્વાદરૂપ થઈ શકે છે.

વિશ્વભરમાં તથા ભારતમાં કુશળતા ધરાવતા લોકોની વધતી માંગ પૂરી પાડવા માટે ભારત સકારે 'સ્કિલ ઈન્ડિયા' જેવી મહત્ત્વાકાંક્ષી યોજનાની શરૂઆત કરી છે. વિશ્વની કુશળ લોકોની માંગમાં ભારતનું ૫૦ ટકા જેટલું યોગદાન શક્ય છે. કૌશલ્ય વિકાસ માટે ઘડાયેલ નવી રાષ્ટ્રીય નીતિ પ્રમાણે ભારતમાં ૨૦૨૨ સુધી ૧૨ કરોડ જેટલા લોકોને પ્રશિક્ષણ/તાલીમ/કુશળતા આપવાનો લક્ષ્યાંક છે અને માત્ર આજ વર્ષે ૨૫ લાખ જેટલા લોકોને તાલીમ આપી કૌશલ્ય સાથે પ્રબળ કરવા પડશે.

**સ્કિલ ઈન્ડિયાના ઉદ્દેશ્યો**

સ્કિલ ઈન્ડિયા એક અત્યંત મહત્ત્વાકાંક્ષી, બહુઉદ્દેશ્ય અને ક્રાન્તિકારી પહેલ છે. જેના દ્વારા લાખોની સંખ્યામાં દર વર્ષે કુશળ કારીગરો, શ્રમિકો અને ટેક્નિશિયનો તૈયાર કરવાનો સરકારનો ઉદ્દેશ્ય છે. મેક ઇન ઇન્ડિયા, સ્માર્ટ સિટી, ઈ-ક્રાન્તિ વગેરે યોજનાઓની સફળતા પણ આ યોજના પર ખાસી આધારિત રહેશે.

આ યોજના હેઠળ એક બાજુ ગ્રામીણ ક્ષેત્રોમાં કમ્પાઉન્ડરો, નર્સો, આંખ તપાસ કરનારા, બાળકોની પ્રસૂતિ કરાવી શકે એવી બહેનો, કારીગરો વગેરે મોટી સંખ્યામાં તૈયાર થશે અને બીજી બાજુ શહેરોમાં મીડિયા, મનોરંજન, પર્યટન, આઈ.ટી., હોટેલ વગેરે માટે જરૂરિયાત મુજબ કુશળ લોકોની સંખ્યા પણ વધશે. આ યોજના ભારત માટે 'કૌશલ ભારત, કુશળ ભારત'ની કૌશલ્ય ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરવાની સીડીનું પહેલું પગથિયું બનશે. ઉત્તમ અમલીકરણ દ્વારા સ્કિલ ઈન્ડિયા વરદાનરૂપ સાબિત થશે. આ પહેલ હેઠળ તૈયાર થયેલ લોકો બહુરાષ્ટ્રીય કંપનીઓની કુશળ શ્રમિકોની માંગ દેશ-

વિદેશમાં પૂરી પાડશે. કેન્દ્ર સરકારે બજેટ ૨૦૧૫માં જ કૌશલ્ય મજબૂતીકરણ માટે ૩૧ જેટલા ક્ષેત્રોનો સમાવેશ કર્યો છે, જેનાથી અનેક ક્ષેત્રોમાં રોજગારક્ષમતામાં તથા કૌશલ્ય સંવર્ધનમાં વધારો કરી શકાશે.


'સ્કિલ ઈન્ડિયા' સૂચવે છે : ભારત સરકારનું પોઝિટિવ અભિગમ, ભારત સરકારની કૌશલ્ય ક્રાન્તિ માટેની પૂર્વ તૈયારી અને આયોજન અને ભારત સરકારની અપેક્ષાઓ અને આશાઓ.

**સ્કિલ ઈન્ડિયા પહેલની સામે સંભવિત પડકારો**

આ યોજનાની સામે અનેક પ્રકારના પડકારો જોવા મળશે. સૌ પ્રથમ સરકાર દ્વારા આ પહેલનું અયોગ્ય અમલીકરણ પોતે જ એક મોટો પડકાર બની શકે છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારીની અને બજારતંત્રની નિષ્ફળતાના કારણો આ યોજનાની સફળતા ઓછી કરશે. પાઠ્યક્રમની ગુણવત્તા ટકાવી રાખવી. તાલીમ કેન્દ્રોનું સતત મૂલ્યાંકન, માળખાકીય સુવિધાઓ વગેરે પરિબળો સફળતા મેળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ પહેલની સામે રિશ્વતખોરી અને ગેરરીતિઓ પણ પડકારરૂપે સામે આવશે. શ્રમિકોમાં નિરક્ષરતાનું વધુ પ્રમાણ આ યોજના સામે બાધારૂપ બનશે.

**(૧) સંશોધન અભ્યાસ**

સૌ પ્રથમ સરકાર દ્વારા એક સંશોધન અભ્યાસ અથવા કેસ સ્ટડી કરાવવી જોઈએ. આવો અભ્યાસ કોઈ ખ્યાતનામ સંશોધન સંસ્થા જેમ કે આઈ.આઈ.એમ. અથવા આઈ.આઈ.ટી. દ્વારા કરાવવો જોઈએ. આવા કેસ સ્ટડી દ્વારા 'ભારતમાં કયા ક્ષેત્ર અથવા રાજ્યમાં કેવા પ્રકારના કૌશલ્ય/તાલીમની જરૂર પડશે'ની જાણકારી મેળવી શકાશે.




**(૨) તાલીમ આપનાર શિક્ષકો**


સરકારની કૌશલ્ય તાલીમ પહેલ હેઠળ, દરેક રાજ્યમાં પ્રશિક્ષણ કાર્યક્રમ શરૂ કરતા પહેલા સૌ પ્રથમ મોટી સંખ્યામાં પ્રશિક્ષણ/તાલીમ આપનાર ઉચ્ચ ગુણવત્તા ધરાવતા શિક્ષકો તૈયાર કરવા પડશે.

**(૩) માળખાકીય સુવિધાઓ અને ખાનગીક્ષેત્રની ભાગીદારી**

દરેક રાજ્યમાં સરકારે પોતાના કાર્યક્ષેત્રમાં તાલીમ કાર્યક્રમની વ્યવસ્થા અને વહીવટ માટે જરૂરી માળખું તૈયાર કરવું જોઈએ. દરેક રાજ્યમાં તાલુકા મથકથી લઈ જિલ્લા કક્ષા અને મહાનગર સુધી ત્યાંની સ્થાનિક જરૂરિયાત મુજબ તાલીમ કેન્દ્રો સ્થાપવા જોઈએ. આવા તાલીમ કેન્દ્રોના સંચાલન, વહીવટ, પાઠ્યક્રમ, મૂલ્યાંકન વગેરે સરકાર ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને તેમના સહયોગથી થવી જોઈએ. આ પહેલમાં, લોકભાગીદારી અને ખાનગી ક્ષેત્રના યોગદાનનો સિંહફાળો હોવો જોઈએ. પણ, આવા કાર્યક્રમોમાં મૂલ્યાંકન, સર્ટિફિકેશન, નાણાંની ફાળવણી અને ઉપયોગ, પાઠ્યક્રમ જેવી અગત્યની જવાબદારી સરકારની હોવી જોઈએ.

**(૪) કૌશલ્ય સેઝની સ્થાપના**

દરેક રાજ્યમાં સ્કિલ ઈન્ડિયા હેઠળ નક્કી કરેલા સ્થળો પર 'કૌશલ્ય સેઝ' (Skill SEZ) સ્થાપિત કરવા જોઈએ. કૌશલ્યની સ્થાનિક જરૂરિયાત, સ્થાનિક કૌશલ્ય ધરાવનાર શ્રમિકોનો પુરવઠો વગેરે કૌશલ્ય સેઝ દ્વારા 'કૌશલ્ય ક્લસ્ટર' બનશે. દેશભરમાં આવા ક્લસ્ટરસથી વિશિષ્ટીકરણ થશે અને જેના ફાયદાઓ દેશમાં રાષ્ટ્રીય આવક, ઉત્પાદન, રોજગાર, નિકાસ વગેરેના રૂપમાં થશે. દાખલા તરીકે, સુરતમાં હીરા શ્રમિકો માટે 'હીરા કૌશલ્ય સેઝ' આવા કૌશલ્ય




ક્લસ્ટર હેન્ડિક્રાફ્ટ અને હેન્ડલૂમ, મીડિયા, મનોરંજન, આઈ.ટી., પર્યટન જેવા ઉદ્યોગો માટે કુશળ કારીગરો અને શ્રમિકો મોટી સંખ્યામાં ઉપલબ્ધ કરાવશે. આ સ્કીમ હેઠળ, સમય અને ઉદ્યોગની માંગ અનુસાર કુશળ શ્રમિકો માત્ર ભારત માટે નહિ પણ વિશ્વની અન્ય બજારો માટે પણ ઉપલબ્ધ થશે.

**(૫) મૂલ્યાંકન અને સર્ટિફિકેશન**

આ પહેલ હેઠળ ચાલનારા કૌશલ્ય તાલીમ કેન્દ્રોનું કૉલેજો અને યુનિવર્સિટીઓના 'નેક' મૂલ્યાંકન પદ્ધતિની જેમ હોવું જોઈએ. આવા મૂલ્યાંકનથી તાલીમની ગુણવત્તા અને તાલીમ કેન્દ્રોની સફળતા વિશે જાણવું બહુ સરળ બનશે.

**(૬) ઔપચારિક શિક્ષણમાં સમાવેશ**

સ્કિલ ઈન્ડિયા યોજના એક ક્રાંતિકારી પહેલ બની શકે છે. સરકાર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી (પી.પી.વી.) મોડેલ આ પહેલને આઈ.ટી.આઈ.ની મર્યાદાઓ અને અસફળતાઓના પુનરાવર્તનથી બચાવશે. જાહેર ક્ષેત્રની કંપનીઓની સાથે સાથે ખાનગી ક્ષેત્રની કોર્પોરેટ્સનો આ કૌશલ્ય તાલીમમાં સમાવેશ એક ઐતિહાસિક કદમ બની શકશે. ખાનગી ક્ષેત્રની સુવિધાઓ, આવડતો અને એના અનુભવોનો કૌશલ્યવર્ધનમાં મોટા પાયા ઉપર લાભ મળશે.

સરકાર જો ગુગલ, ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ જેવી આઈ.ટી. અને સોશિયલ મીડિયા કંપનીઓનું કૌશલ્ય તાલીમ કાર્યક્રમોમાં જોડાણ કરે તો મોબાઇલ ટેક્નોલોજી મારફતે કૌશલ્ય તાલીમને દરેક ગામ, દરેક ગલી અને દરેક ઘર સુધી લઈ જવું શક્ય બનશે. તાલીમ મટીરિયલ, તાલીમ સંબંધિત ફોટા અને વીડિયો વગેરે આ ડિજિટલ ટેક્નોલૉજી દ્વારા આખા દેશના દરેક ખૂણે ઝડપી પહોંચી શકશે.

કૌશલ્ય તાલીમ કાર્યક્રમોનો ધ્રુવીકરણ અથવા કેન્દ્રીકરણ ના થાય તેની કાળજી સરકારે શરૂઆતથી જ રાખવી પડશે. દરેક રાજ્ય અને જિલ્લામાં તાલીમ કેન્દ્રોની સ્થાપના થાય, તેની બાહેંધરી સ્થાનિક સરકાર તથા રાજ્ય સરકારે આપવી જોઈએ.

રાજ્ય તથા કેન્દ્ર સ્તરની સરકારો પ્રેક્ટિકલ નૉલેજ વધારવા માટે રોજગારલક્ષી વિષયોનો ફરજિયાતપણે સ્કૂલોના પાઠ્યક્રમોમાં સમાવેશ કરવો જોઈએ. ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યાની જેમ કૌશલ્ય તાલીમની પણ દરરોજ સ્કૂલમાં ક્લાસ/પિરિયડ લેવાય, તેવું સરકારે શરૂ કરવો જોઈએ. ચોપડીઓના બેગ સાથે દરેક વિદ્યાર્થી પાસે 'ટૂલ બોક્સ' પણ ફરજિયાત હોવું જોઈએ. કૌશલ્ય તાલીમના સાધનો, પુસ્તકો અને શિક્ષકો પૂરી પાડવાની જવાબદારી સરકારની હશે. એના દ્વારા દેશમાં પ્લંબર, ઈલેક્ટ્રિશિયન, મોબાઈલ રિપેરર વગેરેની અછત ભવિષ્યમાં નહિ પડે.

**(૭) સરકારની બીજી યોજનાઓ સાથે ભાગીદારી**

સ્કિલ ઈન્ડિયા યોજના સરકારની બીજી યોજનાઓ જેમ કે મેક ઈન ઈન્ડિયા, સ્માર્ટ સિટી, ઇ-ગર્વન્સ વગેરે માટે જરૂરી કુશળ શ્રમિકો/કારીગરો પૂરા પાડશે. સ્વચ્છ ભારત અભિયાન, ઈન્દ્રધનુષ અને પઢે ભારત, બઢે ભારત જેવી સરકારી યોજનાઓને કૌશલ્ય તાલીમથી મોટો લાભ મળશે.

સરકારની કૌશલ્ય ધરાવતા લોકો માટેની જરૂર તેમની દરેક યોજના માટે છે, જેમ કે :

- નરેગા - સ્થળ તકનીકી નિષ્ણાંત, સ્થળ સુપરવાઈઝર, કમ્પ્યૂટરનો જાણકાર, નરેગા ટ્રેનિંગ આપનાર.
- આંગણવાડી - કાર્યકતા, બાળક પોષણ નિષ્ણાંત, બાળ શિક્ષણ નિષ્ણાંત, બાળ આરોગ્ય નિષ્ણાંત.
- વસ્તી ગણતરી : સર્વેયર, સંશોધકો, સ્થાનિક ભૂગોળના જાણકાર, ભાષા વિશેષજ્ઞ.
- આરોગ્ય યોજનાઓ : હેલ્થ વર્કર (આશા), નર્સ, કમ્પાઉન્ડર.
- સામાજિક અને આર્થિક ઉત્થાન માટેની યોજનાઓ : SC/STને લગતા કાનૂનના જાણકાર; વિધવા, અપંગ, બી.પી.એલ. પરિવારો માટેની સરકારી યોજનાઓમાં લોકસહાયક.
- પર્યટન : ભાષા અને ભાષાંતરના નિષ્ણાંત, પર્યટન ગાઈડ.
- પર્યાવરણ : પર્યાવરણ અને પ્રદૂષણ સંબંધિત નિષ્ણાંત, પર્યાવરણ સુરક્ષા સંબંધિત તાલીમ આપી શકે તેવા શિક્ષકો.
- ઈ-ગવર્નેન્સ : કમ્પ્યૂટર નિષ્ણાંત, કમ્પ્યૂટરની તાલીમ આપનાર શિક્ષકો

સરકાર પોતે જ લાખોની સંખ્યામાં નિષ્ણાંતો, વિશેષજ્ઞો અને કૌશલ્ય ધરાવતા લોકોની જરૂર ધરાવે છે. સ્કિલ ઇન્ડિયાની આ પહેલ દ્વારા સરકાર પોતાની યોજનાઓ માટે જરૂરી કૌશલ્ય ધરાવતા લોકોની ખોટ પણ પૂરી પાડી શકશે. બોસ્ટન કન્સલ્ટેન્સી ગ્રૂપ (૨૦૦૭)ના એક અભ્યાસ પ્રમાણે ૨૦૨૦ સુધી ભારતમાં ૫૦ લાખ જેટલા શ્રમિકોનો પુરવઠો તેમની માંગ કરતા વધુ હશે. જેની સામે વિશ્વના બાકીના દેશોમાં ૪૭ લાખ જેટલા શ્રમિકોની અછત પડશે. આવી સુવર્ણ તકનું લાભ ભારત સ્કિલ ઇન્ડિયા દ્વારા લઈ શકશે.

### (૮) ઓનલાઈન કૌશલ્ય તાલીમ

ઓનલાઈન કૌશલ્ય અભ્યાસ અથવા ઈ-કૌશલ્ય તાલીમ જેમાં કૌશલ્ય તાલીમાર્થીઓ ઘેર બેઠા કમ્પ્યૂટર, મોબાઈલ, ટેબલેટ જેવા આઈ.ટી. ઉપકરણો દ્વારા કૌશલ્યની તાલીમ લઈ શકે. જો સરકાર દ્વારા ઈ-કૌશલ્ય તાલીમ સ્કિલ ઇન્ડિયામાં સમાવેશ કરવામાં આવે તો કૌશલ્ય તાલીમ પ્રોગ્રામનું દેશના પછાતથી અતિ પછાત કુટુંબ અને વિસ્તાર સુધી પહોંચાડી શકાશે. સરકારે માત્ર એક તબક્કામાં આવા પ્રકારની તાલીમ માટે ઉચ્ચ ગુણવત્તાની ચોપડીઓ, સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેવી ગાઈડો, વીડિયો વગેરે તૈયાર કરાવી ઇન્ટરનેટ ઉપર ઓનલાઈન મુકવાની રહેશે. તથા સરકારી સંસ્થાઓ દ્વારા ઈ-કૌશલ્ય તાલીમ અભ્યાસોને માન્યતા આપવાની રહેશે. જેથી તાલીમાર્થીઓ અને બજાર બંને આવા અભ્યાસક્રમોની સરખામણી ઔપચારિક તાલીમ કાર્યક્રમો સાથે કરી શકે અને એની સાથે, આવા ઈ-તાલીમ અભ્યાસનું મૂલ્યાંકન પણ પદ્ધતિસર થાય તેની પણ કાળજી સરકારએ રાખવી પડશે. ઈ-કૌશલ્ય તાલીમ દ્વારા ભારતમાં ટૂંક સમયમાં જ કરોડોની સંખ્યામાં માન્યતાપાત્ર કૌશલ્ય ધરાવનાર લોકો તૈયાર કરી શકીશું. ઈ-કૌશલ્યની સફળતા માટે ખાનગી રોકાણ, સોશિયલ મીડિયા સાથે તાલીમ કાર્યક્રમમાં જોડાણ અને શહેરથી ગામ સુધી ઇન્ટરનેટની સુવિધા વગેરેનું મહત્ત્વ વધારે હશે.

### ઉપસંહાર

'સ્કિલ ઇન્ડિયા' પહેલ ભારત દેશને વિશ્વનું 'કૌશલ્ય કેન્દ્ર' બનાવી શકે છે. સરકારનું વલણ બહુ જ સકારાત્મક દેખાય છે. ભારત સરકારની દીર્ઘદષ્ટિ અને શીઘ્ર અમલીકરણના અભિગમને વખાણવા લાયક છે. આ પહેલની સામે અનેક પડકારો આવશે. પણ, સરકારના વ્યૂહાત્મક આયોજન, ખાનગી ક્ષેત્રની ભાગીદારી, શાળા શિક્ષણમાંથી કૌશલ્ય તાલીમની શરૂઆત, તાલીમ કેન્દ્રોનો સતત નિષ્પક્ષ મૂલ્યાંકન, પાઠ્યક્રમોમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર, સોશિયલ મીડિયાનો તાલીમમાં ઉપયોગ, ઓનલાઈન કૌશલ્ય તાલીમનો અભ્યાસ વગેરે 'સ્કિલ ઇન્ડિયા'ને સફળતાના શિખર સુધી લઈ જશે. ભારતના વિશાળ યુવાન વર્ગને અને આવનાર ભાવિ પેઢીને નોકરી-ધંધાની ઉત્તમ તકો આપી શકાશે. ભારતને વિકસતા દેશમાંથી વિકસિત દેશ બનાવવામાં આ પહેલ આશીર્વાદરૂપ થઈ શકે એમ છે. સ્કિલ ઇન્ડિયા પહેલ ભારત સરકારનું યોગ્ય સમયે લીધેલું યોગ્ય પગલું છે. આ પહેલ એક એવું વટવૃક્ષ બનશે જેના ફળ સદીઓ સુધી ભારતને મળતા રહેશે.

**સંદર્ભો :**


૧. ૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭), સામાજિક ક્ષેત્ર, વૉલ્યૂમ-III, આયોજન પંચ, ભારત સરકાર

૨. ઇકોનોમિક સર્વે (૨૦૧૪-૧૫), વૉલ્યૂમ-I અને II, ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ભારત સરકાર

૩. ભગત, આર.બી. (૨૦૧૫), 'સ્માર્ટ સિટી : નવતર અભિગમ અને રણનીતિઓ : યોજના સપ્ટેમ્બર-૨૦૧૫

૪. મિત્રા, ડી. (૨૦૧૫), શ્રમકાયદાઓ અને ભારતનું ઉત્પાદન ક્ષેત્ર-સુધારાઓની જરૂરિયાત, યોજના, એપ્રિલ-૨૦૧૫



**લેખક જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદમાં અર્થશાસ્ત્ર વિભાગમાં સહાયક પ્રોફેસર છે.**

# કૌશલ્યસભર ભારત – સમૃદ્ધ ભારત

ડૉ. એચ. સી. સરદાર



*સ્કિલ ઇન્ડિયામાં સુથારી કામ, મોચીકામ, વેલ્ડિંગ કામ, લુહારી કામ, કડીયાકામ, સિલાઈ કામ, વણાટકામ, જ્યાં કામગીરી પ્રણાલિકાગત ઢબે કરવામાં આવે છે. આ ક્ષેત્રનાં કારીગરોનું શિક્ષણ સ્તર નીચું રહે છે. અનુભવ વધુ હોય છે પણ ઘણી વખતે સમયાંતરે જે તાલીમ જરૂરી હોય છે તેમજ કૌશલ્ય જરૂરી હોય તેને અભાવ જણાય છે જે તેમની નીચી કાર્યક્ષમતાનું કારણ બને છે. જો તેમનાં કૌશલ્યમાં તાલીમ દ્વારા સુધારો / વધારો કરવામાં આવે તો તેમની ઉત્પાદકતા વધે અને સરવાળે કામની ગુણવત્તા સુધરે અને વધુ આર્થિક ઉપાર્જન થાય.*

આપણા ભારત દેશનો ભૌગોલિક વિસ્તાર ૩૨,૮૭,૨૪૦ ચોરસ કિલોમીટરનો છે. ભારતની કુલ વસ્તી ૧૨૬ કરોડથી વધુ ૨૯ રાજ્યોમાં અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચાયેલી છે. આપણા દેશના દરેક રાજ્યની પોતાની વિશેષતાઓ છે. દરેક રાજ્યનો પોતાનો, ભારતના આર્થિક વિકાસમાં અગત્યનો ફાળો છે. દરેક રાજ્ય જુદા જુદા ક્ષેત્રોમાં પોતાની વિશેષતાઓના આધારે કામગીરી બજાવે છે. જેનો સમગ્ર દેશને લાભ મળે છે.

ભારત ઘણા લાંબા સમય સુધી મુગલો અને અંગ્રેજોના તાબા હેઠળ રહ્યું હતું. આપણી આઝાદીને આજે લગભગ સાત દાયકા પૂર્ણ થવામાં છે. આપણા દેશે જુદા જુદા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ખેતીના ક્ષેત્રોમાં, સેવાના ક્ષેત્રમાં, ઉત્પાદનના ક્ષેત્રમાં, ઔદ્યોગિક ક્ષેત્રમાં, બેંન્કિંગ ક્ષેત્ર વગેરેમાં નોધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. પરંતુ જ્યારે સમગ્રલક્ષી વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે આપણી પોતાની મર્યાદાઓ અથવા ખામીઓ આપણને જોવા મળે છે. દરેક સરકારનાં સમયમાં દેશના સમગ્રલક્ષી વિકાસના તમામ પ્રયત્નો બાદ આજે આપણે વિકસિત રાષ્ટ્રોની હરોળમાં પોતાની જાતને મુકવા માટે સક્ષમ નથી. કેમ ?

આપણા વિકાસની ગતિ ધીમી છે ?

આપણા વિકાસના પ્રયત્નોની દિશા યોગ્ય નથી ?

આપણી સમસ્યાઓમાં વધારો થયો છે ?

આપણી આર્થિક / રાજકીય વ્યવસ્થા સબળી છે ?

આ બધા પ્રશ્નો સઘન ચિંતન માગે તેવા છે. ભૂતકાળમાં આપણા દેશની આર્થિક સમસ્યાઓમાં પ્રાદેશિક અસમાનતા, વસ્તી વધારો, ગરીબી, ફૂગાવાની સમસ્યા વગેરેનો સમાવેશ થતો હતો. આજે આઝાદી પછીના સાત દાયકાનાં વિકાસ બાદ પણ આ સમસ્યાઓ સંપૂર્ણપણે નાબૂદ થઈ શકી નથી. આ સમગ્ર સમય દરમ્યાન સમસ્યાઓના ઉકેલનાં પ્રયત્નો અને સમસ્યાઓનાં કદમાં તફાવત રહ્યો જ છે. જેના કારણે વિકાસનાં નિર્ધારીત હકારાત્મક પરિણામો હાંસલ કરવામાં આપણે નિષ્ફળ રહ્યા છીએ. તેથી સમયાંતરે જે તે સરકારે વિકાસની ગતિને ઝડપ આપવા માટે જુદી જુદી યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. તાજેતરમાં સરકાર દ્વારા શહેરમાં વસતા શહેરીજનોની સગવડોમાં સુધારો / વધારો કરવા માટે સ્માર્ટ સિટીની યોજના અમલમાં મુકવામાં આવી છે જેમાં સમગ્ર

રાષ્ટ્રમાંથી ૧૦૦ શહેરો પસંદ કરીને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૪૮,૦૦૦ કરોડની સહાય પૂરી પાડવા અંગે આયોજન કરવામાં આવેલ છે અને આટલી જ રકમ રાજ્યો દ્વારા અને શહેરી સત્તામંડળો દ્વારા ઊભી કરવા અંગે પણ જણાવવામાં આવેલ છે. આવી યોજનાઓ દેશના વિકાસની ગતિને ઝડપી બનાવે છે. આ યોજના ભારત સરકારના Ministry of Urban Development દ્વારા શરૂ કરવામાં આવેલ છે. આવા જ પ્રકારની અન્ય યોજના ભારતનાં વિકાસને ગતિ આપવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'Skill India' અંગેની યોજનાની જાહેરાત કરવામાં આવેલ છે. આ યોજના Ministry of Skill development and entrepreneurship હેઠળ પોતાની કામગીરી બજાવશે, આ મીશનને પૂર્ણ કરવા માટે National Skill Development Corporation (NSDC) પણ ખૂબ જ સક્રિય રીતે કાર્યરત છે. આ યોજનામાં જુદા જુદા કૌશલ્યનો વિકાસ પર ભાર મુકવામાં આવ્યો છે.

ભારતમાં અને સમગ્ર વિશ્વમાં જુદા જુદા પ્રકારનાં વ્યવસાયો કરવામાં આવતા હોય છે. દરેક વ્યવસાયનાં આદર્શ પરિણામ માટે ત્રણ અગત્યનાં પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે : (૧) અનુભવ (૨) શિક્ષણ (૩) કૌશલ્યનો વિકાસ. વ્યવસાયી વ્યક્તિ પાસે પૂરતા પ્રમાણમાં શિક્ષણ અને અનુભવ હોય પણ કૌશલ્યનો અભાવ રહેવા પામે તો અપેક્ષિત પરિણામો મળતા નથી. કૌશલ્ય વિકાસ સતત પ્રક્રિયા છે. જે તે વ્યવસાયમાં જે પણ નવા સંશોધનો થયા હોય તેની જાણકારી જે તે વ્યવસાયની વ્યક્તિ પાસે હોવી અનિવાર્ય છે. ઘણા વ્યવસાયમાં વ્યક્તિ પાસે શિક્ષણનું સ્તર નીચું હોય પણ અનુભવ વધારે અને અપૂરતું કૌશલ્ય પણ નિર્ધારીત પરિણામ માટે અવરોધ ઊભા કરે છે. ભારતને અત્યારે યુવા ભારત તરીકે ઓળખવામાં આવે છે. કુલ વસ્તીમાં ભારતમાં યુવા ધનનું નોંધપાત્ર પ્રમાણ છે. જો આ યુવા ધનને યોગ્ય તાલીમના આધારે તેમના કૌશલ્યને વિકસાવવમાં આવે તો અદ્‌ભુત પરિણામ મળી શકે અને દેશની વિવિધ સમસ્યાઓનાં કદમાં ઘટાડો થાય. ભારતમાં ઘણા બધા ક્ષેત્રોને સ્કિલ ડેવલેપમેન્ટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળનાં આયોજન પ્રમાણે ૨૦૨૦ સુધીમાં ૫૦ કરોડ યુવાનોને ટ્રેઈનિંગ અને સ્કિલ ડેવલપમેન્ટમાં સમાવવાનાં છે. આ અનુસંધાનમાં વિવિધ પેટા યોજનાઓ પણ વિચારવામાં આવી છે.

**સ્કિલ ઈન્ડિયાના લક્ષણો :**

(૧) આ યોજનામાં યુવાનોનાં કૌશલ્યના વિકાસ પર ભાર મુકવામાં આવેલ છે. જેથી કરીને રોજગારીમાં વધારો થાય અને નિયોજનની સંખ્યામાં વધારો થાય પરિણામ સ્વરૂપે આર્થિક સ્થિતિમાં સુધારો થાત

(૨) વિવિધ વ્યવસાયો જેવા કે સુથારી કામ, મોચીકામ, વેલ્ડિંગ કામ, લુહારી કામ, કડીયાકામ, સિલાઈ કામ, વણાટકામ, જ્યાં કામગીરી પ્રણાલીકાગત ઢબે કરવામાં આવે છે. આ ક્ષેત્રનાં કારીગરોનું શિક્ષણ સ્તર નીચું રહે છે. અનુભવ વધુ હોય છે પણ ઘણી વખતે સમયાંતરે જે તાલીમ જરૂરી હોય છે તેમજ કૌશલ્ય જરૂરી હોય તેને અભાવ જણાય છે જે તેમની નીચી કાર્યક્ષમતાનું કારણ બને છે. જો તેમનાં કૌશલ્યમાં તાલીમ દ્વારા સુધારો / વધારો કરવામાં આવે તો તેમની ઉત્પાદકતા વધે અને સરવાળે કામની ગુણવત્તા સુધરે અને વધુ આર્થિક ઉપાર્જન થાય.

(૩) સમગ્ર વિશ્વમાં ઉદારીકરણને સ્વીકારવામાં આવેલ છે. જેનાં કારણે વૈશ્વિક સ્પર્ધામાં પણ નોંધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે. તેથી ઘણા ક્ષેત્રો રાષ્ટ્રીય કક્ષાએથી આંતરરાષ્ટ્રીય કક્ષા તરફ ગતિ કરતાં થયા છે. આ યોજના હેઠળ રીયલ એસ્ટેટ ક્ષેત્ર, બાંધકામ ક્ષેત્ર, ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર, ટેક્ષટાઈલ ક્ષેત્ર, ઝવેરાત ડિઝાઈન ક્ષેત્ર, બેંન્કિંગ ક્ષેત્ર, ટુરીઝમ ક્ષેત્ર આ બધા ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે. અહેવાલ પ્રમાણે આ એવા ક્ષેત્રો છે જ્યાં કૌશલ્યનું પ્રમાણ અપૂરતા પ્રમાણમાં કે નહીવત્ પ્રમાણમાં છે. આ બધા ક્ષેત્રોની યોગ્ય તાલીમ દેશના આર્થિક વિકાસમાં ઈંધણ પૂરું પાડશે અને દેશની આર્થિક અને અન્ય અસમાનતાની સમસ્યાઓમાં ઘટાડો થવાની અપેક્ષા રહેશે.

(૪) આ પ્રકારની તાલીમ એવા સ્વરૂપે આપવામાં આવશે કે જેથી તાલીમાર્થી તેનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ સહેલાઈથી કરી શકશે. ટૂંકમાં, આ તાલીમનાં કાર્યક્ષેત્રમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય જરૂરીયાતો/માંગને ધ્યાનમાં રાખીને તાલીમ આપવામાં આવશે. જેથી દેશના તાલીમાર્થી વિશ્વ બજારમાં હરીફાઈનો સામનો કરી શકે અને વિકાસ કરી શકે. આ પ્રકારની તાલીમ અમેરિકા, જાપાન, ચીન, જર્મની, રશિયા અને પશ્ચિમ

એશિયાના અન્ય દેશો સાથે હરીફાઈ કરવા સમર્થ બની શકે.

(૫) ભારત ખેતી પ્રધાન દેશ છે. તેની મોટાભાગની વસ્તી ગામડાઓમાં વસવાટ કરે છે. ભારતનાં ગામડાના ઉદ્યોગોનો પણ ભારતની જીડીપીમાં ફાળો છે. તેથી ગામડાઓ સાથે સંકળાયેલા ઉદ્યોગને વધુ કાર્યક્ષમ અસરકારક બનાવવા જેથી આર્થિક રીતે સદ્ધર બને જેને Rural India Skill નામ આપવામાં આવેલ છે.

(૬) કૌશલ્યનાં વિકાસમાં વિશિષ્ટ ઉંમર સમૂહ (Specific Age Group) માટે ખાસ હેતુવાળા અથવા જરૂરીયાત આધારીત તાલીમના વર્ગોનું આયોજન કરવામાં આવશે, જેમાં વિવિધ પ્રકારનાં કૌશલ્યના વિકાસ અંગેની તાલીમ આપવામાં આવશે. આ કૌશલ્યોમાં સંચાલન કૌશલ્ય, વર્તણૂક કૌશલ્ય, વાતચીત કૌશલ્ય, ભાષા કૌશલ્ય, વ્યક્તિગત વિકાસ કૌશલ્ય વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

(૭) આ તાલીમ આપવા અંગે વિવિધ પ્રકારની પદ્ધતિઓનો ઉપયોગ થશે. તાલીમનું સ્વરૂપ કયા પ્રકારના સમૂહને તાલીમ આપવાની છે તેના પર આધાર રાખશે. દા.ત. સમત સ્વરૂપે, સમૂહ ચર્ચા, વ્યવહારિક અનુભવ, કેસ સ્ટડી વગેરે.

**કોની ભૂમિકા ?**

આ પ્રકારનાં કૌશલ્ય અને તાલીમ પૂરી પાડવાનું કામ ફક્ત સરકાર કરી શકે નહીં. સમાજનાં અન્ય પક્ષકારોએ આ અંગે પોતાની ભૂમિકા ભજવવાની રહેશે. આ કૌશલ્ય અને તાલીમ વિશિષ્ટ પ્રકારની સંસ્થાઓ દ્વારા જ આપી શકાશે. નિષ્ણાંતો પણ આ અંગે પોતાનું યોગદાન આપી શકાશે. ખાસ કરીને નીચેના પક્ષકારો પોતાનો ફાળો આપી શકશે.

(૧) **કોર્પોરેટ શૈક્ષણિક સંસ્થાઓ :** મોટા મોટા ધંધાકીય એકમો દ્વારા પોતાના કર્મચારીઓ માટે તાલીમ સંસ્થાઓ ખોલવામાં આવે છે અને બદલાતા સંજોગોમાં પોતાના કર્મચારીઓને જરૂરીયાત અને સમય આધારિત તાલીમ આપે છે. દા.ત., Bank of Barodaની Training College, ONGC, Training Center વગેરે. આ કોર્પોરેટ શૈક્ષણિક સંસ્થાઓ પાસે અનુભવી અને નિષ્ણાંત - તાલીમ આપનાર અધિકારીઓ હોય છે. આમ, આ અધિકારીઓના અનુભવનો લાભ લઈને તાલીમાર્થીઓને સુસંગત તાલીમ આપી શકાય.

(૨) **બિનસરકારી એકમો / સંસ્થાઓ :** ભારતમાં બિનસરકારી સંસ્થાઓ જેમને Non Government Organizations કહેવામાં આવે છે. તેમની સંખ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં છે તેઓ સ્વૈચ્છિક રીતે સમાજના ઉત્કર્ષ માટે જુદા જુદા ક્ષેત્રોમાં પોતાની સેવાઓ પૂરી પાડે છે દા.ત., અમદાવાદની SEVA, દિલ્હીની Help Age India, Smile Foundation, Goonj Limited, મુંબઈની Cry, Give India, લખનઉની Sargam Sansthan જેવા NGOs ખૂબ જ મદદરૂપ થઈ શકે છે.

(૩) **સરકાર :** રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પણ આ અંગે વિવિધ તાલીમનાં વર્ગોનું આયોજન કરવામાં આવશે. આ યોજનાનાં અસ્તિત્વ પહેલા દરેક મંત્રાલય દ્વારા પોતાની સાથે સંબંધ ધરાવતી બાબતો અંગે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવતું હતું. દા.ત., ટેક્ષટાઈલ મંત્રાલય હોય તો તેઓ પોતાના મંત્રાલય હેઠળ આવતા તમામ પાસાઓ અંગે કૌશલ્ય વિકાસ અને તાલીમનાં વર્ગોનું આયોજન કરીને ઉત્પાદકતા વધારવાનાં પ્રયત્નો કરવામાં આવતા હતા. પરંતુ હવે સરકાર દ્વારા નવું મંત્રાલય Ministry of Skill Development and Entrepreneurship દ્વારા તમામ ક્ષેત્રો માટે કૌશલ્ય વિકાસ અને તાલીમ સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ દરેક માટે આવકારદાયક પગલું છે. આ મંત્રાલય દ્વારા Agriculture Alied Activitesથી માંડીને Travel Tourism and Hospitality જેવા ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ દરેક ક્ષેત્રના કામની સેવાની ગુણવત્તા ઉત્પાદકતા સાધનોનો મહત્તમ ઉપયોગ બગાડમાં ઘટાડો જેવા પાસાઓ અંગે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

(૪) **શૈક્ષણિક સંસ્થાઓ :** શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા બે પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે શૈક્ષણિક અને સંશોધન. સંશોધનના ગુણધર્મનાં કારણે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આ અનુસંધાનમાં ફાળો આપી શકાય છે. વિવિધ પ્રકારનાં કેસ સ્ટડી દ્વારા, ગ્રૂપ સમૂહ ચર્ચા દ્વારા, નિષ્ણાંતોના વ્યાખ્યાનો દ્વારા આ મિશનને ગતિશીલ કરી શકાય. શૈક્ષણિક સંસ્થાઓને યુજીસી દ્વારા સંશોધન માટે એટલે કે Minor Research Project - Major

Research Project અંગે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. કૌશલ્ય વિકાસ અને તાલીમ અંગેનાં પ્રૉજેક્ટ પર શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કામગીરી કરી શકાય.

**કૌશલ્ય વિકાસ અને તાલીમનું કાર્યક્ષેત્ર :**

Ministry of Skill Development and Entrepreneurship દ્વારા દેશના વિવિધ રાજ્યોના વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમની કામગીરી બજાવવાની છે. આ કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે National Skill Development Corporation અગ્રિમ ભૂમિકા ભજવી રહ્યું છે. આ અગાઉ જણાવ્યા આ મંત્રાલય દ્વારા દેશમાંથી જુદા જુદા ક્ષેત્રો પસંદ કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે - જેમનો કૌશલ્ય વિકાસ અને તાલીમનો કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના દેશના બધા રાજ્યોમાં અમલમાં મૂકવામાં આવી છે.

(૧) ખેતી અને સંબંધિત પ્રવૃત્તિઓ (Agriculture Allied Activities)
(૨) ઓટો અને ઓટો ભાગો
(૩) બેંન્કિંગ, નાણાકીય સેવાઓ, વીમો
(૪) સૌંદર્ય પ્રસાધન
(૫) મકાન બાંધકામ અને રિએલ એસ્ટેટ
(૬) બાંધકામ, બિલ્ડિંગ મટીરીયલ, હાર્ડવેર
(૭) સ્થાનિક મદદ
(૮) શિક્ષણ અને કૌશલ્ય વિકાસ
(૯) ઇલેક્ટ્રોનિક અને આઈટી હાર્ડવેર
(૧૦) ફૂડ પ્રોસેસિંગ
(૧૧) ફર્નિચર એન્ડ ફર્નિશિંગ
(૧૨) હીરા ઝવેરાત
(૧૩) હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ્સ
(૧૪) આરોગ્ય
(૧૫) આઈટી આધારિત સેવાઓ
(૧૬) ચામડા અને ચામડાની પેદાશો
(૧૭) મીડિયા અને મનોરંજન
(૧૮) ફાર્માસ્યુટીકલ
(૧૯) ખાનગી સલામતી સેવાઓ
(૨૦) છુટક વેપાર
(૨૧) ટેલીકોમ્યુનિકેશન
(૨૨) ટેક્ષટાઇલ અને કાપડ
(૨૩) ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક વેર હાઉસિંગ અને પેકેજિંગ
(૨૪) ટ્રાવેલ, ટુરીઝમ અને હોસ્પીટાલીટી

**EES મોડેલ :**

સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ઉપર મુજબનાં ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમ પર ભાર મૂકવામાં આવેલ છે. દરેક ક્ષેત્રમાં અનુભવ શિક્ષણ અને કૌશલ્ય વિકાસનાં સુગમ સમન્વયનાં આધારે ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. આ અંગે નીચે પ્રમાણે EES મોડેલ વિકસાવવામાં આવેલ છે. જે કૌશલ્ય વિકાસ અને તાલીમનું મહત્ત્વ સમજાવે છે.

EES Model = Experience + Education + Skill Development andtraining Model

**મોડેલની ધારણાઓ :**

(૧) EES Modelમાં ત્રણ બાબતો અનુભવ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને તાલીમ પર ભાર મૂકવામાં આવેલ છે અને એવી ધારણા કરવામાં આવેલ છે કે અન્ય પરિબળો હકારાત્મક સ્થિતિ ધરાવે છે.

(૨) EES Model ઉપરની ત્રણ બાબતોની કક્ષા (Degree) ઊંચી (H) અથવા નીચી (L) હશે તેવી ધારણા કરવામાં આવેલ છે. જેમાં ઊંચી કાર્યક્ષમતાને ૨ અને નીચી કાર્યક્ષમતાને ૧ ગુણ આપવામાં આવેલ છે. આ ગુણને X દ્વારા દર્શાવવામાં આવેલ છે.

(૩) ઉપરની ત્રણ બાબતોને તેમની ઉપયોગિતા આધારે ભાર (Weight) આપવામાં આવ્યા છે. અનુભવને ૧ ભાર, શિક્ષણને ૨ ભાર અને કૌશલ્ય વિકાસ અને તાલીમને ૪ ભાર આપવામાં આવેલ છે. આ ભારને W દ્વારા દર્શાવવામાં આવેલ છે.

(૪) કોઈપણ પરિણામની કાર્યક્ષમતા અને અસરકારકતા અનુભવ સાથે શિક્ષણ હોય તો **બમણી** થાય છે અને આ બન્ને સાથે કૌશલ્ય વિકાસ અને તાલીમ જોડાય તો કાર્યક્ષમતા અને અસરકારકતા **ચાર ગણી** થાય છે તેવી ધારણા કરવામાં આવેલ છે.

(૫) કાર્યક્ષમ અને અસરકારક પરિણામનું સુત્ર અથવા EES Model =

(અનુભવનાં ગુણ X અનુભવનો ભાર) + (શિક્ષણનાં ગુણ X શિક્ષણનો ભાર) + (કૌશલ્યનાં ગુણ X કૌશલ્યનો ભાર)

(૬) કાર્યક્ષમતાને ઊંચી કક્ષા અને નીચી કક્ષા દ્વારા દર્શાવેલ છે.

નિર્ધારીત પરિસ્થિતીમાં કૌશલ્ય વિકાસ અને તાલીમનું મહત્વ સમજાવતું મોડેલ કોઠા સ્વરૂપે નીચે પ્રમાણે દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | ESS Modelના અંગો | ભાર W | કાર્યક્ષમતા અને અસરકારકતાની કક્ષાનાં વિવિધ મિશ્રણો (X) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | | B | | C | | D | | E | | F | |
| ૧. | અનુભવ | ૧ | ૧ | L | ૨ | H | ૨ | H | ૧ | L | ૧ | L | ૨ | H |
| ૨. | શિક્ષણ | ૨ | ૧ | L | ૧ | L | ૨ | H | ૧ | L | ૨ | H | ૨ | H |
| ૩. | કૌશલ્ય વિકાસ અને તાલીમ | ૩ | ૧ | L | ૧ | L | ૧ | L | ૨ | H | ૨ | H | ૨ | H |

**નોંધ :** ત્રણ અંગો અને બે કક્ષાઓના કારણે જુદા જુદા છ મિશ્રણો બને.

**અનુભવ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને તાલીમની કાર્યક્ષમતા અને અસરકારકતા દર્શાવતા જુદા જુદા મિશ્રણોનાં પરિણામો :**

| ક્રમ | ESS Modelના અંગો | ભાર W | કાર્યક્ષમતા અને અસરકારકતાની કક્ષાનાં વિવિધ મિશ્રણો (X) X અને Wનો ગુણાકાર (XW) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D | E | F |
| ૧. | અનુભવ | ૧ | ૧ x ૧ = ૧ | ૨ x ૧ = ૨ | ૨ x ૧ = ૨ | ૧ x ૧ = ૧ | ૧ x ૧ = ૧ | ૨ x ૧ = ૨ |
| ૨. | શિક્ષણ | | ૧ x ૨ = ૨ | ૧ x ૨ = ૨ | ૨ x ૨ = ૪ | ૧ x ૨ = ૨ | ૨ x ૨ = ૪ | ૨ x ૨ = ૪ |
| ૩. | કૌશલ્ય વિકાસ અને તાલીમ | | ૧ x ૪ = ૪ | ૧ x ૪ = ૪ | ૧ x ૪ = ૪ | ૨ x ૪ = ૮ | ૨ x ૪ = ૮ | ૨ x ૪ = ૮ |
| ૪. | પરિણામ (E X W | | ૭ | ૮ | ૧૦ | ૧૧ | ૧૩ | ૧૪ |
| | ટકાવારી | | ૫૦% | ૫૭% | ૭૧% | ૭૯% | ૯૩% | ૧૦૦% |

**નોંધ :** છેલ્લા વિકલ્પમાં ત્રણેય અંગોની કાર્યક્ષમતા અને અસરકારકતા ઊંચી છે. તેથી ૧૪ મહત્તમ પરિણામ દર્શાવે છે. ટકાવારીમાં ૧૪ = ૧૦૦% ધાર્યા છે, અને તેના આધારે બાકીના મિશ્રણોની ટકાવારી શોધી છે.

**સમજૂતી :**

ઉપરનાં ઉદાહરણમાં પહેલા ત્રણ વિકલ્પોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમની કાર્યક્ષમતા અને અસરકારકતા નીચી (L) છે. જ્યારે પછીના ત્રણ વિકલ્પોમાં તે ઊંચી (H) છે. એટલે કે અનુક્રમે ૧ ગુણ અને ૨ ગુણ ધરાવે છે.

કૌશલ્ય વિકાસ અને તાલીમની કાર્યક્ષમતા અને અસરકારકતાનું પરિણામ ટકાવારીમાં દર્શાવતા છેલ્લા વિકાસનું પરિણામ મહત્તમ હોવાથી ૧૦૦ ટકાની ધારણા કરેલ છે. તેના આધારે બાકીના વિકલ્પોની ગણતરી કરીને ટકાવારી દર્શાવેલ છે.

આ મોડેલના આધારે એ બાબત સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે કે અનુભવ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને તાલીમ ત્રણેયનું તાર્કિક સંકલન કરવામાં આવે તો પરિણામ ૫૦ ટકાથી (મિશ્રણ A) વધારીને ૧૦૦ ટકા સુધીનું (મિશ્રણ F) હાંસલ કરી શકાય છે. અનુભવ અને શિક્ષણનાં કુલ પરિણામ પર અસર થાય છે પણ કૌશલ્ય વિકાસ અને તાલીમ પરિણામ પર અસામાન્ય અસર ધરાવે છે.

ટૂંકમાં, કૌશલ્ય વિકાસ અને તાલીમનાં પ્રયાસો એ એક વૈજ્ઞાનિક અને પદ્ધતિસરના અમલીકરણની પ્રક્રિયા છે. જે અનુભવ અને શિક્ષણની કક્ષાને ધ્યાનમાં રાખીને વ્યક્તિનાં સમગ્ર દેખાવમાં (Performance of Workers / employee) અસામાન્ય વધારો કરે છે. જેના કારણે ઉત્પાદકતા વધતા અર્થતંત્ર વેગવંતુ બને છે. અર્થતંત્ર નીચેના પરિણામોને લીધે વધુ સદ્ધર બને છે. કૌશલ્ય વિકાસ અને તાલીમમાં કારણે – ૧૦૦ ટકા પરિણામ મળે છે (જુઓ EES Model)

ઉત્પાદતા વધે છે.

બગાડતાં ઘટાડો થાય છે.

ગુણવત્તામાં સુધારો થાય છે.

ઉત્પાદનમાં વધારો થાય છે.

સાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે.
રોજગારીમાં વધારો થાય છે.
ગરીબીમાં ઘટાડો થાય છે.
પેદાશો અને નવી સેવાઓ ઉપલબ્ધ થાય છે.
સંશોધનનો અવકાશ રહે છે.
ધંધાનો વિકાસ થાય છે.
ધંધાનું વિસ્તરણ થાય છે.
આર્થિક વિકાસ થાય છે.
આર્થિક અસમાનતા ઘટે છે. આ બધાના લાભોના લીધે અર્થતંત્ર સ્વાવલંબી બને છે અને દેશ વિકસિત રાષ્ટ્રોની હરોળમાં પોતાનું સ્થાન ઊભું કરવા સક્ષમ બને છે.

યોજનાનાં અમલીકરણ માટે Ministry of Skill Development and Entreprenership અને National Skill Development Corporation ભૂમિકા :

પ્રવર્તમાન સમયમાં ભારતમાં ૨૦ મંત્રાલયો/વિભાગો દ્વારા કૌશલ્ય વિકાસ અંગેની વિવિધ ૭૦ કરતા વધુ યોજનાઓ કાર્યરત છે. પરંતુ આ બધી જ યોજનાઓ ૧૦૦ ટકા સફળતા ધારણ કરી શકી નથી. નક્કી કરેલા ઉદ્દેશો સંપૂર્ણપણે હાંસલ થયા નથી. ઉપરની યોજનાઓના અમલીકરણ અને નિષ્ફળતાનાં કારણે ભારત સરકારે નોટીફિકેશન દ્વારા તા.૩૧-૦૭-૨૦૧૪નાં રોજ Development of Skill Development and Entrepreneurshipની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ તા. ૧૦-૧૧-૨૦૧૪નાં રોજ Ministry of Skill Development and Entrepreneurship ની નવા મંત્રાલય તરીકે સ્થાપના થઈ.

આ મંત્રાલયને નીચેનાં અગત્યનાં ઉદ્દેશો હાંસલ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ છે તેમજ આ ઉદ્દેશો હાંસલ કરવા અંગેના કાર્યો પણ મંત્રાલય દ્વારા વિકસાવવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે :

| **હાંસલ કરવાનાં ઉદ્દેશો** | **ઉદ્દેશો હાંસલ કરવાની વ્યૂહરચના** |
|---|---|
| ૧. શિક્ષિત યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવી | ૧. કુશળ લોકો માટે યોગ્ય કાર્યો/વ્યવસ્થા (Pipeline)નું સર્જન કરવું. |
| ૨. શિક્ષિત યુવાનો સ્વયં રોજગારી ઊભી કરે તેવા કૌશલ્યનો વિકાસ | ૨. માંગ આધારિત પુરવઠાની વ્યવસ્થા |
| ૩. નીચી આવક મેળવતા સમૂહ માટે તેમજ અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે કૌશલ્ય વધારો, પુનઃ કૌશલ્ય, કામ શરૂ કરતાં પહેલાનું જ્ઞાન (Recognition of Prior Learning) દ્વારા વિકાસની તકો પૂરી પાડવી. | ૩. આંતરરાષ્ટ્રીય / સમાન ધોરણોનું પ્રમાણીકરણ. |
| ૪. વિવિધ ઉદ્યોગ માટે કામદારો પૂરા પાડવાની માંગ અને ગુણવત્તામાં સુધારો કરવો જેથી કરીને ઉત્પાદકતામાં વધારો થાય. | ૪. માંગ અને પુરવઠા વચ્ચેનું યોગ્ય સંકલન |
| ૫. યુવાનોનાં કૌશલ્યનો વધારો થાય તેવા પ્રેરણાયુક્ત પ્રયત્નો કરવા. | ૫. નિયોજકશક્તિ (Entrepreneurship)ને વધુ સક્રીય, વૈજ્ઞાનિક બનાવવા. |

આ ઉપરનાં ઉદ્દેશો અને વ્યૂહરચના ઉપરાંત આ મંત્રાલય દ્વારા નીચેનાં કાર્યો પણ કરવામાં આવશે.

(૧) સામાન્ય નિયમો વિકસાવવા
(૨) પરિણામોનું માપન (Outcome Measures)
(૩) કૌશલ્ય વિકાસ યોજનાઓ માટે જુદા જુદા મંત્રાલય અને વિભાગોને નાણાકીય સહાય
(૪) રાજ્ય કક્ષાએ કૌશલ્ય વિકાસનાં ધોરણો વિકસાવવા.
(૫) આંતરરાષ્ટ્રીય કક્ષાની આદર્શ બાબતો (Best Practicals)નું અનુકરણ
(૬) કોર્પોરેટ સાથે ભાગીદારી
(૭) જુદા જુદા ઉત્પાદનનાં અને સેવાનાં ક્ષેત્રો માટે કૌશલ્ય તફાવત અભ્યાસ (Skill Gap Studies)
(૮) નીચે જણાવેલ વિવિધ સંસ્થાઓ સાથે સંકલન કરીને Skill India Mission અંગે કામગીરી કરવી.

(a) Naitonal Skill Development Corporation
(b) Naitonal Skill Development Agency
(c) Naitonal Skill Development Trust

NSDC : એ જાહેર ખાનગી ભાગીદારી કંપની સ્વરૂપે શરૂ કરવામાં આવેલ છે. આનો મુખ્ય ઉદ્દેશ ગુણવત્તાયુક્ત તાલીમ યોજનાઓ અંગેની કામગીરી કરવાની છે. જેની અન્ય

કામગીરી લાંબાગાળાની મૂડી જેને Patient Capital કહેવામાં આવે છે તે પૂરી પાડવાનું છે. જેમાં સબસીડી અને ગ્રાન્ટનો સમાવેશ કરવામાં આવે છે. કૌશલ્યના વિકાસ માટે મજબૂત મદદરૂપ વ્યવસ્થા (Supporting System) ઊભી કરવાનો છે.

**NSDCનાં ઉદ્દેશો :**

(૧) ઉદ્યોગોને સામેલ કરીને કૌશલ્ય ધોરણો આંતરરાષ્ટ્રીય કક્ષાનાં સ્તર સુધી લઈ જવા.

(૨) ધોરણો માટે યોગ્ય માળખાની રચના, અભ્યાસક્રમ અને ગુણવત્તા ખાતરીનો વિકાસ

(૩) જાહેર-ખાનગી ભાગીદારીના મોડેલની મદદથી ખાનગીક્ષેત્ર માટે કૌશલ્ય વિકાસ અંગે સંકલનની કક્ષા વધારવી.

(૪) કામગીરી અને નાણાકીય બાબતોમાં ખાનગી ક્ષેત્રનો ફાળો વધે તેવા પ્રયાસો કરવા.

(૫) જે બજારોમાં માર્કેટ વ્યવસ્થા (Marketing Machanism) અપૂરતી અથવા નથી ત્યાં નાણાકીય મદદથી Market Makerની ભૂમિકા ભજવી.

NSDCનાં મેનેજિંગ ડિરેક્ટરનાં જણાવ્યા પ્રમાણે ભારતના પસંદ કરેલા ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમની ખૂબ જ જરૂર છે. તેમના જણાવ્યા પ્રમાણે એક દાયકા દરમ્યાન લગભગ ૧૦૯ મિલિયન કુશળ કામદારો / કર્મચારીઓની જરૂર પડશે. હાલનાં સમયમાં કુશળ કામદારો / કર્મચારીઓની અછત જણાય છે. તેમણે જણાવ્યું હતું કે આ કૌશલ્ય અંગેની જરૂરિયાત જાણવા માટે ૧૦૦૦ એકમો સાથે ચર્ચા વિચારણા અને તેમના અભિપ્રાયો મેળવ્યા છે. ૧૯ જેટલા ક્ષેત્રો Skill Councils સાથે પણ મુલાકાત કરીને માહિતી પ્રાપ્ત કરી છે. ઉપરાંત ૧૧૦ જેટલી તાલીમ આપતી સંસ્થાઓ પાસેથી પણ માહિતી એકત્રિત કરવામાં આવી છે. ઉપરાંત ૧૫૦૦ જેટલા તાલીમાર્થીઓ પાસેથી આ સંદર્ભમાં માહિતી મેળવવામાં આવી છે.

ઉપરની માહિતી પ્રાપ્ત કર્યા પછી પોતાના તૈયાર થયેલા અહેવાલનાં આધારે NSDC દ્વારા કૌશલ્ય તફાવત (Skill Gap) અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. ઉપર જણાવ્યા પ્રમાણે જુદા જુદા ક્ષેત્રો જેની આ અગાઉ ચર્ચા કરેલ છે તેની પસંદગી કરવામાં આવેલ છે. આ અનુસંધાનમાં રાષ્ટ્રીય કક્ષાની નીતિ તૈયાર કરવામાં આવેલ છે. NSDC દ્વારા નીચે પ્રમાણે અહેવાલ તૈયાર કરવામાં આવ્યા છે :

૧. ક્ષેત્ર પ્રમાણે અહેવાલ

૨. રાજ્ય પ્રમાણે અહેવાલ

**૧. ક્ષેત્ર પ્રમાણે અહેવાલ (Sectorwise Report) :** ૨૫ ક્ષેત્રો અંગેની તમામ જાણકારી અને દરેક ક્ષેત્રમાં કયા કયા પ્રકારના પરિબળો અસર કરે છે ? કયા પ્રકારનાં અવરોધો છે ? વિકાસની તકો કેવી છે ? વિકાસ તરફ ગતિ કેવી રીતે કરી શકાય ? કૌશલ્ય વિકાસ અને તાલીમની કેટલી જરૂરી છે અને તેની ભૂમિકા કેવી રહેશે ? વગેરે પ્રશ્નો અંગે માહિતી એકત્રિત કરવામાં આવી છે. દા.ત., ઓટોમોબાઈલ ક્ષેત્રમાં વિશ્વ કક્ષાની સ્પર્ધાનાં કારણે આવશ્યક કૌશલ્ય અને કૌશલ્યમાં સુધારા / વધારાની જરૂરિયાત રહેવા પામી છે. આજ ક્ષેત્રમાં ૨૦૧૩માં ૧૧ મિલિયન કામદારોની જરૂર હતી. ૨૦૧૭માં આ માંગ વધીને ૧૩ મિલિયન થશે અને ૨૦૨૨માં આ માંગ ૧૫ મિલિયન થશે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ભારતમાં આ ઉદ્યોગ માટેની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs) ડિપ્લોમા આવતી સંસ્થાઓ અને એન્જિનિયરિંગ કૉલેજો પૂરતા પ્રમાણમાં નથી.

સંશોધનના આધારે નીચેના Skill Gap અંગેના કારણો સામે આવ્યા છે :

(૧) કામદારો પાસે ઉદ્યોગ સંબંધિત અને ટેક્નિકલ બાબતો અંગે જ્ઞાન મર્યાદિત છે - ઘણા બધા પાસાઓ અંગે તેઓ અજાણ છે, જાણકારી ધરાવતા નથી.

તેથી તેમના માટે કૌશલ્ય વિકાસ અને તાલિમ અને ખાસ કરીને ટેક્નિકલ બાબતો અંગે ખૂબ જ મહત્ત્વની સાબિત થાય જેથી શ્રમનો - સમયનો બચાવ થાય અને સરવાળે કાર્યક્ષમતા વધે.

(૨) જરૂરી સેવાઓ નિભાવણીનું સ્તર અને ગ્રાહકોનાં સંતોષનું પ્રમાણ અપૂરતું નોંધાયું છે. ગ્રાહકોને મહત્તમ સંતોષ આપવા માટે તેમજ નક્કી કરેલ સેવાઓ સમયસર પૂરી પાડવા અંગે પણ કૌશલ્ય વિકાસની જરૂરિયાત છે.

(૩) પ્લાન્ટની સ્થાપના માટે યોગ્ય સિવિલ એન્જિનિયરિંગ અને યોગ્ય પ્રોજેક્ટ મેનેજમેન્ટનો અભાવ છે.

સિવિલ એન્જિનિયરિંગ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટનો પ્લાન્ટની સ્થાપના માટે તાર્કિક ઉપયોગ કરી શકાય.

(૪) આ ઉદ્યોગમાં ડિઝાઇન અંગે આધુનિક સોફ્ટવેર અંગેની જાણકારીનો અભાવ

આ સંદર્ભમાં ઓટોમોબાઇલ શિક્ષણ અને કમ્પ્યૂટરના શિક્ષણનો સુગમ સમન્વય સ્થાપવો જોઈએ. આ ન હોવાથી તાલીમની જરૂર પડે છે.


(૫) પ્રવર્તમાન સમયમાં આધુનિક વાહનો બજારમાં આવી રહ્યો છે જેમાં

Computerised Numerical Controllersની વ્યવસ્થા આપવામાં આવેલ છે તેની જાણકારીનો અભાવ છે.

આ અંગેના કૌશલ્ય વિકાસ અને તાલીમની વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

(૬) નવા વિકસતા ખ્યાલો જેવા કે KANBAN, JUST IN TIME અંગે અપૂરતી જાણકારી ઇન્વેન્ટરી મેનેજમેન્ટ અંગેનું પૂરતું જ્ઞાન આપવું જરૂરી છે.

**ઉપરની બાબતોને EES મોડેલ દ્વારા સમજીએ :**




**ઓટોમોબાઈલ ઉદ્યોગ અને EES Model**

NSDCના અહેવાલ પ્રમાણે ૨૦૧૭માં અને ૨૦૨૨માં અનુક્રમે ૧૩ મિલિયન અને ૧૫ મિલિયન કામદારોની જરૂર રહેશે. ઉપરાંત હાલનાં કામદારોમાં ઉપરનાં કૌશલ્યનો અભાવ જોવા મળે છે અથવા પૂરતા પ્રમાણમાં નથી. EES મોડેલમાં જણાવ્યા પ્રમાણે કામદારોની કાર્યક્ષમતા અને અસરકારકતા અનુભવ, શિક્ષણ અને કૌશલ્યના યોગ્ય સંકલનના આધારે ૫૦ ટકાથી ૧૦૦ ટકા સુધી લઈ જઈ શકાય.

આમ, જુદા જુદા ૨૫ ક્ષેત્રોમાં NSDC દ્વારા કરવામાં આવેલા સંશોધનનાં આધારે જે ક્ષેત્રમાં જે પણ પ્રકારની તાલીમની જરૂરિયાત છે તેની વ્યવસ્થા ઊભી કરવી. ઉપરાંત સંબંધિત કૌશલ્ય વિકાસના કાર્યો પણ હાથ ધરવા જોઈએ. જેથી માનવબળથી શક્તિ જેમનો ૧૦૦ ટકા સુધી ઉપયોગ કરી શકાય.

**૨. રાજ્ય પ્રમાણે અહેવાલ (Statewise Report) :** દેશનાં જુદા જુદા રાજ્યોનાં ઉદ્યોગો અંગે માહિતી એકત્રિત કરવામાં આવેલ છે. કયા રાજ્યમાં ૨૦૧૭ અને ૨૦૨૨માં કેટલા માનવબળની જરૂરિયાત રહેશે ? માનવબળની જરૂરિયાતમાં અને પુરવઠામાં કેટલો તફાવત રહેશે ? કયા કયા જિલ્લામાં કયા કયા ઉદ્યોગો આવેલ છે ? આ ઉદ્યોગોમાં કેવા કેવા પ્રકારના કૌશલ્ય અપૂરતા છે ? કયા ઉદ્યોગ માટે કેટલા માનવબળની જરૂર પડશે ? વગેરે જેવા પ્રશ્નો અંગે માહિતી જિલ્લાવાર એકત્રિત કરવામાં આવી છે. દા.ત., ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨માં માનવબળ પુરવઠા અને માંગ વચ્ચે અનુક્રમે ૧૦.૫૪ લાખ અને ૧૦.૫૧ લાખ જેટલો તફાવત રહેવા પામશે. ઉપરાંત અભ્યાસમાં જણાવ્યા પ્રમાણે પ્રાથમિક શિક્ષણનાં વિદ્યાર્થીઓની સંખ્યા અને ઉચ્ચ શિક્ષણનાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૪ ટકા જેટલો (૫૮ લાખ ૮.૯ લાખ) તફાવત જોવા મળે છે. અહીં માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણનાં સંદર્ભમાં પગલા લેવાની જરૂરિયાત જણાય છે, કારણ કે અર્થતંત્રના વિકાસમાં શિક્ષણની પોતાની એક ભૂમિકા છે. કૌશલ્ય વિકાસ અને તાલીમ અંગે સરભર દ્વારા ભજવવાની

ભૂમિકા, ઔદ્યોગિક એકમોની કામગીરી તાલીમ આપતી સંસ્થાઓએ કયા પ્રકારનો ફાળો આપવો જોઈએ જેથી ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલ વિવિધ ઉદ્યોગોને વધુ કાર્યક્ષમ અને અસરકારક બનાવી શકાય.

સરકારશ્રીના Ministry of Skill Development અને Entrepreneurship દ્વારા સમગ્રલક્ષી આયોજન દ્વારા દેશના અર્થતંત્ર વધુ વેગવંતુ બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

**સમાપન :**

આપણા દેશનું અર્થતંત્ર નબળું પડવાના કારણોમાં આયાતોનું વધુ પ્રમાણ નિકાસોનું નીચું પ્રમાણ, સાધનોનો મહત્તમ ઉપયોગનો અભાવ, ફુગાવો, વૈશ્વિક સ્પર્ધાઓ, નીચી ઉત્પાદકતા, નીચી ગુણવત્તા, વધુ ઉત્પાદન સમય, માનવબળની કાર્ય અંગેની નિષ્ઠા વગેરે જેવા પરિબળો જવાબદાર છે. અર્થતંત્ર નબળું હોવાથી ગરીબી અને બેકારીની સમસ્યા પણ વધુ વિસ્તરે છે. આવા સંજોગોમાં સરકારના સમય અને જરૂરિયાત આધારિત પગલોઓમાં Ministry of Skill Development and Entrepreneurship ખૂબ જ આવકારકદાયક છે. આ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રકારનાં પગલાઓની સફળતા મળે તો ભવિષ્યમાં તેના સારા પરિણામો જોવા મળશે.

સરકારની યોજના દ્વારા સ્કિલ ગેપ દુર કરવા અને સ્કિલ ઈન્ડિયા મિશનને સફળ બનાવવા માટે —



(૧) શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અપાતા શિક્ષણ અને ઉદ્યોગોની જરૂરિયાત વચ્ચે સંકલન હોવું જોઈએ.

(૨) કામદારો / કર્મચારીઓમાં શિક્ષણનું સુધારવું જોઈએ.

(૩) ઉદ્યોગ સાહસિકો દ્વારા કામદારોને કૌશલ્ય વધારા અંગે પૂરતી સગવડો પૂરી પાડવાનાં પ્રયાસો કરવા જોઈએ.

(૪) વિવિધ NGOs દ્વારા કોઈપણ એક ઉદ્યોગને દત્તક લઈને તે ઉદ્યોગનાં સંદર્ભમાં જુદા જુદા કૌશલ્ય વિકાસ અને તાલીમ અંગેની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(૫) ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જે ઉદ્યોગોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમ જરૂરી હોય તેવા ઉદ્યોગોને અગ્રીમતા આપીને આ અંગેનાં કાર્યક્રમોનું આયોજન કરવું.

(૬) યુજીસી દ્વારા આ અનુસંધાનમાં માઈનોર અને મેજર રિસર્ચ પ્રોજેક્ટને મહત્ત્વ આપવું જોઈએ.

(૭) માનવબળની કામ પ્રત્યેની સંપૂર્ણ નિષ્ઠા અને સમય તેમજ જરૂરિયાત આધારિત તાલીમ ખૂબ જ પ્રામાણિકતાથી લેવી અને તેનો ઉપયોગ પોતાના કામ દરમ્યાન કરવો.

(૮) કૌશલ્ય વિકાસ અને તાલીમ એ સતત અને કાયમી સ્વરૂપની હોવી જોઈએ.

(૯) જુદા જુદા મોટા ઔદ્યોગિક એકમો દ્વારા ચલાવવામાં આવતા તાલીમ કેન્દ્રોમાં આ પ્રકારની તાલીમ કેમ્પનું આયોજન કરવું.

(૧૦) દરેક રાજ્ય દ્વારા પોતાના ઉદ્યોગો માટે તાલીમ કેમ્પોનું આયોજન કરવું જોઈએ અને જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવી જોઈએ.

કૌશલ્ય સભર ભારત સફળ ભારત સમૃદ્ધ ભારતનાં નિર્માણના સ્વપ્નને સાકાર થવા શુભેચ્છા પાઠવીએ.

**લેખક એસ.ડી. સ્કૂલ ઓફ કોમર્સ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૦૯માં પ્રોફેસર છે.**

# મહિલાઓ માટે કુશળતા વિકસાવવા આવશ્યક પરિબળો

દેવ નાથન



*મહિલાઓ માટે કૌશલ્ય વિકસાવવા સાથે સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરવા મહિલાઓના કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપે તેવા પરિબળોને ધ્યાનમાં લેવા જરૂરી છે અથવા મહિલાઓના કૌશલ્ય વિકાસને સંવર્ધન આપવા તેમને સક્ષમ બનાવવા આવશ્યક પરિબળોને પ્રોત્સાહન આપવું જોઈએ. મુદ્દો એ છે કે ઉદ્યોગ કે વ્યવસાય કે તાલીમ સંસ્થાઓમાં મહિલાઓની સંખ્યામાં વધારો થાય તે જ જરૂરી નથી, પણ સાથે સાથે મહિલાઓના કૌશલ્યમાં વધારો થાય તે આવશ્યક છે.*

'સ્કિલ ઈન્ડિયા'ના પ્રશ્નએ સારું એવું ધ્યાન ખેંચ્યું છે. પણ મહિલાઓ માટે કૌશલ્ય વિકસાવવા સાથે સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરવા મહિલાઓના કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપે તેવા પરિબળોને ધ્યાનમાં લેવા જરૂરી છે અથવા મહિલાઓના કૌશલ્ય વિકાસને સંવર્ધન આપવા તેમને સક્ષમ બનાવવા આવશ્યક પરિબળોને પ્રોત્સાહન આપવું જોઈએ. મુદ્દો એ છે કે ઉદ્યોગ કે વ્યવસાય કે તાલીમ સંસ્થાઓમાં મહિલાઓની સંખ્યામાં વધારો થાય તે જ જરૂરી નથી, પણ સાથે સાથે મહિલાઓના કૌશલ્યમાં વધારો થાય તે આવશ્યક છે. દેશના અર્થતંત્રમાં કુશળ મહિલાઓની સંખ્યામાં વધારો કરવા આ પરિબળો ધ્યાનમાં લેવા જરૂરી છે. જેમ કે (૧) વિવિધ કૌશલ્યની તાલીમ લેતા મહિલાઓને અટકાવે તેવા પરિબળો, જો તેઓ તાલીમ લે તો, (૨) કુશળતા ધરાવતી મહિલાઓને રોજગારી માટે અવરોધ બનતા પરિબળો.

આઈટીઆઈ અને કૌશલ્ય પ્રદાન કરતી અન્ય આવી જ સંસ્થાઓમાં તાલીમ લેવા માટે છોકરીઓ કે યુવતીઓ શા માટે આગળ આવતી નથી ? જ્યારે અત્યારે વધુને વધુ મહિલાઓ કમ્પ્યૂટર ટ્રેનિંગ લઈ રહી છે, શા માટે ? તાલીમ મેળવવાના ખર્ચને વાજબી ઠેરવવા અકુશળ રોજગારીમાં ઊંચો પગાર આપતી રોજગારી મળવવા સક્ષમ થવું જરૂરી છે. ઉપરાંત યુવતીઓ તે રોજગારીમાં કે તે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા કામ કરવા સક્ષમ હોવું જોઈએ.

અહીં ઉત્પાદન અને આઈટી ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ વચ્ચેનો ફરક આપણે જોઈ શકીએ છીએ. મહિલાના બાળકને જન્મ આપવાના વર્ષ દરમિયાન સતત કામ કરવાની ક્ષમતાને કારણે બાળકની સારસંભાળ લેવા તે (અને તેનું કુટુંબ) સક્ષમ હોય તે જરૂરી છે. પિતૃપ્રધાન સમાજના નિયમો મુજબ, બાળકની સારસંભાળ રાખવાની જવાબદારી મહિલાની છે. એટલે બાળકની દેખરેખની સંપૂર્ણ જવાબદારી મહિલા પર આવે છે.

આઈટી ક્ષેત્રમાં (અથવા, કાયદાકીય અને તબીબી વ્યવસાયો જેવા અન્ય ક્ષેત્રોમાં) કાર્યરત મહિલાઓની આવક તેમના બાળકની દેખરેખના ખર્ચ ઉઠાવવા પૂરતી હોય છે. ઉપરાંત તાલીમબદ્ધ મહિલાઓ ધરાવતી ઘણી આઈટી કંપનીઓ કામકાજના અનુકૂળ કલાકોની છૂટ આપે છે અને તેમાંથી થોડું ઘણું કામ ઘરેથી કરવાની પણ છૂટ આપે છે. તેના પરિણામે આ પ્રકારની મહિલા વ્યાવસાયિકોને બાળકના જન્મ આપવામાં અને તેની સારસંભાળ લેવામાં તેમની

વ્યાવસાયિક કારકિર્દીને છોડવી પડતી નથી.

બીજી તરફ ઉત્પાદન ક્ષેત્રમાં મહિલા કામદારોની આવક બાળકની સારસંભાળ કરી શકે તેટલા સ્તરની નજીક પણ હોતી નથી. સાથે સાથે બહુ ઓછા કારખાનામાં બાળકની દેખરેખ રાખી શકાય તેવી વ્યવસ્થા હોય છે. તેના પરિણામે ગારમેન્ટ ઉદ્યોગમાં દરજી તરીકે કે ઈલેક્ટ્રોનિક ઉદ્યોગમાં એસેમ્બલર્સ તરીકે મહિલાઓને બાળકના જન્મના કારણે કારખાનામાંથી કામ છોડવું પડે છે. એટલે જ ગારમેન્ટ ઉદ્યોગમાં કેટલીક મહિલાઓને અતિ ઓછો પગાર ચૂકવવામાં આવે છે અને ઘરેથી પાર્ટ-ટાઈમ કામ આપવામાં આવે છે. તેમની પાસે કામ કરવાની અનુકૂળતા હોય છે, પણ મહેનતાણું અતિ ઓછું મળે છે. ઉપરાંત બાળકની સારસંભાળની જવાબદારીઓ પણ હોય છે, જે કારખાનાના નિયમિત કલાકોમાં અદા કરવી શક્ય નથી.

જાહેર કે કારખાના દ્વારા બાળકની સારસંભાળ પ્રદાન કરવામાં આવતી નથી એટલે એ મુદ્દો પુરવઠા પક્ષનું પરિબળ છે, જે મહિલાઓને ઉત્પાદન ક્ષેત્રમાં કુશળ કામદાર કે કર્મચારીઓ તરીકે કારકિર્દી બનાવતા અટકાવે છે. તેની સરખામણીમાં અન્ય ક્ષેત્રોમાં તેઓ સારા પગારે આવી સુવિધા મેળવે છે. મહિલાઓની ભાગીદારીમાં ઘટાડા પર તમામ ચર્ચામાં તેમની ઘરની, ખાસ કરીને બાળકના સારસંભાળની જવાબદારીઓને ધ્યાનમાં લીધી નથી, જે મહિલાઓને ઉત્પાદન ક્ષેત્રમાં પ્રવેશતી અટકાવે છે. ઉત્પાદન ક્ષેત્રમાં ઘરથી દૂર કામના સ્થળે નિયમિત કલાકોની હાજરી જરૂરી છે.

તો પછી માંગનું શું ? કંપનીઓ કે રોજગારદાતાઓ શા માટે કુશળ મહિલાઓ ઉપલબ્ધ હોવા છતાં તેમને રોજગારી પ્રદાન કરતા નથી ? અત્યારે પ્રસૂતિ અને બાળકની સારસંભાળના લાભની દૃષ્ટિએ મહિલાઓને નોકરી પર રાખવાનો ખર્ચ કંપની દ્વારા ઉઠાવવામાં આવે છે ? આ ખર્ચને ધ્યાનમાં રાખીએ તો કંપની પુરુષને નોકરીએ રાખવાનું વધારે પસંદ કરે છે, જેમને પ્રસૂતિની રજાઓ અને બાળકની સારસંભાળ જેવા લાભ ચૂકવવાની જરૂર પડતી નથી.

પ્રસૂતિ અને બાળકની સારસંભાળના લાભનો ખર્ચ વહન કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીએ તો કુશળ કર્મચારીઓ તરીકે મહિલાઓને રોજગારી આપવામાં કંપનીને વધારે ખર્ચ ઉઠાવવો ન પડે તેવો કોઈ માર્ગ સંભવિત છે ? આવું શક્ય છે અને તેમાં મહિલાઓને રોજગારી આપવામાં વધારાના ખર્ચનું વહન કોઈ એક કંપની કે રોજગારદાતાને કરવું નહીં પડે. આ માટેની એક શક્યતા એ છે કે સરકાર આ ખર્ચનું વહન કરવેરાની વ્યવસ્થા મારફતે કરે. પ્રસૂતિ અને બાળકની સારસંભાળના ખર્ચ સાથે સંબંધિત કરવેરા કંપનીઓ પર ન લાદે અને તમામ કરદાતા પર લાદવામાં આવે તેવી વ્યવસ્થા સંભવિત છે.

પણ તે તર્ક સારી રીતે આપી શકાય છે કે કંપનીઓ મહિલાઓને નોકરીમાં રાખે તે માટેના ખર્ચનું વહન કરવા મધ્યમ વર્ગના કરદાતા અને પરોક્ષ (કોમોડિટી) કરદાતા તરીકે સંપૂર્ણ વસતિ પર કરવેરો લાદવામાં આવે તે યોગ્ય નથી. આ માટે સેસ કે રોજગારદાતાઓ પર લેવીની સિસ્ટમ વધારે યોગ્ય રહેશે, જે મહિલા કર્મચારીઓને પ્રસૂતિ અને બાળકની સારસંભાળ સાથે સંબંધિત ફાયદાની ચૂકવણીને ધિરાણ કરવા ઉદ્યોગ પ્રમાણે લાદી શકાશે. સેસ મારફતે આ ભારણ તમામ કંપનીઓ પર લાગશે (અથવા, ખાસ ઉદ્યોગ પર), પણ મહિલાઓને રોજગારી આપતા કોઈ ઉદ્યોગ કે ખાસ કંપની પર નહીં. આ પ્રકારના સેસને નફા પર લઈ શકાશે, જેમ કે અત્યારે કાયદા પ્રમાણે નફાના ૨ ટકાનો ખર્ચ સીએસઆર પેટે કરવામાં આવે છે. કુશળતા ધરાવતી મહિલાઓને રોજગારી આપવાના ખર્ચની ચૂકવણી કરવા સેસ કે લેવીનો ઉપયોગ કરવાથી ખાસ રોજગારદાતાના સ્તરે છૂટછાટો દૂર થશે.

ઉપરાંત એક ત્રીજું પરિબળ પણ છે, જે ઉત્પાદન ક્ષેત્રમાં કુશળ મહિલાઓને રોજગારી આપવાથી વંચિત રાખે છે. ઉપકરણનો સંપૂર્ણ ઉપયોગ કરવા અને ઉત્પાદન માટે પર્યાપ્ત માંગ હોય તો કારખાનાઓને ત્રણ શિફ્ટમાં કામ કરવું પડે છે, જેમાં રાતપાળી પણ સામેલ છે. પણ ભારતમાં રાતે જાહેર સ્થળોમાં મુસાફરી કરવી મહિલાઓ માટે મુશ્કેલ છે તે આપણે બધા જાણીએ છીએ. ડિસેમ્બર, ૨૦૧૨માં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ફાર્માસિસ્ટ તરીકે તાલીમ લેતી યુવાન મહિલા પર બળાત્કાર જાહેર સ્થાનોમાં મહિલાઓ માટે સલામતિના અભાવનું ફક્ત એક ઉદાહરણ છે. કોલ સેન્ટર્સ અને આઈટી ઓફિસો તેમના કર્મચારીઓ માટે કાર અને મિનિ-બસમાં પરિવહનની સુવિધાઓ કરી કંઈક હદે મહિલા કર્મચારીઓને સલામતિ પ્રદાન કરે છે. પણ નફાનું ધોરણ અત્યંત ઓછું હોય તેવા ઉત્પાદન ક્ષેત્રમાં આ પ્રકારના ખર્ચનું વહન કરવું શક્ય નથી.

ડિસેમ્બર, ૨૦૧૨માં દિલ્હીમાં નિર્ભયા બળાત્કાર પ્રકરણ પછી દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં પરિવહનની સુવિધા પ્રદાન કરતા કોલ સેન્ટર્સમાં પણ મહિલાઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે તેવું એસોચેમનો અહેવાલ જણાવે છે. એટલે આપણે કૌશલ્ય ધરાવતા વ્યવસાયોમાં રોજગારી મેળવવામાં મહિલાઓની ઓછી સંખ્યા

માટે વધુ એક પરિબળ તરીકે જાહેર સ્થળોમાં તેમની સલામતિના અભાવને ગણતરીમાં લેવું જોઈએ,ખાસ કરીને રાત્રે જાહેર સ્થળો કે સ્થાનોમાં મહિલાઓની સલામતિનો અભાવ વધુ જવાબદાર છે.

તે બાબત નોંધવી રસપ્રદ છે કે ઈસ્ટર બોસેરપે આર્થિક વિકાસમાં મહિલાઓની ભૂમિકા (૧૯૭૦, ન્યૂયોર્ક, સેન્ટ માર્ટિન પ્રેસ)ના તેમના પાયારૂપ અભ્યાસમાં ધ્યાન દોર્યું છે કે, ''તે દલીલમાં ઓછો દમ છે કે પ્રસૂતિની રજાઓ અને ડે કેર સેન્ટર માટેની જોગવાઈ માટેના નિયમો ફરજિયાત બનાવવાથી કંપનીઓ મહિલાઓને રોજગારી આપતી નથી કે રોજગારી આપવામાં ખચકાટ અનુભવે છે, કારણ કે મહિલાઓને રોજગારી આપતી કંપનીઓ પરથી આ વિશેષ લાભનું નાણાકીય ભારણ એક કંપની પરથી તમામ કંપનીઓ પર ખસેડવું સરળ રહેશે. તેનાથી આ વિશેષ સવલતો માટે જે નાણાકીય ખર્ચ થશે તેનું ભારણ એક જ કંપનીને નહીં, પણ તમામ કંપનીઓને ઉઠાવવું પડશે અને તેમાં નાણાકીય ભારણમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ માટે મહિલાઓને રોજગારી આપતી કે ન આપતી તમામ કંપનીઓએ અમુક નિશ્ચિત પ્રદાન કરવું પડશે'' (૧૯૭૦: ૧૧૩). તેઓ આગળ જણાવે છે કે, ''મહિલાઓ માટે નકારાત્મક કર્મચારી અસરોની ફરિયાદો મળવા છતાં જ્યાં આ પ્રકારના નાણાકીય સમીકરણ હાથ ધરવામાં ન આવે ત્યાં તે શંકાને બળ મળી શકે છે કે એક યા બીજા અને ગુપ્ત કારણોસર કંપની ઉદ્યોગમાં મહિલાઓની ભરતી વધુ કરવા ઈચ્છતી નથી.'' દિલ્હીમાં ડિસેમ્બર, ૨૦૧૨માં નિર્ભયા પર થયેલા બળાત્કાર પછી અનેક લોકોએ એવી દલીલ કરી હતી કે, મહિલાઓએ રાતે જાહેર સ્થળોએ ન જવું જોઈએ. જાહેર સ્થળો પર મહિલાઓને સુરક્ષા અને સલામતિ પ્રદાન કરવાને બદલે તેઓ મહિલાઓને રાતે ઘરમાં ગોંધી રાખવા માંગે છે, તેમને બહાર ન નીકળવાની સલાહ આપે છે. હકીકતમાં તેના પગલે કૌશલ્ય ધરાવતી રોજગારી અને વ્યવસાયોમાં મહિલાઓના પ્રવેશ પર નિયંત્રણ આવી જશે. મહિલાઓ આ પ્રકારના વ્યવસાયોમાં પગપેસરો નહીં કરી શકે.

આ નોંધની દલીલ એ છે કે કુશળતા ધરાવતી મહિલાઓને પ્રોત્સાહન આપવા ત્રણ પરિબળોને ધ્યાનમાં લેવા જરૂરી છે : એક, સરકાર દ્વારા બાળકોની સારસંભાળ રાખવા માટેની સુવિધાનો અભાવ, જે બાળકને જન્મ આપવાના વર્ષો દરમિયાન મહિલાઓને રોજગારીથી વંચિત કરે છે, બે, વધારાનો ખર્ચ, જે કંપનીઓને વહન કરવો પડે છે અને ત્રણ, જાહેર સ્થળોમાં મહિલાઓના પરિવહનમાં સલામતિનો અભાવ, ખાસ કરીને રાત્રે.

**લેખક ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ નવી દિલ્હી, વિઝિટિંગ રિસર્ચ ફેલો, ડ્યુક યુનિવર્સિટી, અમેરિકામાં વિઝિટિંગ પ્રોફેસર છે.**




**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, Ministry of Information & Broadcasting,
Room No. 48-53, Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**
**નવેમ્બર ૨૦૧૫**
**વાહનવ્યવહાર ક્ષેત્ર (વિશેષાંક)**
**Transport Sector (Special Issue)**

# ભારતમાં કૌશલ્ય વિકાસમાં પહેલ કરતું ગુજરાત

**સપના રાવલ**



*એકાત્મવાદના પ્રણેતા પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જન્મદિવસે, ભારતમાં સ્કિલ ડેવલપમેન્ટને કેન્દ્રસ્થાને રાખીને રાષ્ટ્રીયકક્ષાનું ચિંતન કરવાની પહેલ ગુજરાતે કરી છે. વર્ષ ૨૦૧૩માં મહાત્મા મંદિરમાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઉપક્રમે કૌશલ્ય વિકાસની રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ થયો હતો. આ પરિષદમાં ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૫,૦૦૦ ડેલિગ્રેટ્સ અને તજ્જ્ઞોએ ભાગ લીધો હતો.*

ભારત દેશનો વિકાસ કરવા માટે કૌશલ્ય વિકાસ આવશ્યક છે, કારણ કે ભારતના વિકાસ માટેના સપના સાકાર કરવા યુવાપેઢી તત્પર છે. આજના યુગમાં ટેક્નોલૉજીએ વ્યવસ્થાઓ અને વિકાસના પરિમાણો બદલી નાખ્યાં છે ત્યારે વૈશ્વિક પરિવર્તનોની આવશ્યકતાઓને અનુકૂળ ભારતની યુવાસંપદાના કૌશલ્ય-સામર્થ્યને ઉજાગર કરવાની જરૂર છે.

વિશ્વના ઘણા દેશોએ યુવાનોના સ્કિલ ડેવલપમેન્ટ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કુશળ યુવાશક્તિ જ વિકાસનો આધાર છે, એ બાબતને ધ્યાનમાં લઈને ગુજરાતે પણ સ્કિલ ડેલવપમેન્ટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સાચી દિશામાં પગલા લીધા છે.

એકાત્મવાદના પ્રણેતા પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જન્મદિવસે, ભારતમાં સ્કિલ ડેવલપમેન્ટને કેન્દ્રસ્થાને રાખીને રાષ્ટ્રીય કક્ષાનું ચિંતન કરવાની પહેલ ગુજરાતે કરી છે. વર્ષ ૨૦૧૩માં મહાત્મા મંદિરમાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઉપક્રમે કૌશલ્ય વિકાસની  રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ થયો હતો. આ પરિષદમાં ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૫,૦૦૦ ડેલિગ્રેટ્સ અને તજ્જ્ઞોએ ભાગ લીધો હતો.

જે વ્યક્તિને જે વિષયમાં રસ હોય તેમાં જ સુધારાત્મક પગલાં દ્વારા સફળતા મેળવી શકે છે. તેથી જ સ્કિલ ડેવલપમેન્ટ દ્વારા યુવાનો અને યુવાનો દ્વારા જ રાજ્યના અને દેશના વિકાસની દિશામાં થયેલ પહેલ આપણા સૌ માટે ગર્વની બાબત છે.

**યુવાવિકાસ માટેની પરિણામલક્ષી અનોખી પહેલ :**

ગુજરાતમાં સૌ પ્રથમ પહેલ ભૂતપૂર્વ મુખ્ય મંત્રી અને હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા થઈ હતી. તેમના જ પ્રયત્નોને લીધે કૌશલ્ય વિકાસની રાષ્ટ્રીય પરિષદ યોજવામાં આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે...

"વિકાસનો આધાર જ કુશળ યુવાશક્તિ છે."

સ્કિલ + કિવલ + ઝીલ = વીન, એટલેકે કૌશલ્ય + દૃઢ ઈચ્છાશક્તિ + ઉત્સાહ = વિજય.

જેથી ગુજરાતે સાચી દિશામાં કૂચ કરી છે. રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલના મંતવ્ય પ્રમાણે આપણો દેશ વિશ્વમાં સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ છે. ત્યારે આ યુવાધનને દેશના વિકાસમાં સામેલ કરવા કૌશલ્ય વિકાસ ખૂબ જ જરૂરી છે.

આમ, ગુજરાતમાં કૌશલ્ય વિકાસ અને રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેવું વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

આ માટે રોજગાર અને તાલીમ ક્ષેત્રે નૂતન અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. ડિરેક્ટર ઑફ એમ્પ્લોયમેન્ટ ઍન્ડ ટ્રેનિંગ અને શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી એક બહુમૂલ્ય પહેલરૂપે રાજ્યભરમાં KVK એટલે કે કૌશલ્યવર્ધન તાલીમકેન્દ્રો સ્થાપિત કર્યાં છે.

- રોજગાર કચેરીઓને I.S.O. સ્ટાન્ડર્ડથી પ્રમાણિત કરવાની કાર્યવાહી થઈ રહી છે તેમજ રોજગાર સેવાઓને વધુ કાર્યક્ષમ બનાવવા Empex-B સંસ્થાની રચના થઈ છે અને તેના માટે રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા નવી ઔદ્યોગિક નીતિ અંતર્ગત ટેક્ષટાઈલ અને એપરલ સેક્ટરની પ્રોત્સાહક યોજના જાહેર કરાઈ છે. આ યોજના અંતર્ગત એકમોને જરૂરી કુશળ માનવબળ ઉપલબ્ધ થાય તે માટે ટ્રેનિંગ સેન્ટર અને ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવા માટે સહાયની જોગવાઈ કરવામાં આવી છે, જેને સારો પ્રતિસાદ મળ્યો છે.
- રાજ્ય સરકારે સરકારી સેવાઓની ભરતી માટે દશવર્ષીય રિક્રુટમેન્ટ કેલેન્ડર બનાવ્યું છે, જેના દ્વારા યુવાનોને પોતાની લાયકાત પ્રમાણેની ભરતીની વિગતો મળી શકે અને તે પ્રમાણે જરૂરી તાલીમનું આયોજન કરીને જે તે વર્ષમાં પોતાની લાયકાત સાથે સ્પર્ધાત્મક પરીક્ષા, ભરતીમાં સુસજ્જ બની શકે.
- યુવાનો માટે વિવિધ પ્રોત્સાહનો ઉપલબ્ધ કરાવાયાં છે, જેમાં રમત-ગમતમાં રસ લેતા વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે શક્તિદૂત યોજના કાર્યરત છે તેમજ સ્પોર્ટ્સ હૉસ્ટેલ, સ્કિલ ડેવલપમેન્ટ માટે તાલીમ, સ્વર્ણિમ સ્પોર્ટ યુનિવર્સિટી જેવી વિવિધ યોજનાઓ દ્વારા યુવા વિકાસ માટે રાજ્ય સરકાર સક્રિય છે.
- યુવાનોને કૌશલ્યની તાલીમ મળી રહે એ માટે ''ગુજરાત સ્કિલ યુનિવર્સિટી''ની સ્થાપના કરવામાં આવી છે તેમજ ઉદ્યોગો માટે અનુકૂળ તાલીમ કાર્યકરો પૂરા પાડવામાં સેતુ બની શકાય એ માટે ''ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન''ની પણ સ્થાપના કરવામાં આવી છે.
- શિલ્પકલા ક્ષેત્રે કામ કરવા ઈચ્છતા લોકોને ધ્યાનમાં લઈને સરકારે ૪૦ હજાર ચોરસમીટર વિસ્તારમાં તમામ આધુનિક સાધન-સુવિધાઓથી સજ્જ સંકુલ તૈયાર કરી ધ્રાંગધ્રા સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (સાપ્તી)નું નિર્માણ કર્યું છે. ત્યારથી શિલ્પકલાના આધુનિક યુગનો પ્રારંભ થયો તેમ કહી શકાય. યુવાનોમાં રહેલી કલ્પનાશક્તિને આકાર આપવા માટે યોગ્ય દિશામાં આ ક્ષેત્ર કાર્યરત છે. તાલીમમાં જોડાતા પ્રત્યેક તાલીમાર્થીને સુવિધાઓ સાથે સ્ટાઈપેન્ડ તેમજ સ્ટોશનરીની જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે.

**આર્થિક સહાય, તાલીમ અને રોજગારી**

- સ્વરોજગારી માટે કુટિર ઉદ્યોગ દ્વારા માન્ય ધંધા-વ્યવસાય માટે સાધનોના સ્વરૂપે 'માનવ ગરીમા કિટ્સ' આપવામાં આવે છે. જે તે ક્ષેત્રમાં કૌશલ્ય ધરાવતી વ્યક્તિ પોતાના કૌશલ્યને આર્થિક ઉપાર્જનનું સાધન બનાવી શકે છે માટે આ યોજના મહત્ત્વની છે.
- અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને વકીલાતની તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. તે મુજબ પ્રથમ વર્ષે માસિક રૂ. ૧૦૦૦, બીજા વર્ષે માસિક રૂ. ૮૦૦ અને ત્રીજા વર્ષે માસિક રૂ. ૬૦૦ની સહાય આપવામાં આવે છે. સિનિયર વકીલ તાલીમ આપે તેમને માસિક રૂ. ૫૦૦ એલાઉન્સ આપવામાં આવે છે.
- સંતશ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજના (હાઈસ્કિલ અપગ્રેશન) વર્ષ ૨૦૧૦-૧૧થી અમલમાં આવેલ છે, જેમાં અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓને ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ આપી નોકરી મળે તેવા પૂરા પ્રયત્નો કરવામાં આવે છે. ટૂંકા ગાળાની તાલીમ સાથેનો તમામ ખર્ચ રાજ્ય સરકાર જ ભોગવે છે.
- સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભારતમાં હુન્નર કૌશલ્ય વિકાસ માટે સરકારે રૂ. ૧,૦૦૦ કરોડનું બજેટ ફાળવ્યું છે. તેની તુલનામાં ગુજરાત સરકારે સ્કિલ ડેવલપમેન્ટ માટે રૂ. ૮૦૦ કરોડનું બજેટ એક નાનું રાજ્ય હોવા છતાં ફાળવ્યું છે.
- યુવા ઉદ્યમીઓને પ્રોત્સાહન માટે સ્ટાર્ટઅપ પોલિસીનો નવતર પ્રયોગ ગુજરાતમાં હાથ ધરવામાં આવ્યો છે.
- અલ્પ સમયના તાલીમ કાર્યક્રમો દ્વારા ૧,૧૭,૭૩૯ તાલીમાર્થીઓની કાર્યકુશળતાની સુધારણા થઈ શકી છે.
- ITIના તમામ ૧,૩૮,૫૫૨ તાલીમાર્થીઓને ૧૦૦% ઉદ્યોગ-સાહસિકતાની તાલીમ આપવામાં આવી છે.
- સરકાર દ્વારા નવરચિત જિલ્લા અને તાલુકાઓના યુવાનોને રોજગારલક્ષી તાલીમ સુવિધા મળી રહે તે હેતુસર ૧૨.૫૦ કરોડના ખર્ચે નવી I.T.I. શરૂ કરાઈ છે તેમજ વિવિધ I.T.I.માં

૫,૦૦૦ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે.

- I.T.I. પાસ યુવાનોને વ્યવસાય શરૂ કરવા રૂ. ૧ લાખ સુધીની બૅન્ક લોન સહાય તેમજ લોન ઉપર ૭%ની વ્યાજસહાય ૩ વર્ષ સુધી આપવામાં આવે છે.
- P.S.I./A.S.I./કોન્સ્ટેબલની ભરતી માટે પણ આદિજાતિ યુવક-યુવતીઓ વધુ પસંદગી પામે તે હેતુથી રાજ્યમાં જુદાં-જુદાં તાલીમકેન્દ્રો પરથી કુલ ૮૨૮૬ જેટલા યુવક-યુવતીઓને તાલીમ આપી હતી.
- પ્રવાસન વિકાસ અંતર્ગત ૪૫૦૦ યુવાનોને ટૂરિસ્ટ ગાઈડની તાલીમ આપવામાં આવેલ છે.
- ઈ-કોમર્સ અને ઈ-ટ્રેડિંગ અંગે સ્વ-સહાય જૂથ અને લોક સંગઠનોના ૧૦૦ મહિલા હોદ્દેદારોને તાલીમના આયોજન પૈકી ૪૦ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે.
- રાજ્યમાં વર્ષ ૨૦૧૨માં ૧૦૦ જેટલા "સ્વામી વિવેકાનંદ સ્કિલ ડેવલમેન્ટ સેન્ટર" ખોલવામાં આવ્યા હતા. આ સેન્ટરો અને I.T.I. મળીને ૧ લાખ ૫૦ હજાર યુવાનોને, યુવતીઓને તાલીમ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩માં વધુ ૨૦૦ કેન્દ્રો ખોલીને ૨ લાખ યુવાનોને તાલીમ આપવામાં આવી છે.
- ૫૦૦ જેટલા નવા સ્વામી વિવેકાનંદ યુવા મંડળ બનાવાયાં છે.
- રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રોત્સાહન મળે તે માટે રૂ. ૧૦૦૦ કરોડની મુખ્ય મંત્રીશ્રીની સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવી છે.
- ઈલેક્ટ્રોનિક મેનપાવર (Empower) કાર્યક્રમ હેઠળ યુવાનોને કમ્પ્યૂટર અને ઈન્ફર્મેશન ટેકનોલૉજીની પાયાની તાલીમ રાજ્યની ૬૫૮ સંસ્થાઓમાં ૪,૪૦,૯૯૫ ઉમેદવારોએ પૂર્ણ કરી છે.

**રોજગારી દેહીતા :**

- શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકારના સંયુક્ત સચિવ રોજગાર અને તાલીમના મહાનિયામકશ્રી આલોક કુમારના કહેવા પ્રમાણે દેશમાં કુલ ઘરેલુ ઉત્પાદન (G.D.P.) ૬ થી ૭%ના દરે વધે છે, પરંતુ રોજગાર આપવાની ટકાવારી ૨%ના દરે થાય છે. તેથી વધુ ને વધુ બેરોજગારો ઉમેરાય છે. તેથી રોજગારીના નવા ક્ષેત્રો દ્વારા બેરોજગારીનો પ્રશ્ન ઉકેલી શકાય છે.
  તેઓના અભ્યાસ પ્રમાણે ભારતના ૬૦ ટકા નાગરિકો ૩૫ વર્ષથી નીચેની વયના છે, પરંતુ આ યુવાનોને રોજગારી આપવા માટે માહિતી પ્રૌદ્યોગિકી તથા ઈ-ક્રાંતિનો મહત્તમ લાભ લેવો જરૂરી છે. આપણે ત્યાં માત્ર ૧.૪% જ લોકો ટેક્નિકલ તાલીમ પામેલા છે. તેથી માત્ર સામાન્ય શિક્ષણ રોજગારીની તકોનું સર્જન કરી શકશે નહિ.
- રાષ્ટ્રીયતા કુશળતા વિકાસ નિગમના કાર્યવાહક નિયામક અને મુખ્ય વહીવટી અધિકારી શ્રી દિલીપ ચિનોયના અભ્યાસ પ્રમાણે જાણીતી શિક્ષણ સંસ્થાઓમાંથી તૈયાર થતાં ૮૩% સ્નાતકોમાંથી ૫૩% સ્નાતકોનો ઉદ્યોગો, રોજગાર માટે સ્વીકાર કરતા નથી, કારણ કે તેઓ જરૂરિયાત મુજબની નિપુણતા ધરાવતા હોતા નથી. જેમાં જ્વેલરી, સુથાર, ગ્રાફિક, ડિઝાઈન વગેરેમાં પ્રમાણપત્ર આધારિત અભ્યાસક્રમો અને તાલીમ મળે તો રોજગારી મેળવાની સંભાવના વધી જાય છે.
- તાજેતરમાં જ આકાર લઈ રહેલા ડ્રીમસિટી : ડાયમંડ બૂર્સના નિર્માણથી ૧.૫ લાખ માનવીઓને રોજગારી મળી રહેશે.
- શહેરી ગરીબોને રોજગારી આપવા માટેના ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ ૧૮ થી ૩૫ વર્ષના યુવાનોને રોજગારલક્ષી કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવી જેમાં ૨,૫૦,૦૦૦થી વધુ યુવાનોએ તાલીમ લીધી હતી.
- કૌશલ્ય વિકાસ પહેલ શક્તિ યોજના (SDIS) આધારિત મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કિલ (MES) યોજના અન્વયે ૬૬.૦૫૯ જેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આપી છે.
- કૌશલ્ય અને ઉત્તમ તાલીમ સુવિધા રાજ્યના તાલીમાર્થીઓને ઉપલબ્ધ બને તે માટે રાજ્યની ૧૪૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને, સેન્ટર ઑફ એક્સલન્સ હેઠળ અપગ્રેડ કરવામાં આવ્યા છે.
- ગુજરાતમાં કેમિકલ, પેટ્રોકેમિકલ્સ, બંદરો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ, ટેક્ષટાઈલ્સ, ઈન્ફર્મેશન ટેક્નોલૉજી જેવાં ક્ષેત્રોમાં પણ ઈન્ડસ્ટ્રી રિસ્પોન્સીવ સ્કિલ ડેવલમેન્ટ કોર્પોરેશનની રચના કરવામાં આવી છે.
- કૌશલ્ય અભિયાનના ભાગરૂપે વ્યવસાયલક્ષી તાલીમને ગ્રામ્યકક્ષાએ લઈ જઈ સ્કૂલ ડ્રોપઆઉટ તેમજ મહિલાઓને તેમના જ વિસ્તારમાં તાલીમ આપવા ૩૩૫ કૌશલ્યવર્ધન તાલીમકેન્દ્રો કાર્યરત છે. અત્યાર સુધીમાં ૯,૧૮,૨૯૭ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે, જેમાં ૫,૫૭,૦૪૨ મહિલાઓનો સમાવેશ થાય છે.
- રાજ્યમાં અસંગઠિત ક્ષેત્ર સાથે

સંકળાયેલા શ્રમયોગીઓનું જીવનધોરણ ઊંચું લાવવા "ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ"ની રચના કરવામાં આવી છે, જેમાં (ખેતશ્રમિકોનો સમાવેશ કરવામાં આવેલ નથી.)

અમદાવાદ, સુરત તથા જામનગર કોર્પોરેશન વિસ્તારના અસંગઠિત ક્ષેત્રના કુલ ૧,૫૨,૭૪૦ શ્રમયોગીઓની નોંધણી કરીને કુલ ૨૭,૮૬૩ અસંગઠિત શ્રમયોગીઓને સાધનસહાય તથા ૨૩,૮૯૬ શ્રમયોગીઓને કૌશલ્ય વિકાસ તાલીમ આપવામાં આવેલ છે.

- ૨૦૧૦-૧૧માં ૬૨૯ ભરતીમેળાઓ યોજીને ૮૩,૧૦૧ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી. તે જ વર્ષે લશ્કરમાં ભરતી થવા ઉત્સક યુવાનો માટે ૧૦ લશ્કરી ભરતીમેળા અને ૬૫૯ સ્વરોજગારી શિબિરના આયોજન થકી ૨,૦૧,૫૮૬ ઉમેદવારોને રોજગારી મળી છે.
- ચાલુ વર્ષે રોજગાર ભરતીમેળા દ્વારા ૧૬,૧૩૮ યુવાનોને રોજગારી મળી છે.
- વૈશ્વિક કક્ષાએ ગુજરાતના યુવાનો રમત-ગમત ક્ષેત્રના પ્રોત્સાહન માટે ઓલિમ્પિકથી લઈને રાષ્ટ્રીય કક્ષાએ ઝળકનાર યુવાનને પ્રોત્સાહિત રકમ વધારીને ખેલાડીઓને રૂ. ૨૫ લાખ થી રૂ. ૫ કરોડ સુધીના પુરસ્કારો આપવામાં આવ્યા છે.
- વાજપાઈ બેન્કેબલ યોજનાનો વ્યાપ વધારી મોટી સંખ્યામાં યુવાનોને તેનો લાભ મળે એ પ્રકારે આયોજન કરી રૂ. ૧૦૦ કરોડની નાણાકીય જોગવાઈ, રોજગારલક્ષી બેન્કેબલ યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી, નીતિવિષયક સુધારાઓ કરવામાં આવ્યા છે.
- કુટિર ઉદ્યોગક્ષેત્રે ફેબ્રુઆરી-૨૦૧૫ના આખર સુધીમાં ૧,૯૩,૭૧૧ પૂરક રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે.
- શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ફેબ્રુસારી-૨૦૧૫ સુધી કુલ ૨૩,૭૭૨ લાભાર્થીઓને રૂ. ૬૦,૯૪.૮૨ લાખની સબસિડી ચૂકવવામાં આવી છે.
- હાથશાળ ઉદ્યોગ યોજનામાં વર્ષ દરમ્યાન ૯૭૬.૩૮ લાખની જોગવાઈ સામે ૫૫૩.૭૩ લાખનો ખર્ચ કરી ૮૧૫૦ લાભાર્થી લક્ષ્યાંક સામે ફેબ્રુઆરી-૨૦૧૫ના અંતે ૬૫૪૪ની સિદ્ધિ હાંસલ કરી છે.
- કુટિર ઉદ્યોગ તાલીમ યોજના હેઠળ વર્ષ દરમ્યાન ૬૭૯.૪૩ લાખની જોગવાઈ સામે કુલ ૩૪૫૫ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૦૩ થી વર્ષ ૨૦૧૫ સુધીના સતત એક દસકા ઉપરાંતના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના એકધારા પ્રયાસોનું પરિણામ ગુજરાતમાં રોજગારક્ષેત્રે જોવા મળ્યું છે. કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય અનુસાર દેશમાં સૌથી વધુ રોજગારી ૭૮% જેટલી ગુજરાત આપે છે. અન્ય રાજ્યોનો હિસ્સો માત્ર ૨૨% જેટલો જ છે.
- સમગ્ર ગુજરાત સૌ પ્રથમ કૌશલ્ય વિકાસના પ્રશિક્ષણની આધુનિક સુવિધા સાથેની Skill University વડોદરામાં P.P.P. જનભાગીદારી મોડેલથી શરૂ કરવામાં આવેલ છે.

**ઉપસંહાર :**

સમગ્ર ભારતમાં કૌશલ્ય વિકાસ બાબતે ગુજરાતમાં જે પહેલ થઈ છે જેને મહદ્અંશે સફળતા પણ મળી છે. મુખ્ય મંત્રીશ્રીએ વડા પ્રધાનશ્રીના મેક ઇન ઇન્ડિયા અને ડિઝિટલ ઇન્ડિયાના વિઝનમાં યોગદાન આપતા આઈ.ટી. ઉદ્યોગને અનુરૂપ યુવા કૌશલ્ય નિર્માણ માટે સરકાર અને ઉદ્યોગો તથા શિક્ષણ સંસ્થાઓ સાથે તાલમેલથી કૌશલ્યવર્ધન કાર્યક્રમ શરૂ કર્યા છે. સ્કિલ ડેવલપમેન્ટ વિઝન વિશ્વમાં કેવા અને કયા પ્રકારના સ્કિલ્ડ વર્કસની માંગ છે તેનો વ્યૂહાત્મક અભ્યાસ કરીને કલસ્ટર એપ્રોચથી માનવ સંસાધન માટેના કૌશલ્ય વિકાસના તાલીમ કોર્સની સુવિધા ઉપલબ્ધ કરવાની નીડબેઇઝ કલસ્ટર એપ્રોચ સ્કિલ ડેવલપમેન્ટ વિઝન વિકસાવવાની દિશામાં ગુજરાત કદમ માંડી રહ્યું છે. સ્કિલ અપગ્રેડેશન પર ભાર મૂકી ગુજરાતે નવી પહેલ કરી છે. જન્મથી મૃત્યુ સુધી હુન્નર કૌશલ્યની સેવાની સંખ્યા ૯૭૬ જેટલી છે. બધા જ હુન્નર કૌશલ્યના તાલીમ કોર્સ ગુજરાત સરકાર તૈયાર કરી રહી છે. ભારત સરકારે ગુજરાત સરકારના ૩૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોને રોલ મોડલ તરીકે સ્વીકાર્યું છે.

**સંદર્ભ :**


– ગુજરાત પાક્ષિક સામયિક, તા. ૧-૧૧-૧૩, અંક ૨૦, ૨૧, ૨૨, પે.નં ૪૪ થી ૪૭
– ગુજરાત અંક ૬, તા. ૧૭-૩-૧૩, પે.નં. ૩૮, ૩૯
– ગુજરાત અંક ૨૧, તા. ૧-૧૧-૨૦૧૪, પે.નં. ૪૦-૪૧
– ગુજરાત અંક ૪, તા. ૬-૨-૧૪ પે.નં. ૧૪, ૧૫
– ગુજરાત અંક-૫, તા. ૧-૩-૧૫, પે.નં. ૩૦
– ગુજરાત અંક-૧૧, તા. ૧૬-૬૧૫ પે.નં ૭૩

www.ojas.guj.nic.in.



**લેખિકા બાપા સીતારામ આર્ટ્સ કૉલેજ, રાજુલામાં પ્રાધ્યાપક હતાં. હાલમાં તેઓ ધ સ્કૂલ ઑફ કોમર્સ કેશોદમાં કાર્યરત છે.**

# ઉચ્ચશિક્ષણમાં કૌશલ્ય નિર્માણનું એકીકરણ

**કાંતિ મુંજપરા**



*ઉચ્ચ શિક્ષણની લાયકાત સાથે પોતાની જાતને પ્રેઝન્ટ કરવાનું કૌશલ્ય પણ હવે ઘણું અગત્યનું છે. વર્ગખંડ કે શાળાકીય પ્રવૃત્તિમાં બોલી તો બધા શકે પણ જે કુશળતાપૂર્વક વક્તવ્ય આપી શકે છે તે ઓછા શબ્દોમાં લાખો રૂપિયા કમાય છે. સામાન્ય રીતે ક્રિકેટ તો શેરી, મહોલ્લાથી ગ્રાઉન્ડ સુધી ઘણા લોકો રમે છે પણ જે કુશળતાથી રમે છે તે વિશ્વ પ્રસિદ્ધ થાય છે.*
*આમ તો કોઈપણ વ્યક્તિ જેટલો પોતાના વ્યક્તિત્વને ઓળખે છે એટલો જ યોગ્ય રીતે અન્યોની સમક્ષ તેના વ્યક્તિત્વને પ્રેઝન્ટ કરી શકે છે. એટલે કે સેલ્ફ માર્કેટિંગ કરી શકે છે. પરંતુ આજના આ કોર્પોરેટ યુગમાં તેના માટે અમુક ચોક્કસ રીતભાત અને નિયમો છે. સ્વનિરીક્ષણથી તમે તમારામાં આ અમુક રીતભાતો કે પદ્ધતિઓને વિકસાવીને વ્યક્તિત્વને નિખારી શકો છે.*

વર્તમાન યુગ દક્ષ સાથે ઓતપ્રોત છે. દક્ષ એટલે કુશળ. આજે જે વ્યક્તિ દક્ષથી, કુશળતાથી કાર્ય કરી શકે તે સફળતાના શિખરો સર કરે છે. સાયન્સ અને ટેક્નોલૉજીએ દુનિયાને એક તાંતણે બાંધી દીધી છે. વૈશ્વિકીકરણ અને ઉદારીકરણના સ્વીકારથી અરસ-પરસ સંકળાયેલી આ દુનિયામાં મલ્ટી નેશનલ કંપનીઓનું જોર વધતું જાય છે ત્યારે આ સ્પર્ધામાં ટકવા માટે દરેક વ્યક્તિએ પ્રોફેશનાલિઝમ સ્વીકારવું આવશ્યક બની ગયું છે.

ઉચ્ચ શિક્ષણની લાયકાત સાથે પોતાની જાતને પ્રેઝન્ટ કરવાનું કૌશલ્ય પણ હવે ઘણું અગત્યનું છે. વર્ગખંડ કે શાળાકીય પ્રવૃત્તિમાં બોલી તો બધા શકે પણ જે કુશળતાપૂર્વક વક્તવ્ય આપી શકે છે તે ઓછા શબ્દોમાં લાખો રૂપિયા કમાય છે. સામાન્ય રીતે ક્રિકેટ તો શેરી, મહોલ્લાથી ગ્રાઉન્ડ સુધી ઘણા લોકો રમે છે પણ જે કુશળતાથી રમે છે તે વિશ્વ પ્રસિદ્ધ થાય છે.

આમ તો કોઈપણ વ્યક્તિ જેટલો પોતાના વ્યક્તિત્વને ઓળખે છે એટલો જ યોગ્ય રીતે અન્યોની સમક્ષ તેના વ્યક્તિત્વને પ્રેઝન્ટ કરી શકે છે. એટલે કે સેલ્ફ માર્કેટિંગ કરી શકે છે. પરંતુ આજના આ કોર્પોરેટ યુગમાં તેના માટે અમુક ચોક્કસ રીતભાત અને નિયમો છે. સ્વનિરીક્ષણથી તમે તમારામાં આ અમુક રીતભાતો કે પદ્ધતિઓને વિકસાવીને વ્યક્તિત્વને નિખારી શકો છે.

શિવ ખેરા તેના ''યુ કેન વીન'' માં લખે છે કે, "Winners dont do different things, they do things differently" સફળ વ્યક્તિઓ કંઈક જુદું વર્ગકાર્ય નથી કરતા પરંતુ તે કાર્યને જુદી રીતે કરે છે.

એ જ રીતે સ્વામી વિવેકાનંદે ''સફળતાના સોપાનો'' નામના પૂસ્તકમાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે કે નિષ્ફળતાના ગુલામ બનવા કરતા સફળતાના રાજા બનવાનો દ્દઢ સંકલ્પ કરો. પર્વતના શિખરે પહોંચવા માટે અનેક રસ્તા હોય છે અને બની શકે તેમાં આસાન રસ્તો પણ હોઈ આ સરળ રસ્તે ચાલવું એ દરેકનો ખ્યાલ હશે, પણ તમારે કંઈક શીખવું હશે તો અલગ માર્ગ પસંદ કરવો પડશે. તેવું જ વર્તમાન સમયે રહેલું છે. હજારોની લાઈનમાં ઊભા રહ્યા બાદ નોકરી કરવી છે કે નોકરી આપનાર બનવું છે એ વિચારવું રહ્યું.

સામાન્ય રીતે વ્યક્તિએ પોતાની અંગત અને પ્રોફેશનલ જિંદગીને જીવવા પોતાના વ્યક્તિત્વને વિકસાવવા કેટલીક બાબતો સાથે ઓતપ્રોત થવું રહ્યું. જેમ કે, હાવભાવ, રીતભાત, પહેરવેશ, વાતચીત, ઉદ્‌બોધન વગેરે આ બધી જ આવડતો વ્યક્તિને પોતાના કાર્યકુશળતા અને કૌશલ્યમાં વધારો કરે છે.

સામાન્ય રીતે ભારતમાં શિક્ષણપ્રથા આજે જટિલ બની ગઈ છે. જેટલા ભવ્ય કૉલેજોના બિલ્ડિંગ છે તેટલું જ ગંભીર અત્યારે શિક્ષણનું વાતાવરણ છે. તમારે ગુંચવણભર્યા માર્ગમાંથી તમારો શ્રેષ્ઠ માર્ગ પસંદ કરવાનો છે. તેમાં તમે કઈ રીતે પારંગત બનીને આગળ વધો છો એ જ તમારી વિદ્યાર્થી તરીકે મહત્વની ભૂમિકા છે. અભ્યાસ તો તમે ઘરે બેસીને પણ કરી શકો છો પણ તમારે આજે એજ શીખવાનું છે કે, હજારો આફતોમાંથી તમારો વિકાસ કેમ થાય, કોણ શું કરે છે, શા માટે કરે છે, તે તમારા માટે મહત્ત્વનું નથી, તમારા માટે તમે નક્કી કરેલા ધ્યેયને કઈ રીતે સાર્થક કરો છો તે મહત્ત્વનું છે. અમેરિકન શિક્ષણ સુધારક જોન ડેવેના કહ્યા મુજબ શિક્ષણ જિંદગીની તૈયારી નથી તે ખુદ જિંદગી છે.

આજે આપણી સરકારે ભારતને કૌશલ્યસભર બનાવવા તરફની પહેલ કરી છે ત્યારે તે અંગે પ્રજાની બદલાતી જતી આકાંક્ષાઓ મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણ, નવીનીકરણ અને સંશોધન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, શિક્ષણશાસ્ત્ર અને ઉદ્યોગોને જરૂરી માનવબળ પૂરું પાડી શકાય તેવા જ્ઞાન અને ખાસ કૌશલ્ય ધરાવતા કુશળ વિદ્યાર્થીઓ તૈયાર કરી ભારતને જ્ઞાનક્ષેત્રે મહાસત્તા બનાવવાનું લક્ષ છે. આ અંગે હાલ ભારત સરકારે નવી શિક્ષણ નીતિ ઘડવાની પ્રક્રિયા હાથ ધરેલ છે જે અંગે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સુધારાઓ કરવા તાલુકા, જિલ્લા તથા રાજ્ય સ્તરે પરામર્શની પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન પણ કરેલ છે.

જે અંતર્ગત શિક્ષણની ગુણવતા સુધારવા માટે વહીવટી સુધારાઓ, યુનિવર્સિટીઓની સુધારણા બાબતે સુધારાઓ, ઉચ્ચ શિક્ષણમાં કૌશલ્ય નિર્માણનું એકીકરણ, ઓનલાઈન અભ્યાસક્રમોને પ્રોત્સાહન, ટેક્નોલોજી આધારિત અધ્યયન માટેની તકો વધારવી, ઉચ્ચ શિક્ષણને સમાજ સાથે જોડવું, ઉચ્ચ શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ કરવું, નોકરી સાથે શિક્ષણના જોડાણ માટે ઉદ્યોગ એકમોને સાથે જોડવા, સંશોધન અને અન્વેષણને પ્રોત્સાહન આપવા સાથે અન્ય કેટલાક અગત્યના મુદ્દાઓને આવરી લઈને તે બાબતે સર્વગ્રાહી શિક્ષણ સુધારણાને અમલમાં મુકવામાં વગેરે બાબતોનો સમાવેશ કરેલ છે.

ઉચ્ચ શિક્ષણમાં કૌશલ્ય નિર્માણનું પ્રભુત્વ વધે તે માટે નિયમિત ચાલતા અભ્યાસક્રમોના એક ભાગ સ્વરૂપ કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો હોવા જોઈએ કે જેથી તેના દ્વારા નવી રોજગારીની તકોમાં વધારો થાય, આ સાથે –

(૧) જે તે વિષયના અભ્યાસક્રમોમાં કૌશલ્યવર્ધક મુદ્દાઓ સમાવવા કે ઉમેરો કરવો જોઈએ.

(૨) મલ્ટી ડિસીપ્લીનરી અભિગમ અપનાવવો જોઈએ.

(૩) શોર્ટ ટર્મ કોર્સ દ્વારા કૌશલ્ય વૃદ્ધિ વગેરે જેવા વૈકલ્પિક સુધારાઓ પણ કૌશલ્યને ઉચ્ચ શિક્ષણ સાથે સાંકળી શકે છે. આ સાથે જિલ્લાની કેટલીક કૉલેજોને કૌશલ્ય નિર્માણ માટે સામૂહિક કૉલેજોમાં રૂપાંતરિત કરી શકાય કે જેથી તેમની પાસેની માળખાગત સુવિધાઓ અને કૌશલ્ય ધરાવતા અધ્યાપનોનો લાભ લઈ શકાય.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણમાં ગુણવત્તા સુધારવા કેટલાક વહીવટી સુધારાઓ અપનાવી, વિષય શિક્ષકોની કાર્યસિદ્ધિ અને તેમના ઉત્તરદાયિત્વને વધારા માટે સામાન્યતઃ આધુનિક ટેક્નોલોજીની સજ્જતા, સંશોધનને પ્રોત્સાહન, સંશોધનનું પ્રકાશન, વર્કશૉપ, પરિસંવાદ, સેમિનારો, શોર્ટ ટર્મ કોર્સો, વિષય સાથે સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, વર્તમાન પ્રવાહો અંગેની જાગૃતિ આવે તેવા પગલાઓ ભરી શકાય.

કૉલેજો તેમના નિયમિત વિદ્યાર્થીઓ માટે કૌશલ્ય નિર્માણ અભ્યાસક્રમો શરૂ કરવા માટે યોગ્ય જગ્યાએ છે તે બાબતે જોઈએ તો જે કૉલેજો મુખ્યત્વે જિલ્લાસ્તરે કે તાલુકા મથકે છે અને જ્યાં વિદ્યાર્થીઓ સરળતાથી પહોંચી શકે, તેવા કેન્દ્રો પર આવા કૌશલ્ય નિર્માણ અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ. આ સાથે આવા સ્થળે કૌશલ્ય ધરાવતા શિક્ષકો કે અધ્યાપકો પણ સરળતાથી મળી શકે.

કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો બાબતે જોઈએ તો –

કમ્પ્યૂટર આધારિત, હુન્નર/હસ્તકલાને લગતા, યોગ સાથે સંબંધિત, ભાષાકીય સજ્જતા અંગેના, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેના, ફિશરી સાયન્સ, ફાયર એન્જિનિયરિંગ, પ્લાસ્ટિક ટેક્નોલોજી વગેરે કેટલાક અભ્યાસક્રમો દ્વારા જોબ ઓપર્ચ્યુનિટીમાં વધારો કરી શકાય.


આપણી સરકાર દ્વારા કરવામાં આવેલ પહેલ 'ડિજિટલ ઈન્ડિયા' ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન લાવી શકશે. યોગ્ય વિચાર અને અમલ સાથે નવી ટેક્નોલોજીનો ઉપયોગ વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો કરવા, શિક્ષકો અને માર્ગદર્શકોની ક્ષમતા વધારો લાવશે.

અંતમાં એટલું ચોક્કસ કહી શકાય કે, કૌશલ્ય વૃદ્ધિ સાથે મૂલ્યોનું શિક્ષણ જ આત્મસંતોષ તરફ લઈ જઈ શકે છે. અર્થાત્ વિશ્વ કલ્યાણને નજરમાં રાખી કરવામાં આવતું દરેક કાર્ય અને તેના દ્વારા પ્રાપ્ત થતો આત્મ સંતોષ એ ખરેખર કલ્યાણનો પર્યાય બને છે.

**લેખક ડી.એમ. સાકરિયા મહિલા આર્ટ્સ કૉલેજ, બોટાદમાં અધ્યક્ષ અને એસોસિએટ પ્રોફેસર છે.**

# ઔદ્યોગિક સુધારણા - ભારતને કૌશલ્યસભર બનાવવા તરફની મહત્ત્વની પહેલ

ઉમેશ ડી. કાસુન્દ્રા



*રાષ્ટ્રે પોતાના આર્થિક વિકાસ માટે કેવા પ્રકારની અર્થવ્યવસ્થા અપનાવવી છે, તે અંગેનો નિર્ણય રાષ્ટ્રે પોતાની જરૂરિયાત, ઉપલબ્ધ સાધનો, પરિસ્થિતિઓ અને વૈશ્વિક ઝોક વગેરેને ધ્યાનમાં રાખીને લેવાનો હોય છે. ભારતની વાત કરીએ તો આપણે મિશ્ર અર્થવ્યવસ્થાને અપનાવી છે કે જેમાં કૃષિ અને ઔદ્યોગિક બંનેના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. આપણી પ્રથમ પંચવર્ષીય યોજનાએ કૃષિને મહત્ત્વ આપતી કૃષિપ્રધાન આયોજન કર્યું હતું. પરંતુ ત્યાર બાદ વર્ષ ૧૯૫૬ની બીજી પંચવર્ષીય યોજનાએ ઔદ્યોગિક વિકાસને લક્ષમાં રાખી બનાવવામાં આવી હતી કે જેમાં ભારે ઉદ્યોગો પર ભાર મુકવામાં આવ્યો હતો. તેથી આપણે ભારતના સંદર્ભમાં કૃષિ અને ઉદ્યોગ બંનેને મહત્ત્વ આપીએ છીએ.*

**ઔદ્યોગિક સુધારણા :** રાષ્ટ્રે પોતાના આર્થિક વિકાસ માટે કેવા પ્રકારની અર્થવ્યવસ્થા અપનાવવી છે, તે અંગેનો નિર્ણય રાષ્ટ્રે પોતાની જરૂરિયાત, ઉપલબ્ધ સાધનો, પરિસ્થિતિઓ અને વૈશ્વિક ઝોક વગેરેને ધ્યાનમાં રાખીને લેવાનો હોય છે. ભારતની વાત કરીએ તો આપણે મિશ્ર અર્થવ્યવસ્થાને અપનાવી છે કે જેમાં કૃષિ અને ઔદ્યોગિક બંનેના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. આપણી પ્રથમ પંચવર્ષીય યોજનાએ કૃષિને મહત્ત્વ આપતી કૃષિપ્રધાન આયોજન કર્યું હતું. પરંતુ ત્યાર બાદ વર્ષ ૧૯૫૬ની બીજી પંચવર્ષીય યોજનાએ ઔદ્યોગિક વિકાસને લક્ષમાં રાખી બનાવવામાં આવી હતી કે જેમાં ભારે ઉદ્યોગો પર ભાર મુકવામાં આવ્યો હતો. તેથી આપણે ભારતના સંદર્ભમાં કૃષિ અને ઉદ્યોગ બંનેને મહત્ત્વ આપીએ છીએ.

વર્તમાન યુગ એ ઔદ્યોગિક યુગ છે કે જેમાં ઉદ્યોગ-ધંધા અને વ્યવસાયોની સ્થાપના, ઉદારીકરણ, વૈશ્વિકરણ વગેરે સાથે તાલ મિલાવવો આવશ્યક બની ગયું છે. જેથી ભારતે પણ આર્થિક વિકાસના આ ક્ષેત્રમાં ઝડપી આધુનિકરણ દ્વારા વિશ્વમાં ચાલી રહેલી હરીફાઈમાં ટકી રહેવા માટે, આની અંદર સમયાનુસારના ફેરફાર કર્યા કે જેના લીધે તે વિશ્વના હરીફાઈ બજારોમાં ટકી શકે. આ માટે સરકારે અર્થતંત્રને મુક્ત બનાવ્યું અને ઉદારીકરણ દ્વારા ઉદ્યોગો પર રહેલા બિનજરૂરી સરકારી નિયંત્રણોને દૂર કર્યા અને આયાત-નિકાસ, ધિરાણ, વ્યાજના દરો, મુક્ત ઔદ્યોગિક ઝોન જેવી પાયાની બાબતોમાં સુધાર કર્યો કે જેના દ્વારા રાષ્ટ્ર તેનો આર્થિક વિકાસ સાધી શકે અને તેના દ્વારા અર્થતંત્રને મજબૂત બનાવી શકીએ. ઉદ્યોગો એ રાષ્ટ્રને વિદેશી હૂંડિયામણ મેળવી આપવામાં તો મદદરૂપ થાય છે પરંતુ તેની સાથે તે દેશમાં રોજગારી અને તેની તકોમાં પણ વધારો કરે છે.

આમ, દેશના વિકાસમાં ઔદ્યોગિક વિકાસ એ મહત્ત્વનું પરિબળ છે, પરંતુ આ વિકાસ પાછળની દોડમાં આપણે કયાંક પ્રકૃતિને અને આસપાસ રહેલા વાતાવરણને તો નુકસાન નથી કરી રહ્યાને ? હવે, સમય પાકી ગયો છે કે, જેમ સરકારે તેની નીતિઓ દ્વારા વિશેષ સુવિધાઓ આપીને અર્થતંત્રનો વિકાસ કરી દીધો, તેવી જ રીતે સરકારે હવે, પર્યાવરણ અને તેની સામે ઊભા થઈ રહેલા ભયરૂપ પડકારોને પહોંચી વળવા માટે કેટલાક સુધારા કરવા પડશે. આ ક્ષેત્રમાં થઈ રહેલા સુધારાઓની ચર્ચા આપણે આ પ્રમાણે કરી શકીએ.

**ભારતની બંધારણની જોગવાઈ**

ભારતીય બંધારણના વિભાગ-૫માં આપવામાં આવેલ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત પર્યાવરણની રક્ષા, જાળવણી, સંવર્ધન અંગેની જોગવાઈ કરવામાં આવી છે. આની અંદર રાજ્ય ઉપર બંધારણે ૧૯૭૬માં ૪૨મા સુધારા દ્વારા અનુચ્છેદ-૪૮-એ ને ઉમેરવામાં આવ્યો અને આ અનુચ્છેદ અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી કે, 'પર્યાવરણની રક્ષા અને જાળવણી કરવી તથા જંગલો અને વન્ય સૃષ્ટિને બચાવવા માટેના ઉપાયો કરવા.' આ ઉપરાંત નાગરિકો ઉપર અનુચ્છેદ ૫૨-એ (જી) દ્વારા મૂળભૂત ફરજ નાંખી. જેના અંતર્ગત, 'ભારતના દરેક નાગરિકની ફરજ છે કે તેણે તેના પર્યાવરણના રક્ષણ અને જાળવણીના પ્રયાસ કરવા, આની અંદર જંગલો, તળાવ, નદીઓ તથા વન્ય પ્રાણી સૃષ્ટિનો સમાવેશ થાય છે.'

કાયદા ઘડવાની સત્તાની કરવામાં આવેલી વહેંચણી તરફ નજર નાખીશું તો પાણી, જમીન, જાહેર સ્વાસ્થ્ય અને માછલા પકડવાના સ્થળો કે જે આપણા માટે વધુ મહત્ત્વના છે, તેના વિશે સંસદે ભાગ્યે કાયદો બનાવ્યો હોય, તેવું સાંભળવામાં આવ્યું છે. આના સિવાય, બંધારણે આંખો ખોલનાર રસ્તાઓ તરીકે કેન્દ્રીય યાદીમાં આ વિષયો સંબંધી કાયદા રાજ્યની સાથે સંમતિ સાધી લાવવા અંગેની જોગવાઈ અનુચ્છેદ ૨૫૨ અથવા ૨૫૩ દ્વારા કરવા કહ્યું છે.

**વ્યવસાય-ધંધા અને વેપાર અંગે ન્યાયિક અભિગમ**

ભારતીય બંધારણના વિભાગ-૩ અન્વયે દરેક નાગરિકોને અનુચ્છેદ ૧૯(૧)(જી) અન્વયે વેપાર, ધંધા-વ્યવસાયની સ્વતંત્રતા આપવામાં આવી છે. જેના અન્વયેના આ મૂળભૂત અધિકાર દરેક નાગરિક ભોગવી શકે છે. પરંતુ આ અધિકાર એ સંપૂર્ણ અથવા તો નિયંત્રણ વગરનો નથી. અહીંયા રાજ્યની નિયમનકારી સત્તા લાગુ પડે છે અને જ્યાં આ અધિકાર અન્ય કોઈ પણ મૂળભૂત અધિકાર અથવા કાયદાની અન્ય જોગવાઈ સાથે સંઘર્ષમાં આવશે ત્યાં રાજ્ય નિયંત્રણ મૂકી શકે છે.

**(૧) વ્યવસાય, ધંધા, ઉદ્યોગ અથવા સેવાનું સ્વાતંત્ર્ય**

અનુચ્છેદ ૧૯(૧)(જી)ના જણાવ્યા અનુસાર, ભારતના દરેક નાગરિકને 'ગમે તે વ્યવસાય કરવાનો તથા કોઈ પણ કામકાજ, વેપાર કે ધંધો કરવાનું સ્વાતંત્ર્ય છે', જણાવેલ અનુચ્છેદના પેટા ભાગ (જી)માંના કોઈ પણ પ્રવર્તમાન કાયદાને વ્યવહારમાં મૂકતી વખતે અસર થશે નહીં અથવા પેટા ભાગ અન્વયે માન્ય કરવામાં આવેલા અધિકારને રાજ્ય કોઈ પણ કાયદા દ્વારા જાહેર જનતાના હિતમાં, વાજબી નિયંત્રણો દ્વારા વ્યવહારમાં લાવતાં અટકાવી શકશે અને જ્યાં સુધી પ્રવર્તમાન કાયદાના વ્યવહારને સંબંધ છે ત્યાં સુધી જણાવેલ પેટા ભાગને કંઈ અસર થશે નહીં અથવા રાજ્ય કોઈ પણ કાયદો ઘડી તેને અટકાવી શકે છે, (૧) કોઈ પણ વેપાર, વ્યવસાય કરવા માટે વ્યાવસાયિક કે ટેક્નિકલ લાયકાતો માટે, અથવા (૨) રાજ્યની માલિકી કે નિયંત્રણ હેઠળના નિગમ દ્વારા નાગરિકોને પૂર્ણતઃ કે અંશતઃ બાકાત રાખીને રાજ્ય દ્વારા કોઈ વેપાર, ધંધો કે વ્યવસાય, સેવા કરવામાં આવે તો તેનાથી નાગરિકના મૂળભૂત અધિકારને કોઈ વિપરિત અસર થતી નથી.

**(૨) મુક્ત ઉદ્યોગ-સાહસ અને રાજ્ય નિયમન**

ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(જી) અનુસાર, 'ભારતના દરેક નાગરિકને કોઈ પણ વ્યવસાય, કામકાજ, વેપાર કે ધંધા કરવાનો અધિકાર અપાયો છે. આ અધિકાર માત્ર નાગરિકોને જ આપવામાં આવ્યો છે. જ્યારે વિભાગ-૫ માં આપવામાં આવેલ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંના એક અનુચ્છેદ ૪૯-એ અનુસાર, પર્યાવરણનું રક્ષણ અને તેમાં સુધારો થાય તથા વન તથા વન્ય પ્રાણીઓ સલામત રહે, તે અંગે રાજ્યને નિર્દેશ કરે છે. જ્યારે બીજી તરફ અનુચ્છેદ ૫૧-એ (જી) અનુસાર, જંગલો, સરોવરો, નદીઓ અને અન્ય વન્ય પશુ-પંખીઓ સહિતના કુદરતી વાતાવરણનું જતન કરવાની અને તેમાં સુધારણા કરવાની અને દરેક જીવો પ્રત્યે અનુકંપા રાખવાની, ફરજ નાખવામાં આવી છે. વધુમાં અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૭ વેપાર, વાણિજ્ય અને ભારતના પ્રાદેશિક વિસ્તારમાં હેરફેર સંબંધી જોગવાઈઓ કરે છે.

**(૩) ધંધા-વ્યવસાય બંધ કરવાનો અધિકાર સંપૂર્ણ નથી**

વ્યવસાય અથવા ધંધો કરવાના અધિકારની અંદર તેને બંધ કરવાનો અધિકાર પણ સમાવિષ્ટ છે. આમ છતાં વ્યવસાય અથવા ધંધાને બંધ કરવાનો અધિકાર એ આપખુદ કે નિરંકુશ નથી અને તેથી રાજ્ય જાહેર જનતાના હિતમાં આની ઉપર કાયદા દ્વારા પ્રતિબંધન, નિયમન અને નિયંત્રણ લાવી શકે છે. આ અધિકાર એ કોઈ ચોક્કસ વ્યવસાય કે ધંધામાં પોતાની પસંદગી મુજબનું કોઈ ચોક્કસ પદ મેળવવાના અધિકારને પણ માન્યતા આપતો નથી.

**(૪) લઘુતમ વેતન અને બોનસ ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી**

લઘુતમ વેતન અધિનિયમ અન્વયે સરકારને સત્તા આપવામાં આવી છે કે, તે કામદારો માટેના લઘુતમ વેતનના દરો નિયત કરે અને આ સત્તાનો ઉપયોગ કરવો એ આ અધિકારનું ઉલ્લંઘન નથી,

પરંતુ જ્યારે અનુચ્છેદ ૧૯(૧)(જી)નાં ભંગને પડકારવામાં આવે છે ત્યારે ચુકવણીપાત્ર વેતનના દરો નિયત ન કરવા એ ફોજદારી ગુનો ગણાય. સર્વોચ્ચ અદાલતે નોંધ સાથે આ જોગવાઈને વૈધ ઠરાવતાં કહ્યું કે, માત્ર શારીરિક રીતે જીવન જીવવું પૂરતું નથી. પરંતુ સ્વાસ્થ્યની જાળવણી અને ઔચિત્યવાળું લાભદાયી જાહેર હિત સાથેનું હોવું જોઈએ. બંધારણના અનુચ્છેદ ૪૩નો સિદ્ધાંત એ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંનો એક છે. કામે રાખનાર પર એ ફરજ નાખવામાં આવી છે કે તે તેઓના કામદારોને લઘુતમ વેતન આપે અને ગરીબી અને અસહાયતાના કિસ્સામાં કામદાર ઓછા વેતને કામ કરવા તૈયાર હોય ત્યાં પણ કામે રાખનારે આ દરો આપવાના રહેશે.

**ઔદ્યોગિકરણ અને પર્યાવરણનું જતન**

દેશ કે તેની સરકાર કે તેના કાયદા કે તેની અદાલતો ઔદ્યોગિકરણ કે વિકાસની વિરોધી નથી, પરંતુ બીજી તરફ પોતાના પર્યાવરણ અને તેના નાગરિકોના સ્વાસ્થ્યને બચાવવા પણ એટલા જ આવશ્યક છે અને કેટલેક અંશે સર્વોચ્ચ અદાલતે પોતાના અર્થઘટનમાં જીવનના અધિકારમાં લોકોને સ્વચ્છ વાતાવરણ અને પ્રદૂષણ મુક્ત જીવન મેળવવાના હકને પણ આની અંદર સમાવિષ્ટ કર્યો છે.

**૧. પ્રદૂષણ ફેલાવતાં 'ચર્મ' ઉદ્યોગના કારખાના બંધ કરો**

માનનીય સર્વોચ્ચ અદાલતે કાનપુર નજીક આવેલ જાજમાન સ્થિત ચામડાંના કારખાનાને બંધ કરવાનો આદેશ આપ્યો કે જેના દ્વારા ગંગાને દૂષિત કરવામાં આવી રહેલી હતી. પર્યાવરણવાદી અને સામાજિક કાર્યકર દ્વારા લાવવામાં આવેલી આ જાહેર હિત અરજીમાં અદાલતે નોધ્યું કે, વોટર (પ્રિવેન્સન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એકટની જોગવાઈઓનું યોગ્ય પાલન ન કરતા તથા આ અંગે સરકાર દ્વારા પણ અસરકારક પગલાં લેવામાં આવેલ ન હોવાનું આ કૃત્ય એ ગંભીર જાહેર ઉપદ્રવ ગણાય. અદાલતે કહ્યું કે, આ ફેકટરીઓ ત્યાં સુધી બંધ રહેશે કે જ્યાં સુધી તેઓ પ્રદૂષણ નિવારણને લગતા પૂરતાં પગલાં નહીં ઉઠાવે.

**૨. 'ગંગા'ને દૂષિત થતી અટકાવવાનો પ્રયાસ**

જાહેર હિત વિવાદ અરજીના માધ્યમથી ગંગાને પ્રદૂષણથી બચાવવા માટે અદાલતમાં એક અરજી દાખલ કરી હતી અને માનનીય સર્વોચ્ચ અદાલતે આના સંબંધે ચોક્કસ દિશાના માર્ગદર્શક આદેશો આપ્યા હતા. આમાં અરજદારની દલીલ એવી હતી કે, સંસદ અને વિધાનસભા દ્વારા ઘણા બધા કાયદા પસાર કરવામાં આવ્યા છે અને કેન્દ્ર તથા રાજ્ય ઉપર વોટર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એકટ, અંતર્ગત જવાબદારી નાંખવામાં આવી છે. એ ઉપરાંત ઉત્તરપ્રદેશ મહાનગર અધિનિયમ અંતર્ગત મહાનગરપાલિકા ઉપર પણ જવાબદારી નાંખવામાં આવી છે. તેનો યોગ્ય હેતુ માટે અમલ કરવામાં આવતો નથી. માનનીય સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, અરજદાર ગંગા નદીના કિનારે વસવાટ કરતાં ન હોવા છતાં તેમણે કરેલી અરજીના અનુસંધાને અદાલત વિવિધ પ્રકારના જે કાયદાકીય અધિનિયમ બનાવવામાં આવ્યા છે, તેને અસરકારક રીતે લાગુ પાડવા મહાનગરપાલિકા અને બીજી સત્તાઓને જણાવ્યું. ગંગામાં ફેલાવાતી ગંદકી એક પ્રકારનો ઉપદ્રવ છે અને તે જાહેર ઉપદ્રવ છે અને તેની અસર કોઈ વ્યક્તિગત નથી પણ જાહેર જનતાની મોટી સંખ્યા ઉપર પડે છે. તેથી આને રોકવા માટે યોગ્ય પગલાં લેવા માટે કોઈ પણ અરજી કરી શકે છે. કાનપુર મહાનગરપાલિકાને છ મહિનાનો સમય આપ્યો કે તે કોઈ યોગ્ય પગલાં લે. જેથી પાણીમાંનું પ્રદૂષણ ઘટે. વોટર કંટ્રોલ એક્ટ પ્રમાણે, આ સિવાય એવું પણ જણાવવામાં આવ્યું છે કે, મહાનગરપાલિકાએ ડેરી ઉદ્યોગ, ગૌશાળાને શહેરથી બહાર ખસેડવા જોઈએ અને આ ઉદ્યોગ દ્વારા જે નકામા પદાર્થો કે વસ્તુઓ છે, તે ગંગા નદીમાં ન ઠાલવવા જોઈએ. વધુમાં, માનવ મળમૂત્રને પણ ગંગામાં આવતા અટકાવવા માટે સંડાસ-બાથરૂમની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને ગરીબ લોકોને આની મફત સુવિધાનો લાભ મળે. આના સિવાય, એ પણ તકેદારી રાખવી કે બળેલી કે અર્ધ-બળેલી લાશોને ગંગામાં નાખવામાં ન આવે. ઉદ્યોગોની પણ એ જવાબદારી છે કે તે પ્રદૂષણ ન ફેલાવે અને હવે નવા ઉદ્યોગોને પરવાનગી આપતી વખતે એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે જે ઉદ્યોગ પર્યાવરણની જાળવણી અંગે યોગ્ય પગલાં લે તેવા જ ઉદ્યોગોને પરવાના આપવા જોઈએ.

આ આદેશ એવી દરેક નગરપાલિકાઓ અને મહાનગર-પાલિકાઓને બંધનકર્તા હશે, જ્યાંથી ગંગા વહેતી હોય.

**૩. જમીન, પાણી અને લોકોના સ્વાસ્થ્ય અને ઈકોલોજીના ભોગે વિકાસ નહીં.**

વેલોરી સિટીઝન વેલ્ફેર સંસ્થાએ એક જનહિતની અરજી દાખલ કરી. જેમાં તેણે તામિલનાડુમાં ચાલતાં ચામડાં ઉદ્યોગ અને બીજા ઉદ્યોગો દ્વારા પર્યાવરણને થતા નુકસાન અંગે અદાલતનું ધ્યાન દોર્યું કે જેમાં પાણી પ્રદૂષણ જે પાણી લોકોને પીવાલાયક રહેતું નથી. જમીન પ્રદૂષણ કે જે જમીન

ખેતીલાયક હતી તેને બિન-ઉપજાઉ બનાવી માનનીય સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, ઉદ્યોગો એ દેશના વિકાસ માટે આવશ્યક છે. પરંતુ કોઈને પણ પર્યાવરણની સમતુલા બગાડવાનો, તેને ખતરામાં મૂકવાનો કે લોકોના સ્વાસ્થ્યને પ્રાણઘાતક ભયમાં મુકવાનો અધિકાર મળતો નથી. જો તમારે ઉદ્યોગો ચલાવવા હોય તો પર્યાવરણને બચાવવાના પુરતા ઉપાયો કરવા પડશે. અદાલત વતી ચુકાદો જાહેર કરતાં ન્યાયમૂર્તિ કુલદીપસિંગે જણાવ્યું કે, ઉદ્યોગોનો ફાળો દેશના વિકાસમાં બહુમૂલ્ય છે અને આ ઉદ્યોગો એ આપણને વિદેશી હૂંડિયામણ પણ રોજગારી પૂરી પાડે છે. પરંતુ પર્યાવરણના ભોગે વિકાસની વાતને નકારી તેમણે ઈકોલોજી તથા વિકાસ વચ્ચે સમતુલાના સિદ્ધાંતને અપનાવવા જણાવ્યું. આ સિવાય બંધારણના અનુચ્છેદ ૪૭, ૪૮ (એ) અને અનુચ્છેદ ૫૧(એ) (જ) માં આદેશ આપવામાં આવ્યા છે કે, પર્યાવરણનું રક્ષણ અને તેના સુધારા માટે પગલાં લેવાં. બંધારણના આ ભાગના અનુસંધાને ઘણા બધા વૈજ્ઞાનિક કાયદા બનાવવામાં આવ્યા છે. જે ઈકોલોજી અને પર્યાવરણને બચાવવાની સરકાર પર ફરજ લાદે છે.

**૪. પર્યાવરણને દૂષિત કરવાનું કૃત્ય એ સમાજ વિરુદ્ધનું કૃત્ય ગણાય.**

આ કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલતે નોધ્યું કે, પર્યાવરણને દૂષિત કરવાનું કૃત્ય એ સમાજ વિરુદ્ધનું ગણાય. તેથી અહીંયા બંધારણની જોગવાઈનો ભંગ થતો નથી. પરંતુ પર્યાવરણને સુધારવા યોગ્ય પગલાં લેવા એ આપણી ફરજ બને છે.

**૫. બસોને સી.એન.જી.માં તબદિલ કરો.**

માનનીય સર્વોચ્ચ અદાલતે નોધ્યું કે, શહેરની બસોને સી.એન.જી.માં તબદિલ કરવી જોઈએ. જેથી કરીને લોકોના સ્વાસ્થ્યને નુકસાન થતું અટકે જે બંધારણના અનુચ્છેદ ૨૧ અન્વયે રક્ષિત અધિકાર છે અને આ જોગવાઈમાં મોટર વ્હીકલ એક્ટ તથા પર્યાવરણ રક્ષણ અધિનિયમનો પણ સમાવેશ કરવામાં આવે છે.

**૬. કુદરતી વાતાવરણ/પર્યાવરણની જાળવણી અને તેનો સુધાર કરવાની ફરજ**

આ ફરજનું પાલન કરતાં એમ.સી.મહેતાનો કેસ દૃષ્ટાંતરૂપ છે કે, જેમાં તાજમહેલની આજુબાજુ સ્થપાયેલા ઉદ્યોગો દ્વારા ફેલાતાં પ્રદૂષણનાં લીધે તાજમહેલના આરસપહાણની જે સફેદી હતી, તે ઓછી થવા લાગી અને તે પથ્થરો પીળાં પડવા લાગ્યા. જેના સંદર્ભે તાજમહેલને બચાવવા માટે તેને તાજમહેલની આજુબાજુના વિસ્તારમાં ચાલતા ઉદ્યોગોને બંધ કરવાની એક જનહિતની અરજી લાવવામાં આવી. જેના સંદર્ભે માનનીય સર્વોચ્ચ અદાલતે જોયું કે, તાજમહેલની આસપાસ આવેલા ૨૯૨ જેટલા ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતું પ્રદૂષણ એ તાજ પર વિપરીત અસર પાડે છે. તેથી અદાલતે અહીંયા નિર્દેશ કર્યો કે, તાજ એ વારસાગત ધરોહર હેઠળ આવતું સ્મારક છે અને તેથી તેની રક્ષા અને જાળવણી કરવાની દરેકની ફરજ છે. તેથી તાજની આસપાસના દસ કિલોમીટરના વિસ્તારની અંદર કોઈ પણ ઔદ્યોગિક એકમ કાર્યરત રહેવું ન જોઈએ. તેને અન્યત્ર ખસેડવા.

**૭. પર્યાવરણનું હિત આર્થિક હિત કરતાં ઉપર રાખવું જોઈએ**

જ્યારે દિલ્હી-હરિયાણાની સીમામાં આવેલ વિસ્તારોમાં પાણી ખેંચવાના કામને લીધે અરવલ્લી પર્વતમાળા અને તેની આસપાસનાં પર્યાવરણને નુકસાન થાય છે. જેના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે નોધ્યું કે, 'વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ અરસપરસ એકબીજાના દુશ્મન નથી. વિકાસ અને પર્યાવરણના સંરક્ષણમાં એક સમતુલા હોવી જોઈએ. જો કોઈ પણ કામગીરી કરવાની પરવાનગી આપી હોય, પર્યાવરણના કોઈ નુકસાનની ભરપાઈ ન થઈ શકે અને અથવા આ કામગીરીને રોકીએ તો આર્થિક હિતમાં નુકસાન થતું હોય કે જેની પણ ભરપાઈ થઈ શકે તેમ ન હોય. આવા શંકાસ્પદ કેસોમાં પર્યાવરણ સંરક્ષણ આર્થિક હિતથી પર રાખવું જોઈએ.

**પ્રાણઘાતક ઉદ્યોગો માટે ચુસ્ત નહીં સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત**

માનવીની વિકાસ પાછળની આંધળી દોટ અને તેના લીધે સર્જાતા અકસ્માતો અને હોનારતો એ માનવ માટે પદાર્થ પાઠ સમાન છે અને કદાચ હિરોશીમા અને નાગાસાકીની ઘટના પછી કોઈ મોટી માનવસર્જિત ઘટના હોય તો તે 'ભોપાલ ગેસકાંડ' છે કે જે માનવીની વિકાસ તરફથી આંધળી દોડનું પરિણામ છે.

**ભારતીય ઉદ્યોગો અને વૈશ્વિકીકરણ**

૧૯૯૦ના દશકમાં ઉદારીકરણ અને વૈશ્વિકીકરણના લીધે ભારતીય ઉદ્યોગમાં ઘણા બધા સુધારા જોવા મળ્યાં છે. શરૂઆતમાં આની ઘણી આલોચના થઈ હતી, પરંતુ ૨૦૦૮-૦૯ના વર્ષમાં જ્યારે સમગ્ર વિશ્વમાંના ઉદ્યોગો મંદીના તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા તે સમયમાં, ભારતમાં તેની અસર નહિવત જોવા મળી. આનાથી એ સ્પષ્ટ તો થાય છે કે, આપણી ઔદ્યોગિક નીતિ એ અન્ય દેશોની ઔદ્યોગિક નીતિ કરતાં વધુ સાચી દિશાની હતી.

**લેખક હરિવંદના લૉ-કૉલેજ, રાજકોટમાં કાયદાશાસ્ત્રના વિદ્યાર્થી છે.**

# ગાંધીજી એટલે ગાંધીજી - સરદાર એટલે સરદાર નોખી માટીના નોખા માનવી

પ્રભાકર ખમાર



*ગાંધીજી અને સરદારનું જીવન પરસ્પર એવું ઓતપ્રોત થઈ ગયેલું કે ગાંધીજી ચરખો કાંતવાનું કહેતા તો સરદાર મીઠી મજાક કરી લેતા પણ કલાકો સુધી ચરખો કાંતતા. ગાંધીજીની ગ્રામોદ્યોગ પ્રવૃત્તિને એમણે આગળ વધારી. ગાંધીજીએ ખાદીનો કાર્યક્રમ યોજ્યો તો એને અપનાવી દેશભરમાં ગૂંજતો કર્યો. ગાંધીજીએ હરિજન પ્રવૃત્તિ ઉપાડી તો તેને વેગ આપ્યો. ગાંધીજીએ મજૂરોની ચળવળ શરૂ કરી તો સરદારે એમાં સક્રિય સાથ આપી એને યશસ્વી બનાવ્યું. ગાંધીજીએ વિદ્યાપીઠ શરૂ કરી તો સરદારે પોતાના બાળકો મણિબેન અને ડાહ્યાભાઈને અંગ્રેજી માધ્યમની કૉન્વેન્ટ સ્કૂલમાંથી ઉઠાડી રાષ્ટ્રીય શિક્ષણ લેવા વિદ્યાપીઠમાં દાખલ કર્યા.*

ગુજરાતની ધરતી ભાગ્યવંતી છે. એક જ પેઢીમાં એક જ પ્રાંત બે મહાપુરુષો પેદા કરે એવી વિરલ ઘટના અપવાદરૂપ જ હોય છે. ગાંધીજી અને સરદાર પટેલ વચ્ચે ઉંમરમાં માત્ર છ વર્ષનો જ તફાવત હતો છતાં પિતા-પુત્ર વચ્ચેનો વાત્સલ્યભાવ અને ગુરુ-શિષ્ય જેવો ભક્તિભાવ બંને વચ્ચે પ્રવર્તતો હતો. પ્રારંભના પરિચયના વર્ષોના પત્રવ્યવહારમાં ગાંધીજી દ્વારા 'ભાઈ વલ્લભભાઈ'નું સંબોધન અને 'મોહનદાસ'ના વંદે માતરમ્‌થી શરૂ થઈને 'ચિ. વલ્લભભાઈ'નું સંબોધન અને 'બાપુના આશીર્વાદ'માં એ પરિચય એવો પરિણમ્યો કે સરદારના શબ્દોમાં કહીએ તો 'મેં મારા મગજને તાળું મારી ચાવી ગાંધીજીને આપી દીધી છે. ગાંધીજીએ પોતે પણ એકરાર કર્યો છે કે ''જો મને વલ્લભભાઈ ન મળ્યા હોત તો મારાથી જે કામ થઈ શક્યું તે ન થયું હોત !''

ગાંધીજીના અનુયાયી બન્યા તે પહેલાં સરદાર ગુજરાત ક્લબના મિત્રો સમક્ષ ગાંધીજીના કામોની મશ્કરી કરતા હતા. એ જ સરદાર કેવી રીતે ગાંધીમય બની ગયા એ એમના જ શબ્દોમાં જોઈએ.

''મારામાં સમજશક્તિ પડેલી છે. મેં જગતનો પણ ઠીક ઠીક પરિચય કર્યો છે. એટલે સમજ્યા વિના એક હાથની પોતડી પહેરીને ફરનારાની પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી.''

આમ ગાંધીજીએ સરદારના જીવનની દશા અને દિશા સમગ્રતયા બદલી નાખી. ગાંધીજી આફ્રિકાથી હિન્દમાં આવ્યા ન હોત તો વલ્લભભાઈ, સરદાર વલ્લભભાઈ ન હોત પણ ભારતના એક નામાંકિત બૅરિસ્ટર વી. જે. પટેલ હોત. પણ નિયતિનું એવું નિર્માણ હતું કે દેશને બંનેના નેતૃત્વની જરૂર હતી.

ગાંધીજી અને સરદારનું જીવન પરસ્પર એવું ઓતપ્રોત થઈ ગયેલું કે ગાંધીજી ચરખો કાંતવાનું કહેતા તો સરદાર મીઠી મજાક કરી લેતા પણ કલાકો સુધી ચરખો કાંતતા. ગાંધીજીની ગ્રામોદ્યોગ પ્રવૃત્તિને એમણે આગળ વધારી. ગાંધીજીએ ખાદીનો કાર્યક્રમ યોજ્યો તો એને અપનાવી દેશભરમાં ગૂંજતો કર્યો. ગાંધીજીએ હરિજન પ્રવૃત્તિ ઉપાડી તો તેને વેગ આપ્યો. ગાંધીજીએ મજૂરોની ચળવળ શરૂ કરી તો સરદારે એમાં સક્રિય સાથ આપી એને યશસ્વી બનાવ્યું. ગાંધીજીએ વિદ્યાપીઠ શરૂ કરી તો સરદારે પોતાના બાળકો મણિબેન અને ડાહ્યાભાઈને અંગ્રેજી માધ્યમની કૉન્વેન્ટ સ્કૂલમાંથી ઉઠાડી રાષ્ટ્રીય શિક્ષણ લેવા વિદ્યાપીઠમાં દાખલ કર્યા. વિદ્યાપીઠને આર્થિક મુશ્કેલી આવી ત્યારે રંગુનનો પ્રવાસ ખેડી પોતાના મિત્રો

પાસેથી દસ લાખનો ફાળો ઉઘરાવી વિદ્યાપીઠને પગભર બનાવી. ગાંધીજીએ અહિંસાનો ઉપદેશ આપ્યો ત્યારે એને અનુસર્યા. બાપુએ નિમક માટે તેમણે દાંડીયાત્રા શરૂ કરી તો લોકજાગૃતિ માટે સભાઓ શરૂ કરી. ગાંધીજીએ ગ્રામોદ્ધાર ઉપર પ્રજામાં નવું ચેતન પ્રગટાવ્યું. બારડોલી કિસાન સત્યાગ્રહ જેવા કાર્યક્રમો દ્વારા પોતાના હકોની માગણી કરતા રહ્યા. ખેડૂતોને પોતાના અધિકાર પ્રત્યે સભાન કરાવ્યા. ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમ પર ભાર મૂક્યો ત્યારે સ્વરાજની લડત સાથે એને સંયોજિત કરી એને વેગ આપ્યો. ગાંધીજીની કલ્પના મુજબના આશ્રમો, ખાદી કાર્યાલયો, નઈ તાલીમ મુજબની શિક્ષણ સંસ્થાઓ ઊભી કરવામાં કાર્યરત બન્યા. બારડોલીનો સ્વરાજ્ય આશ્રમ, બોચાસણનું વલ્લભ વિદ્યાલય, નડિયાદનું વિઠ્ઠલકન્યા વિદ્યાલય, વેડછીની શિક્ષણ સંસ્થા વગેરેની સ્થાપના પાછળ ગાંધીજીની પ્રેરણા અને સરદારશ્રીની દૃષ્ટિમૂલક યોજના તથા અભિગમ સમાયેલા હતા. પ્રગતિશીલ તથા પાયાની કેળવણીની કલ્પના સાકાર કરવામાં સરદારશ્રીએ નોંધપાત્ર પ્રદાન કર્યું.

ગાંધીજીએ ઇચ્છા દર્શાવી કે મહાસભાના અધિવેશન ગામડાઓમાં ભરાવવા જોઈએ. સરદારે એની પહેલ કરી. ગુજરાતમાં કોંગ્રેસને આમંત્રી સુરત પાસે હરિપુરામાં વિઠ્ઠલનગર ઊભું કરી દીધું. ગાંધીજીની ગામડાઓમાં અધિવેશન યોજવાની યોજના અમલી બની શકે છે તે સાકાર કરી બતાવ્યું.

જાહેરજીવનમાં સેવાલક્ષી અભિગમને કારણે ગાંધીજી અને સરદારના સંબંધો ખૂબ આત્મીયતાભર્યા રહેતા. પત્રવ્યવહારમાં પણ એની પ્રતીતિ થાય છે. સરદાર પટેલ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યારે ગાંધીજીએ સરદારશ્રીને અમદાવાદ મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ તરીકે સંબોધન કરવાને બદલે ગાંધીજીએ જે સંબોધન કર્યું હતું તેમાં સરદારશ્રીની ગૌરવતા અને એમના કાર્યની મહત્તા દેખાય છે.

શ્રીયુત વલ્લભભાઈ પટેલ<br>
કચરા પેટીના પ્રમુખ સાહેબ,<br>
ખમાસા ગેટ,<br>
અમદાવાદ

સરદારશ્રીના અમદાવાદ મ્યુનિસિપાલિટીના કામનું મૂલ્યાંકન કરીએ તો તેઓએ એ પદને શોભાવ્યું હતું. અમદાવાદ જે એક વખતે ગંદુ શહેર ગણાતું હતું તે સાફ કરવા માટે મ્યુનિસિપલ કાઉન્સિલરો, અધિકારીઓ, વકીલો-ડૉક્ટરો-શિક્ષકો જેવા સુશિક્ષિત નાગરિકો સહિત સામાન્ય પ્રજાનો સાથ લઈને શહેરની રોનક બદલી નાખી હતી.

ઘણા પ્રસંગો એવા પણ બન્યા છે કે જેમાં સરદારે ગાંધીજીના આદેશ ઉલટાવ્યા છે. એમાં એક જાણીતો પ્રસંગ વિદ્યાપીઠની લાયબ્રેરી અંગેનો છે. સત્યાગ્રહ આશ્રમ જ્યારે વિખેરાયો અને ગૂજરાત વિદ્યાપીઠના મકાનોને જપ્ત કરવા અંગ્રેજ સરકાર વિચારી રહી હતી ત્યારે આશ્રમની અને ખાસ કરીને ગાંધીજીની લાયબ્રેરી હતી કે જેમાં આશરે સાત હજાર પુસ્તકો હતા. તે લાયબ્રેરીનાં પુસ્તકો ગાંધીજીએ અમદાવાદ મ્યુનિસિપાલિટીને સોંપ્યા હતા. સરદારને ગાંધીજીનો આ નિર્ણય ગમ્યો નહીં. ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ સરદારે આ પુસ્તકો કાનૂની રાહે પરત મેળવી વિદ્યાપીઠને સોંપ્યા. આ માટે અનુભવી વકીલો ભુલાભાઈ દેસાઈ અને કનૈયાલાલ મુનશીની મદદ લીધી હતી. ગાંધીજીએ પણ પાછળથી કબૂલ કર્યું કે સરદારનો નિર્ણય યોગ્ય હતો. આજે ગૂજરાત વિદ્યાપીઠની લાયબ્રેરી દેશભરમાં અગ્રિમ સ્થાન ધરાવે છે તેના પાયામાં સરદાર પટેલ હતા. આમ છતાં ગાંધીજી અને સરદારના પરસ્પરના સંબંધોમાં કે કાર્યનીતિમાં કોઈ ફરક પડ્યો નહોતો.

૧૯૩૬માં ગાંધીજી વર્ધામાં હતા. ગુજરાત હરિજન સેવક સંઘની આર્થિક મુશ્કેલી અંગે પરિક્ષિતભાઈ મજમુદારે એમને વાત કરી. ત્રીસ હજાર રૂપિયા ઉઘરાવી આપવાનું ગાંધીજીએ સ્વીકાર્યું. એ દરમિયાન તેઓની તબિયત નરમ થઈ અને દિવસે દિવસે વધુ ચિંતાજનક બની. એ દિવસોમાં ઠક્કરબાપા વર્ધામાં હતા. ગાંધીજીએ એમને અમદાવાદ સરદાર પાસે મોકલ્યા. સરદારે દોઢ દિવસમાં જ અમદાવાદના મિત્રો પાસેથી એ રકમ ઉઘરાવીને ઠક્કરબાપાને આપી પોતે ગાંધીજીની તબિયત જોવા વર્ધા ઊપડી ગયા. એ પછી ગુજરાતમાં હરિજન પ્રવૃત્તિના વિકાસ માટે ગાંધીજી અને સરદારે ગુજરાત પ્રાંતિક સમિતિ મારફત દર વર્ષે રૂપિયા બાવીસ હજાર નિયમિત મળે એવી જોગવાઈ કરી.

કાકાસાહેબ કાલેલકરે ગાંધીજી અને સરદારની વિશિષ્ટ ઓળખ આપી છે. ''ગાંધીજીના સિદ્ધાંતોની વ્યવહારુ આવૃત્તિ કાઢવામાં વલ્લભભાઈએ બતાવેલી કુશળતા જોઈ મારા જેવા અનેકને લાગે છે કે, ગાંધીજી જો વલ્લભભાઈ મારફતે બધું જ કામ લે તો પ્રજા જલદી સમજી જશે અને અનુસરશે.'' ગાંધીજી અને સરદારના સંબંધો ગુરુ-શિષ્ય જેવા પણ હતા, પરંતુ સરદારે પોતાનું નિરાળું વ્યક્તિત્વ જાળવીને ગાંધીજીના શિષ્ય તરીકે તેમના આદર્શોનું પાલન કરી ગુરુ

ગાંધીજીને અનુસરી પ્રાચીન સમયના ગુરુ-શિષ્યના સંબંધોને શોભાવ્યા હતા.

ગાંધીજી અને સરદારશ્રીનું મૂલ્યાંકન કરીએ તો ગાંધીજી એ ગાંધીજી હતા અને સરદાર એ સરદાર હતા. સરદારના શબ્દોમાં એનું અર્થઘટન કરીએ તો -

"મારા કેટલાક કામથી હું ગાંધીજીને દૂર રાખું છું. આપણે જો ગાંધીજી તરફ જ નેતૃત્વ માટે મીંટ માંડીને બેસી રહીશું અને એમના માર્ગદર્શનની રાહ જોતા રહીશું તો સ્વતંત્ર રીતે વિચાર કરવાની અને કામ કરવાની આપણી શક્તિઓ ગુમાવી દઈશું."

સરદાર આંખો મીંચીને અનુસરનારા અંધ અનુયાયી નહોતા પણ પોતાની સ્વયંપ્રકાશિત રોશનીમાંથી પ્રકાશ પ્રાપ્ત કરી જીવનપથને અજવાળનાર સ્વયં પ્રેરિત મહામાનવ હતા.

ગાંધીજી એક આદર્શવાદી લોકનેતા હતા. જ્યારે સરદાર એક વાસ્તવવાદી-આદર્શવાદી જનનેતા હતા. એક સત્તાથી પર રહીને શાસન પદ્ધતિ અંગે સલાહ આપતા. બીજા સરકારમાં સહભાગી બની શાસનની બાગડોર સંભાળનાર શાસક હતા. બંનેની કાર્યનીતિનું અવલોકન કરીએ તો ગાંધીજીના 'વિઝન'માં અને સરદારના 'એક્શન'માં તેઓની જીવનદૃષ્ટિ પ્રતિઘોષિત થતી દેખાય છે. ગાંધીજી એક સંત હતા. સરદાર પણ ગાંધી વિચાર-આચારમાં સંતની પરંપરાની મહાવિભૂતિ હતા. આમ છતાં કાશ્મીર જેવી કેટલીક બાબતોમાં સંતનો સ્વધર્મ શાસકના સ્વધર્મથી જુદો પડતો હતો. બીજી ઑક્ટોબર ગાંધીજીનો જન્મદિન અને ૩૧ ઑક્ટોબર સરદારનો જન્મદિન. એ રીતે ઑક્ટોબરની મહત્ત્વતાનું નિયતિનું નિર્માણ પણ સદા-સર્વદા સ્મરણાંકિત રહેશે.

**લેખક સરદાર પટેલ સ્મારક ભવન, અમદાવાદના પૂર્વ સંયુક્ત સચિવ છે.**

# મહામાનવને શત શત વંદન સાથે એમની વાણીને યાદ કરીએ



"મારે માટે ઈશ્વર અને સત્ય એક જ વસ્તુ છે, અને જે બધાં નામોથી ઈશ્વરને ઓળખીએ છીએ તે બધામાં તેને ઓળખાવવા માટે સત્ય નામ મને હંમેશા સૌથી યોગ્ય જણાયું છે. મારે મન નિઃસ્વાર્થ સેવા એ જ ચિંતન અને ધ્યાન છે."

"શ્રમ કરવો એનું જ નામ પ્રાર્થના. જો તમે કેવળ ઈશ્વરને ખાતર શ્રમ કરો તો એકેય કામ ધમાલિયું બનતું નથી. એટલું કરો એટલે આપણામાં જે કંઈ શ્રેષ્ઠ હોય તે ઈશ્વરને અર્પણ થાય છે. પછી થાકી ગયાની લાગણી જરાયે થતી નથી. જ્યારે સમસ્ત જીવન એક સમર્પણ બની જાય છે ત્યારે એ કાયમની પ્રાર્થના અને ચિંતન બની જાય છે. સાચું ચિંતન એ છે કે જે આપણી દરેક પ્રવૃત્તિ સાથે વણાઈ જાય."

**— 'ગાંધીજીનો અક્ષરદેહ, વોલ્યુમ ૫૪'માંથી**

"જ્યારે ભારત આત્મનિર્ભર, સ્વાવલંબી અને પ્રલોભનો શોષણથી પર બની જશે ત્યારે તે પૂર્વની કે પશ્ચિમની કોઈ સત્તાની લોલુપ દૃષ્ટિના આકર્ષણનો વિષય નહીં રહે અને ત્યારે તે ખર્ચાળ શસ્ત્રોનો બોજો ઉઠાવ્યા વગર સલામતિ અનુભવી શકશે, એની આંતરિક અર્થવ્યવસ્થા જ આક્રમણ સામે એનો મજબૂતમાં મજબૂત ગઢ બની રહેશે."

"ખાદીનું અર્થશાસ્ત્ર સામાન્ય અર્થશાસ્ત્ર કરતા તદ્દન જુદું છે. સામાન્ય અર્થશાસ્ત્રમાં માનવતત્ત્વનો વિચાર કરવામાં આવતો નથી. ખાદી અર્થશાસ્ત્રમાં બધો જ સંબંધ માનવતત્ત્વ સાથે છે. સામાન્ય અર્થશાસ્ત્ર ખુલ્લી રીતે સ્વાર્થી છે. જ્યારે ખાદીનું અર્થશાસ્ત્ર નિઃસ્વાર્થી છે. આમ હોવાથી હરીફાઈ અને કિંમતના ધોરણે ખાદીનો વિચાર કરવામાં આવતો નથી. હોટલ અને ઘરનાં રસોડાં વચ્ચે હરીફાઈ હોતી નથી. ગૃહિણીના મનમાં તેની મહેનતની કિંમતનો કે રસોડાંની જગ્યા વગેરેનો હિસાબ ગણવાનો વિચાર કદી આવતો જ નથી."

**— 'ગાંધીજીનો અક્ષરદેહ, વોલ્યુમ ૪૭, પાના નં. ૧૦૦ અને ૧૫૭'**

# ગ્રામીણ ભારતમાં હસ્તકલા ક્ષેત્રે કૌશલ્ય વિકાસ - એક આશા

**અમીષા શાહ**



*હસ્તકલાનો ગ્રામીણ કારીગર એટલે કૌશલ્ય ધરાવતો, હાથ દ્વારા કે સાદા સાધનો દ્વારા કામ કરતો માનવી, જે જીવન ઉપયોગી કે સુશોભનની વસ્તુઓનું નિર્માણ કરીને માનવજરૂરિયાતોને સંતોષે છે. હસ્તકલામાં હાથ અને હાથ બનાવટના સાદા સાધનોનો ઉપયોગ થવાથી દરેક સર્જનમાં વૈવિધ્ય અને અજોડપણું જોવા મળે છે. આવા કારીગરો આપણા સમાજનું અત્યંત મહત્ત્વનું અંગ છે. લોકોને કલા સૌંદર્યથી ભરપૂર વસ્તુઓ પૂરી પાડીને લોકજીવનને સુંદર, રસપ્રદ અને સમૃદ્ધ બનાવવામાં તેઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.*

'હસ્તકલા' એ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઓળખ છે. ભારતની અનેકવિધ હસ્તકલાઓ સાંસ્કૃતિક અને આર્થિક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હસ્તકલા ઉદ્યોગ ભારતીય અર્થતંત્રનું ખૂબ જ મહત્ત્વનું ક્ષેત્ર છે. ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ ભારતની કુલ વસ્તીના ૬૮.૮૪% લોકો ગામડાંમાં રહે છે. તેમાંના મોટા ભાગના લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતી સાથે સંકળાયેલા છે. ખેતીની સાથોસાથ ગામડાંઓમાં રહેતાં આ વર્ગ પાસે શહેરોની સરખામણીમાં રોજગારીની તકો મર્યાદિત હોય છે. આથી હસ્તકલા ઉદ્યોગ ખેડૂતોને ખેતી સિવાયની ઋતુમાં વૈકલ્પિક રોજગારી પૂરી પાડે છે; સ્ત્રીઓને પણ નવરાશના સમયમાં પોતાની કલાના ઉપયોગથી આર્થિક ઉપાર્જન કરવાની તક પૂરી પાડે છે અને ઘરડાં લોકોના જીવનને પણ આનંદદાયક અને સુખદ બનાવે છે.

હસ્તકલાનો ગ્રામીણ કારીગર એટલે કૌશલ્ય ધરાવતો, હાથ દ્વારા કે સાદા સાધનો દ્વારા કામ કરતો માનવી, જે જીવન ઉપયોગી કે સુશોભનની વસ્તુઓનું નિર્માણ કરીને માનવજરૂરિયાતોને સંતોષે છે. હસ્તકલામાં હાથ અને હાથ બનાવટના સાદા સાધનોનો ઉપયોગ થવાથી દરેક સર્જનમાં વૈવિધ્ય અને અજોડપણું જોવા મળે છે. આવા કારીગરો આપણા સમાજનું અત્યંત મહત્ત્વનું અંગ છે. લોકોને કલા સૌંદર્યથી ભરપૂર વસ્તુઓ પૂરી પાડીને લોકજીવનને સુંદર, રસપ્રદ અને સમૃદ્ધ બનાવવામાં તેઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ ઉપરાંત ભારતની હસ્તકલાઓએ અન્ય વિકસિત અને વિકાસશીલ દેશોના બજારમાં પોતાનું એક અલાયદું સ્થાન પ્રાપ્ત કરેલ છે. રાષ્ટ્રીય આવક, રોજગારી સર્જન અને નિકાસમાં હસ્તકલા ઉદ્યોગનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું છે અને દિવસે ને દિવસે વધતું જતું જોવા મળે છે. જોકે વિશ્વની હસ્તકલાની કુલ નિકાસમાં ભારતની ભૂમિકા આજે ૨% કરતાં પણ ઓછી છે. આથી, હસ્તકલા ક્ષેત્ર માટે આંતરરાષ્ટ્રીય બજારને સર કરવાની ઉજ્જવળ તક રહેલી છે.

**હસ્તકલા અને ગ્રામીણ કારીગર**

ભારતનો ગ્રામીણ કારીગર વારસાગત રીતે જ કૌશલ્યો, કોઠાસૂઝ, દેશી જ્ઞાન અને પારંપરિક ઉત્પાદન પદ્ધતિઓની આવડતથી તાલીમ પામેલો છે. પરંતુ તેને પોતાની કલાપ્રદર્શનનો યોગ્ય અવકાશ અને તક ન મળવાથી તેમજ પોતાની કલાનું યોગ્ય આર્થિક વળતર ન મળવાને લીધે તે હતાશ થાય છે. જો કે ઘણાં કારીગરો દૃઢતાપૂર્વક આ કલા વ્યવસાયને વળગી રહે છે. પરંતુ

**અગિયારમી પંચવર્ષીય યોજના દરમિયાન હસ્તકલા ક્ષેત્રની કામગીરી**

| વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|
| ઉત્પાદન (રૂ. કરોડમાં) | ૩૧,૯૪૦.૩૬ | ૧૯,૩૭૫.૮૮ | ૨૦,૨૨૧.૫૮ | ૨૪,૩૯૩.૧૪ | ૩૦,૨૫૭.૧૮ |
| રોજગારી (લાખ લોકો) | - | ૫૮.૫૦ | ૬૨.૬૦ | ૬૮.૮૬ | ૭૨.૩૦ |
| નિકાસ (રૂ. કરોડમાં) | ૧૭,૫૩૬.૭૮ | ૧૦,૮૯૧.૮૫ | ૧૧,૨૨૪.૨૭ | ૧૩,૫૨૬.૬૬ | ૧૬,૮૫૧.૨૭ |

Source: Twelfth Five Year Plan 2012-17, Planning Commission, Govt. of India, Economic Sectors,Volume 2

ઘણાં કારીગરો ખૂબ જ સૂઝ અને કૌશલ્ય ધરાવતાં હોવાં છતાં અશિક્ષિત, ગરીબ અને સામાજિક રીતે પછાત હોવાથી પોતાના જ્ઞાન અને કલાનો યોગ્ય ઉપયોગ કરી શકતાં નથી. ભારતમાં હસ્તકલા માટે વિશાળ બજાર ઉપલબ્ધ હોવા છતાં ખૂબ જ ઓછા લોકો તેનો પૂરતો લાભ ઉઠાવી રહ્યા છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો ઉત્તરોત્તર વધુ ને વધુ લોકો આ વંશપરંપરાગત હસ્તકલાને છોડીને અન્ય વૈકલ્પિક વ્યવસાયમાં જોડાતાં જશે અને આખરે તેઓના આ કૌશલ્ય અને જ્ઞાનનો અંત આવશે.

ગરીબીમાં સપડાયેલો કુશળ કારીગર કંગાળ હાલતમાં જીવે છે; જ્યારે તેણે બનાવેલી હસ્તકલાની વસ્તુઓ આંતરરાષ્ટ્રીય બજારોમાં મોંઘા ભાવે વેચાય છે આ એક વિચિત્ર વાસ્તવિકતા નકારી શકાય તેમ નથી. માર્કેટિંગના વિવિધ માધ્યમો અને આધુનિક ઉપકરણોના યુગમાં આજે ભારતની આ હસ્તકલા વૈશ્વિક સ્તરે પ્રખ્યાત તો બની છે, પરંતુ આ હસ્તકલાને જીવંત રાખનાર ગ્રામીણ કારીગર કઈ પરિસ્થિતિમાં છે? એ જોવાની નવરાશ અને દૃષ્ટિ કેળવવાની જરૂર છે. આટઆટલી કુશળતાના ભંડાર સમા મોટાભાગના ગ્રામીણ કારીગરો (કલાકારો) સામાજિક-સાંસ્કૃતિક રીતે પછાત, અસંગઠિત, ગરીબ, આગવી ઓળખ વગરના, અદ્યતન ટેકનોલોજી અને બજારના વલણથી અજાણ્યા છે. પરિણામે તેઓ શોષણનો ભોગ બને છે. તેમની આવડત, સૂઝ, અને કૌશલ્યનું પૂરતું વળતર તેઓને મળતું નથી. આથી તેઓ જીવનભર મજૂરી કરતાં રહે છે અને તેમનું બજાર માર્યાદિત હોવાથી મધ્યસ્થીઓ તેઓનો લાભ ઉઠાવે છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ આ પરિસ્થિતિમાંથી કારીગરોને ઉગારવા, તેઓને પ્રોત્સાહિત કરવા, તેઓના હિતોનું રક્ષણ કરવા અને હસ્તકલાનો વિકાસ કરવા માટે પ્રયત્નશીલ છે. કારીગરોના ઉત્કર્ષ માટે અનેક પ્રયત્નો થતાં આવ્યા છે અને આજે પણ થઈ રહ્યા છે.

**હસ્તકલાના વિકાસ માટેની યોજનાઓ**

The Office of Development Commissioner Handicrafts (D.C.H.) કેન્દ્ર સરકારની નીતિઓ અને યોજનાઓના અમલીકરણ માટેની નોડલ એજન્સી છે, જે સરકારને નીતિના ઘડતર અને અમલીકરણમાં મદદરૂપ થાય છે. ઓછી જાણીતી અને લુપ્ત થઈ રહેલ હસ્તકલાને શોધવી, કારીગરોના પ્રશ્નો અને સમસ્યાઓ શોધવી અને તેઓને બજાર વિશેની સમજણ આપી માર્કેટિંગની સહાય પૂરી પાડવી, વગેરે તેનાં મુખ્ય કાર્યો છે. હસ્તકલાના વિકાસ માટે કેટલીક મહત્ત્વપૂર્ણ યોજનાઓ નીચે પ્રમાણે છે.

**૧. બાબાસાહેબ આંબેડકર હસ્તશિલ્પ વિકાસ યોજના**

આ યોજના ૨૦૦૧-૦૨માં અમલમાં મૂકવામાં આવી, જે હસ્તકલાના કારીગરોના કલસ્ટરને વિવિધ પ્રકારની સહાયતા પૂરી પાડે છે. કારીગરોના સશક્તિકરણ અને સંપોષિત વિકાસ માટે આ યોજનામાં મુખ્ય ચાર પાસાંઓને આવરી લેવામાં આવ્યા છે :

– સામાજિક સહાય
– ટેકનોલોજીકલ સહાય
– માર્કેટિંગ માટેની સહાય
– નાણાકીય સહાય

**૨. ડિઝાઈન અને ટેકનોલોજી અપગ્રેડેશન સ્કીમ**

આંતરરાષ્ટ્રીય બજાર માટે અવનવી ડિઝાઈનની વસ્તુઓ બનાવવા માટે કારીગરોના કૌશલ્યનો વિકાસ કરવો, લુપ્ત થતી કલાઓને પુનર્જીવિત કરવી અને રાષ્ટ્રના વારસાની જાળવણી કરવાના ઉદ્દેશથી આ યોજના અસ્તિત્વમાં આવી છે; જેનાં મુખ્ય તત્વો નીચે મુજબ છે :

– કલા જાગૃતિ કાર્યક્રમ
– વિવિધ સાધનો, સલામતિ સાધનો, વગેરે માટે નાણાકીય સહાય
– ડિઝાઈન અને ટેકનોલોજી વિકાસ માટેની કાર્યશાળાઓ
– ઈન્ટીગ્રેટેડ ડિઝાઈન એન્ડ ટેકનોલોજી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ
– શિલ્પ ગુરુ એવોર્ડ, રાષ્ટ્રીય પુરસ્કાર અને હસ્તકલા ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન બદલ રાષ્ટ્રીય યોગ્યતા પ્રમાણપત્ર
– નિકાસકારો અને ઉદ્યોગસાહસિકોને સહાય
– ડિઝાઈન, વલણ અને બજારમાંગ માટેનું માહિતીતંત્ર

**૩. માર્કેટિંગ સપોર્ટ એન્ડ સર્વિસ સ્કિમ**

સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં કારીગરોને હસ્તકલાની વસ્તુઓના વેચાણ અને માર્કેટિંગ માટેની

સહાય પૂરી પાડવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે, જેમાં મુખ્ય ત્રણ તત્ત્વો પર ભાર મુકવામાં આવ્યો છે :

- રાષ્ટ્રીય સ્તરે માર્કેટિંગ - જેમાં ક્રાફ્ટ બજાર, ગાંધી શિલ્પબજાર, પ્રદર્શનો, રાષ્ટ્રીય હસ્તકલા મેળો, ગ્રાહક વેપારીનાં મેળાવડા, કાર્યશાળા/ સેમિનાર અને બજારને લગતા અભ્યાસોનો સમાવેશ થાય છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માર્કેટિંગ - જેમાં કલ્ચરલ એક્ષચેન્જ પ્રોગ્રામ, મેળા અને પ્રદર્શનો, ગ્રાહક વેપારીના મેળાવડા તેમજ ઉદ્યોગસાહસિકો, સ્વસહાય જૂથો, પુરસ્કૃત વિશિષ્ટ લોકોના સંમેલનો જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.
- પ્રચાર - જેમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા પ્રચાર, નકશા, ફોલ્ડર્સ, બ્રોશરો, કેટલોગ અને પત્રિકાઓ, વેબસાઈટ, CD-ROM વગેરે દ્વારા ભારતીય હસ્તકલા માટે બ્રાન્ડ ઈમેજ ઊભી કરવા માટેના પ્રયાસોનો સમાવેશ થાય છે.

**૪. માનવ સંસાધન વિકાસ યોજના**

હસ્તકલા ક્ષેત્રને યોગ્ય લાયકાત ધરાવતા અને તાલીમબદ્ધ કારીગરો પૂરા પાડવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. આ કારીગરો આધુનિક બજારની જરૂરિયાત અને માંગ અનુસાર ગુણવત્તાસભર વસ્તુઓ બનાવવા સક્ષમ બને અને તેઓને સ્વવિકાસની તક મળે તેવા આશયથી આ યોજના અંતર્ગત નીચે મુજબ વિવિધ તાલીમોનું આયોજન થાય છે :

- વિવિધ જાણીતી સંસ્થાઓ દ્વારા તાલીમ
- હસ્તકલા તાલીમ કાર્યક્રમ
- ગુરુ-શિષ્ય પરંપરા મારફત તાલીમ
- ડિઝાઈન માર્ગદર્શન અને એપ્રેન્ટિસ કાર્યક્રમ

**૫. હસ્તકલા કારીગરો માટેની વ્યાપક કલ્યાણ યોજના**

આ યોજનામાં હસ્તકલાના કારીગરો અને તેમના પરિવાર માટેની વીમા અને આરોગ્યની સુવિધાઓનો સમાવેશ થાય છે જેમ કે રાજીવ ગાંધી શિલ્પી સ્વાસ્થ્ય વીમા યોજના, આમ આદમી વીમા યોજના, ગરીબ અને ઘરડા કારીગરોને પેન્શન અને સામાજિક સુરક્ષા, ક્રેડિટ ગેરંટી યોજના, કારીગરોને ઓળખપત્ર અને ડેટા બેઝ, વગેરે.

**૬. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યોજના**

હસ્તકલા વિશેના સર્વેક્ષણ અને સંશોધન અભ્યાસ માટે તેમજ હસ્તકલાને લગતી વિવિધ સમસ્યાઓ અને મુદ્દાઓનું ઊંડાણપૂર્વક સંશોધન થાય, જેનું વિશ્લેષણ અને તારણો મારફતે નીતિ ઘડતર માટે તેમજ વિવિધ યોજનાઓના મૂલ્યાંકન માટેની મહત્ત્વની માહિતી ઉપલબ્ધ થઈ શકે, તે માટે આ યોજના અમલમાં આવી છે. જેના અંતર્ગત હસ્તકલા ક્ષેત્રે અનેક પ્રકારના સંશોધનો, સેમિનાર તથા કાર્યશાળાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**૭. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ટેકનોલોજી ડેવલપમેન્ટ**

દેશમાં હસ્તકલાના વિકાસ માટે વિશ્વસ્તરની માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટેના પ્રયાસો આ યોજના અંતર્ગત કરવામાં આવે છે, જેમાં હાટ, એમ્પોરિયા, ડિઝાઈન બેંકો, રોમટીરિયલ બેંકો, સુવિધા કેન્દ્રો, પ્રયોગશાળાઓ, વેરહાઉસિંગ સુવિધા, મ્યુઝિયમ, વગેરેનો સમાવેશ થાય છે.

**૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭) માટે રચાયેલી Steering Committee On Handlooms and Handicraftsના અહેવાલમાં કમિટીએ નીચેની કેટલીક ભલામણો કરી છે :**

- ભારતીય હસ્તકલાની વસ્તુઓ માટે ‘હેન્ડ મેડ ઇન ઇન્ડિયા’ બ્રાન્ડને વધુ ને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ તેમજ ઉત્પાદકોને બજારની સ્પર્ધામાં ટકી રહેવા માટે ક્ષમતાવર્ધન સેવાઓ અને કલ્યાણ યોજનાઓ દ્વારા સહાય પૂરી પાડવી જોઈએ.
- સમગ્ર નીતિઘડતરમાં કલસ્ટરોના ક્ષમતાવર્ધન, મૂલ્યાંકન અને

**૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન હસ્તકલા ક્ષેત્રને નાણાકીય ફાળવણી**

| ક્રમ | યોજના | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧. | બાબાસાહેબ આંબેડકર હસ્તશિલ્પ વિકાસ યોજના | ૪૨૫.૦૦ |
| ૨. | ડિઝાઈન અને ટેકનોલોજી અપગ્રેડેશન સ્કીમ | ૧૪૬.૮૧ |
| ૩. | માર્કેટિંગ સપોર્ટ એન્ડ સર્વિસ સ્કીમ | ૫૩૭.૪૦ |
| ૪. | માનવ સંસાધન વિકાસ યોજના | ૨૦૧.૨૫ |
| ૫. | હસ્તકલા કારીગરો માટેની વ્યાપક કલ્યાણ યોજના | ૭૨૧.૨૫ |
| ૬. | રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યોજના | ૯૦.૦૦ |
| ૭. | ઉત્તરપૂર્વીય ક્ષેત્રો માટે સ્પેશ્યલ પેકેજ | ૧૨૦.૦૦ |
| ૮. | ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ટેકનોલોજી ડેવલપમેન્ટ | ૭૧૫.૦૦ |
| | **કુલ :** | **૨૯૫૬.૭૧** |

Source: Report of the Steering Committee On Handlooms and Handicrafts Constituted for the Twelfth Five Year Plan (2012 – 2017), Planning Commission, Government of India

અમલીકરણની અસરકારકતા પર ધ્યાન આપવું જોઈએ.

– વણકરો, કારીગરો અને સહાયક કામદારોના બહેતર જીવનધોરણ માટેની સામાજિક કલ્યાણની યોજનાઓ સુદૃઢ અને અસરકારક બનાવવી જોઈએ.
– મહિલા કામદારોની પણ આગવી ઓળખ ઊભી થવી જોઈએ અને પોતાની વ્યક્તિગત ક્ષમતા મુજબ તેઓનો પણ વિવિધ યોજનાઓ/કાર્યક્રમોમાં સમાવેશ થવો જોઈએ.
– નાણાકીય સહાય અને નાણાકીય સાક્ષરતા વિષયક કાર્યક્રમોને વેગ આપવો જોઈએ.
– ભારતમાં હાથવણાટ અને હસ્તકલા ક્ષેત્રોમાં ટકાઉ વિકાસ માટે ઉદ્યોગસાહસિકતા, ખાનગી ક્ષેત્ર અને ધંધાકીય વિકાસ પર સ્પષ્ટપણે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
– સારું કાર્ય કરતી હાથવણાટની સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપી અને નિષ્ક્રિય મંડળીઓનું કલસ્ટર વિકાસ યોજના અંતર્ગત વિલિનીકરણ કરીને સુધારા કરવા જોઈએ જેથી સ્થાનિક સમુદાયને અસ્કયામતો અને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ બને.
– મુખ્ય પ્રવાહની શિક્ષણ પધ્ધતિમાં કલા અને હસ્તકલાને યોગ્ય સ્થાન આપવું જોઈએ.

**ભારતમાં હસ્તકલા ક્ષેત્રનું SWOC વિશ્લેષણ**

**૧. શક્તિઓ :**

– સ્થાનિક ક્ષેત્રોમાંથી કુદરતી રેસા, વાંસ, શંખ, છીપલાં, ધાતુઓ, પથ્થર, શેરડી, શીંગડા, શણ, ચામડું, વગેરે કાચામાલની પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધતા
– અજોડ, બેનમૂન અને વૈવિધ્યસભર હસ્તકલાનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો
– વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા યુવા કારીગરોની વિશાળ શ્રેણી
– દેશી જ્ઞાન અને કોઠાસૂઝમાંથી ઉદ્‌ભવેલી પરંપરાગત ઉત્પાદન પદ્ધતિઓ
– ઓછું રોકાણ અને નીચો ઉત્પાદન ખર્ચ

**૨. નબળાઈઓ :**

– ડિઝાઈન, નવિનીકરણ અને અદ્યતન ટેકનોલોજી વિશેની સભાનતાનો અભાવ
– અત્યંત છૂટાંછવાયા એકમો વચ્ચે સંવાદિતાનો અભાવ
– અપ્રમાણિત અને વૈયક્તિક ઉત્પાદન પદ્ધતિઓ
– સંગઠન અને સંકલન કરનાર સંસ્થાકીય માળખાનો અભાવ
– મર્યાદિત મૂડી અને નીચા રોકાણની મર્યાદાઓ
– નાણાકીય સગવડો અને ધિરાણ વિષયક માહિતીનો અભાવ
– બજારભાવ, નિકાસની તકો, માંગ અને બજારના વલણ વિશેની અપૂરતી જાણકારી
– ઉત્પાદન, વિતરણ અને માર્કેટિંગના મર્યાદિત સ્ત્રોતો
– ઉત્પાદકોમાં ઈ-કોમર્સ વિશેના જ્ઞાનનો અભાવ

**૩. તકો :**

– નવી ડિઝાઈનો, નવિનીકરણ અને ગુણવત્તાસભર ઉત્પાદન દ્વારા પ્રસ્થાપિત બજાર ઉપરાંત નવીન બજારમાં પ્રવેશની અસંખ્ય તકો
– સ્થાનિક બજારમાં તેમજ વિદેશના લોકોમાં ભારતની હસ્તકલા માટે વધતી જતી માંગ
– હસ્તકલાના વિકાસ માટેની સરકારી/બિનસરકારી નીતિઓ અને યોજનાઓ તથા તેના સફળ અમલીકરણ માટેના પ્રયાસો
– આધુનિક ઉપકરણો અને ઈન્ટરનેટના માધ્યમની વધતી જતી સગવડો
– ભારતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસની સાથોસાથ હસ્તકલાની વધતી જતી માંગ અને બજાર

**૪. પડકારો :**

– અન્ય એશિયાઈ દેશોની વસ્તુઓ સામે વધતી જતી સ્પર્ધાઓ
– ગુણવત્તાસભર કાચામાલનો ઘટતો જતો પુરવઠો
– અન્ય દેશોની સરખામણીમાં વસ્તુની ગુણવત્તા અને પેકેજિંગ વિશેની ઓછી સભાનતા
– ગુણવત્તા ચકાસણીની પ્રમાણભૂત પ્રક્રિયાનો અભાવ
– આ ક્ષેત્રમાં ઘટતું જતું મૂડીરોકાણ અપર્યાપ્ત માળખાગત સુવિધાઓ
– ઔપચારિક સંસ્થાકીય સંકલનનો અભાવ

૧૫મી જુલાઈ, ૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'Skill India Initiative' દ્વારા આ દિશામાં વધુ એક પ્રયાસ કરીને આશા જગાડી છે, જેમાં ચાર યોજનાઓનો સમાવેશ કરાયો છે :

૧. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન
૨. નેશનલ પોલિસી ફોર સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિનયોરશીપ ૨૦૧૫
૩. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અને
૪. સ્કિલ લોન સ્કીમ

આશા છે કે આ દિશાનો વધુ એક પ્રયાસ માત્ર મનોહર આયોજનના સીમાડા ઓળંગીને ભારતના યુવાધનમાં નવચેતના રેડશે અને જીવન સાફલ્યની નવી કેડીઓ કંડારશે.

**લેખિકા ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગરમાં મદદનીશ પ્રાધ્યાપક છે.**

# કલેકટેડ વર્કસ ઑફ મહાત્મા ગાંધી હવે ઈ-વર્ઝનમાં ઉપલબ્ધ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના લખાણોનો ૧૦૦ પુસ્તકોનો સંગ્રહ - કલેકટેડ વર્કસ ઑફ મહાત્મા ગાંધી (CWMG) હવે ઈ-વર્ઝનમાં ઉપલબ્ધ બનાવાયો છે. ૧૦૦ વોલ્યુમમાં ૫૫ હજારથી વધુ પાનાઓનો આ સંગ્રહ વિશ્વભરના લોકોને ઇન્ટરનેટના માધ્યમથી સરળતાથી ઉપલબ્ધ બન્યો છે. તાજેતરમાં દિલ્હી ખાતે આ ઈ-વર્ઝન માહિતી અને પ્રસારણ તેમજ નાણાં અને કંપની બાબતોના કેન્દ્રીય મંત્રી શ્રી અરુણ જેટલીના હસ્તે લોન્ચ કરાયું હતું. દિલ્હીના ગાંધી શાંતિ ફાઉન્ડેશન ખાતે યોજાયેલ એક ખાસ સમારોહમાં માહિતી-પ્રસારણ રાજયમંત્રી કર્નલ (નિવૃત્ત) શ્રી રાજયવર્ધન રાઠોર પણ ઉપસ્થિત હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ ગાંધી હેરીટેજ પોર્ટલ પર ઈ-વર્ઝન અપ્લીન્ક પણ કરેલ હતું. આ પોર્ટલનું સંચાલન સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન એન્ડ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

આ પ્રસંગે બોલતાં કેન્દ્રીય મંત્રી શ્રી જેટલીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીના લખાણોના ડીજીટલ વર્ઝનને કારણે આ અમૂલ્ય રાષ્ટ્રીય વારસાનું જતન થશે તેમજ સમગ્ર માનવજાત માટે તેનો પ્રચાર થશે. ઈ-CWMG પ્રોજેક્ટના મહત્ત્વ પર ભાર મૂકતાં તેઓએ ઉમેર્યું કે આ પ્રોજેક્ટ, મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત અને સંવર્ધિત વિવિધ સંસ્થાઓને સાંકળે છે. તેઓએ



CWMG-નાં ઈ-વર્ઝનનું વિમોચન કરતાં કેન્દ્રીય માહિતી-પ્રસારણ મંત્રી શ્રી અરુણ જેટલી, માહિતી-પ્રસારણ રાજયમંત્રી કર્નલ (નિવૃત્ત) શ્રી રાજય વર્ધન રાઠોર તેમજ જાણીતાં ગાંધીવાદી દીનાબેન પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા

જાહેરાત કરી હતી કે આ સંગ્રહનું હિન્દી વર્ઝન 'સંપૂર્ણ ગાંધી વાઙ્મય' ટૂંકમાં જ ડિજીટાઇઝ કરવામાં આવશે.

સપ્ટેમ્બર ૨૦૧૧માં માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના પ્રકાશન વિભાગે અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ સાથે ઈ-વર્ઝન માટેના સમજૂતિ કરાર કરેલા હતા. જાણીતા ગાંધીવાદી વ્યક્તિ વિશેષો-ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ વાઈસ ચાન્સલર પ્રો. સુદર્શન આયંગર, જાણીતા ગાંધીવાદી અને સ્કોલર સુ.શ્રી દીનાબેન પટેલ તેમજ સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન એન્ડ મેમોરિયલ ટ્રસ્ટના ડાયરેક્ટર શ્રી ત્રિદીપ સુહરુદની બનેલી એક સમિતિની દેખરેખ હેઠળ આ ભગીરથ કાર્ય પાર પાડવામાં આવ્યું છે.

અને દરેક પાસાંમાં ગાંધીજીનાં લખાણોની વિશ્વસનિયતા જળવાય તેનો સંનિષ્ઠ પ્રયાસ કરાયો છે.

૧૯૫૬-૯૪ દરમ્યાન પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરાયેલ આ કલેકટેડ વર્કસ ઑફ મહાત્મા ગાંધી - એ રોજબરોજ, વર્ષોવર્ષ ગાંધીજી દ્વારા લખાયેલ અને બોલાયેલા શબ્દોનો અમૂલ્ય દસ્તાવેજ છે, જેમાં ૧૮૮૪ થી ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ગાંધીજીનું અવસાન થયું તે સમયગાળાનાં લખાણો-વાણીનો સંગ્રહ છે. આ શ્રેણીબદ્ધ દસ્તાવેજમાં વિશ્વભરના ખૂણેખૂણે રહેલ ગાંધીજીનાં લખાણોને એકત્ર કરીને શિસ્તબદ્ધ રીતે શૈક્ષણિક સ્વરૂપમાં તેને મૂર્તિમંત કરવામાં આવેલ છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ ઑક્ટોબર, ૨૦૧૫

**YOJANA (GUJARATI), October 2015** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

**નીચેના પુસ્તકો ૫૦ ટકાના વળતરે વેચાણ માટે યોજનાના કાર્યાલયમાંથી મળી શકશે.**

| | | | |
|---|---|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ | સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ | ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ | લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ | સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ | ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ | ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫-૦૦ | નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| દાર્શનિકો અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ | મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ | કુલ રૂ. | ૨૫૯૮-૦૦ |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, A.D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Sahitya Mudrnalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022. Phone : (079) 25469101

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**